




# અબ્રાહમ લિંકન

## જીવનના પ્રેરક પ્રસંગો

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# પ્રકાશકીય

આ જગતમાં ઘણા માનવીઓ જન્મે છે, મોટા થાય છે, સંસાર માંડે છે, નોકરી-ધંધો કરે છે અને આયુષ્ય પૂરું થતાં જીવન-લીલા સંકેલી લે છે. કાળના વહેવા સાથે તેમનું અસ્તિત્વ ભૂંસાઈ જાય છે. તેમની નોંધ પણ કોઈ લેતું નથી. પણ આ જગતમાં એવા પણ માનવી હોય છે, જેમનાં કાર્યોની સુવાસથી દીર્ઘકાળ સુધી તેઓ યાદ રહે છે.

આવા એક માનવી હતા અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન. ગુલામોના મુક્તિદાતા તરીકે તેમનું નામ ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયું છે. પ્રાણીમાત્ર પ્રત્યે તેઓ દયાળુ હતા. કોઈનું દુઃખ જોઈ શકતા નહોતા.

ગરીબીમાં જન્મી અનેક સંઘર્ષો વેઠી તેઓ અમેરિકાના પ્રમુખ થયા એ નાનીસૂની વાત નથી. તેમના જીવનના પ્રેરક પ્રસંગો રજૂ કરતું શ્રી મનુભાઈ ભટ્ટનું આ પુસ્તક પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તક અમારા વાચકોને સુલભ કરી આપવા બદલ શ્રી મનુભાઈ ભટ્ટના અમે આભારી છીએ.

અમારા તરફથી શરૂ કરેલ જીવનલક્ષી શ્રેણીને મળેલા ઉષ્માભર્યા આવકારથી પ્રેરાઈને આ પુસ્તક પ્રગટ કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તકના પ્રકાશન આયોજન પાછળ લીધેલ શ્રમ બદલ અમારા સ્નેહીમિત્ર તથા 'નવચેતન'ના તંત્રી શ્રી મુકુન્દ શાહનો આભાર માનીએ છીએ.

આ પુસ્તક સંબંધી વાચક મિત્રોનાં રચનાત્મક સૂચનો આવકારીશું.

મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ

૩–૪ વિઠ્ઠલભાઈ ભવન,
સરદાર પટેલ કોલોની
રેલ્વે ક્રોસીંગ પાસે,
અમદાવાદ–૩૮૦૦૧૩.

તા. ૧૩–૨–૧૯૯૬

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશનની જીવનઘડતર
પ્રકાશન શ્રેણીની ૨૨મી ભેટ

# અબ્રાહમ લિંકન

## જીવનના પ્રેરક પ્રસંગો

● મનુભાઈ ભટ્ટ

સ્નેહી શ્રી ..........................................................

ગુલામોના મુક્તિદાતા અબ્રાહમ લિંકનના જીવનના પ્રેરક પ્રસંગો રજૂ કરતું આ પુસ્તક આપનું સાથી બની રહે તેવી અંતરની શુભ કામનાઓ સહ ......

સપ્રેમ
મંગળભાઈ પી. પટેલ
મુકેશ એમ. પટેલ

**શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન', સરદાર પટેલ કોલોની
રેલ્વે ક્રૉસિંગ પાસે, અમદાવાદ ૩૮૦ ૦૧૩.
ફોન નં. ૪૪૮૫૬૪-૭૪૫૪૩૧૦

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશન શ્રેણીનું બાવીસમું પુસ્તક

# અબ્રાહમ લિંકન

જીવનના પ્રેરક પ્રસંગો

* લેખક : મનુભાઈ ભટ્ટ

© મનુભાઈ ભટ્ટ

* પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૯૬

* પ્રકાશક : શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન વતી મૂકેશ એમ.પટેલ
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કોલોની રેલ્વે ક્રૉસિંગ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદ્ ઉપયોગ
* પ્રકાશન આયોજન : મુકુન્દ શાહ, ફોન નં. ૪૧૦૯૫૯
* આવરણ : જય પંચોલી, ફોન નં. ૬૬૧૪૬૭૮
* આવરણ મુદ્રણ : દીપક પ્રિન્ટરી, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
ફોન નં. ૨૧૪૩૬૩૫
* લેસર કંપોઝ : મિનળ ગ્રાફિક્સ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં. ૭૪૧ ૨૩૯૫
* મુદ્રક : ઉદય ઑફસેટ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
ફોન નં. ૫૬૨૧૯૬૭

# નમ્ર નિવેદન

પશુ કરતાં પણ બદતર જીવન જીવતા અમેરિકાના હબસી ગુલામોને ગુલામી પ્રથાથી મુક્ત કરવા એક મહામાનવે જીવનભર ઝઝૂમીને ભગીરથ પુરુષાર્થ કર્યો. એવા એ ફિરસ્તાએ એવું જીવન જીવી જાણ્યું કે લોકો તેમને મહાન સંતના રૂપમાં જાણવા લાગ્યા.

માનવજાતની મહાન સેવા કરનારા 'એબ્રહામ લિંકન'નું જીવન પ્રેરણાસ્રોત બની ગયું છે.

''એબ્રહામ લિંકન'' એ વિશ્વવિખ્યાત પુરુષ છે. જંગલમાં એક ઝૂંપડીમાં રહેતા ગરીબ ઘરમાં જન્મ લઈ આપબળે આગળ આવી 'ગુલામોના મુક્તિદાતા' તરીકેની ખ્યાતિ પામ્યા. એમના જીવનમાંથી વ્યક્ત થતી ભાવનાઓ આજના યુગમાં માનવજાત માટે મહત્ત્વની બની રહેશે. અને સમાજરચનામાં દીવાદાંડી રૂપ બની જશે.

આવાં પુસ્તકોંની સમાજને તાતી જરૂરત છે. અને આવાં પ્રેરક પુસ્તકો પ્રસિદ્ધ કરી સમાજને સાચી દિશા બતાવવામાં શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશનનો મોટો ફાળો રહ્યો છે. ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી મંગળભાઈ પટેલ પણ હીરાપારખુ છે. એટલે એવું સાહિત્ય શોધી કાઢે છે કે જે સમાજ માટે ઉપયોગી નીવડે.

ફાઉન્ડેશને પ્રેરક અને જીવનને સાચી દિશા ચીંધે તેવાં ઘણાં પુસ્તકો સમાજને અર્પણ કર્યાં છે. ઘણા સમય પહેલાં મારું એક પુસ્તક 'બોધકથાઓ' ફાઉન્ડેશને પ્રસિદ્ધ કર્યું હતું.

વરસો પહેલાં ઍબ્રહામ લિંકનની પ્રસંગાત્મક જીવનકથા વાંચી હતી. જ્યારે ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી મંગળભાઈ પટેલે 'ઍબ્રહામ લિંકન' વિષેનું પુસ્તક લખવાની ઇચ્છા દર્શાવી ત્યારે મને આનંદ સાથે આશ્ચર્ય પણ થયું કે પટેલ સાહેબ કેવાં સુંદર પુસ્તકોની પસંદગી કરે છે. પુસ્તક લખવાની મેં તરત જ હા પાડી દીધી, અને તેના ફળસ્વરૂપે આ પુસ્તક જનતા-જનાર્દનના હાથમાં મૂકતાં આનંદ અનુભવું છું.

અત્રે યાદ આપવું જરૂરી સમજું છું કે, અત્યાર સુધીમાં મારાં ૩૫ પુસ્તકો પ્રસિદ્ધ થઈ ગયાં છે. ઘણાં પુસ્તકોનાં પુનર્મુદ્રણ પણ થયાં છે. ઍવૉર્ડ પણ મળ્યા છે. પરંતુ શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત થતાં પુસ્તકોમાં જ્યારે મારું પુસ્તક મુકાય છે ત્યારે મારા આનંદનો પાર રહેતો નથી. હું ગર્વ અનુભવું છું.

માનવજીવનને ઉપયોગી બને તેવું આ પુસ્તક લખવાની મને શ્રી મંગળભાઈ પટેલે જે તક આપી છે એ માટે હું એમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું કે શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન દ્વારા આવાં પ્રેરણાત્મક પુસ્તકો ખૂબ પ્રસિદ્ધ થતાં રહે અને તે માટે શ્રી મંગળભાઈ પટેલને પ્રભુ સ્વાસ્થ્ય અને લાંબું આયુષ્ય બક્ષે.

**- મનુભાઈ ભટ્ટ**
**(પત્રકાર)**

૩૫/ડી, અનિલ પાર્ક, વિભાગ-૩,
વી.આઈ.પી. રોડ,
કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
ફોન : ૪૩ ૨૩ ૪૮

## LINCOLN'S ROAD TO THE WHITE HOUSE

Failed in business in 1831

Defeated for legislature in 1832

Second failure in business in 1833

Suffered nervous break down in 1836

Defeated for Speaker in 1838

Defeated for Elector in 1840

Defeated for Congress in 1843

Defeated for congress in 1848

Defeated for Senate in 1855

Defeated for Vice President in 1856

Defeated for Senate in 1858

Elected President in 1860

Moral :

Success is to be measured not so much by the position that one has reached in life as by the obstacles which he has overcome while trying to succeed.

• • •

# GOD, GIVE US MEN !

God, give us men ! A time like this demands
strong minds, great hearts, true faith and ready hands;
Men whom the lust of office does not kill;
Men whom the spoils of office cannot buy;
Men who possess opinions and a will;
Men who have honour; men who will not lie;
Men who can stand before a demagogue
And damn his treacherous flatteries without winking !
Tall men, sun-crowned, who live above the fog
In public duty and in private thinking;
For while the rabble, with their thumb-worn creeds.
Their large professions and their little deeds,
Mingle in selfish strife, lo ! Freedom weeps,
Wrong rules the land and waiting Justice sleeps.

**-Josiah Gilbert Holland**
(July 24, 1819-October 12, 1881)

# ઓ સ્રષ્ટા, દેવાધિદેવ !

(મિશ્ર કટાવ)

ઓ સ્રષ્ટા, દેવાધિદેવ ! અમને શ્રેષ્ઠ મનુષ્યો દે !
આવે ટાણે ખપ પડ્યો છે જેનાં હોયે
સાબૂત હૈયાં, દરિયાવ દિલ, નિષ્ઠા સાચી,
સેવાર્થે સળવળતા હાથ-
એવાં મનખ તું દેને નાથ !
જેને ન ભરખે સત્તાની સાપણ,
ભ્રષ્ટાચારની ભભકે જેનાં લોહીમાંસ કદી ના ખરીદાય;
ભવ્ય મનુષ્યો-
જેને છે પોતાની દૃષ્ટિ, જેને છે પોતાનું ધ્યેય;
જેને છે પોતાનું ગૌરવ, જે નહિ બોલે જૂઠ લગાર;
જે છાતી કાઢી, ખડા રહે, છો સામે ઊભો સત્તાલોભી, ભાષણખોર;
અનિમિષ આંખે, વીંધી નાખે, પ્રપંચઘેરી ખુશામત એની.
ઊર્ધ્વમાનુષો-
સૂર્ય કિરીટી, જનસેવાર્થી, ચિંતનલક્ષી
પ્રદૂષિત ધુમ્મસથી અતિ ઊંચે રહે નિરાળા;
કારણ, જ્યારે
બખડજંતરિયા લબાડ કેરાં, જરી પુરાણા વિચારવાળાં,
વચનોનાં બણગાં ફૂંકનારાં, કામસેવાનાં ઉધાર ખાતાં
રાખીને, ટોળાં એવાનાં સ્વાર્થ તણો સંઘર્ષ મચવતાં.
ત્યારે, રે ! પછી બાકી શું ?
આઝાદી આંસુડાં સારે !
શાસન તો પાખંડી હાથે !
ન્યાય તણાં નસકોરાં બોલે !

- **જોશ્યા ગિલ્બર્ટ હોલંડ**

[રૂપાન્તર : પ્ર. ત્રિવેદી]

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | યુવાનનો દૃઢ સંકલ્પ | ૭ |
| ૨. | ધર્મવીરોનો પુરુષાર્થ | ૧૩ |
| ૩. | માતાના આશીર્વાદ | ૧૬ |
| ૪. | નોખી માટીનો માનવી | ૧૯ |
| ૫. | ભાગ્ય કરવટ બદલે છે | ૨૨ |
| ૬. | અણધારી પ્રાપ્તિ | ૨૯ |
| ૭. | સાંસારિક જીવન | ૩૩ |
| ૮. | પ્રેયને બદલે શ્રેય | ૩૯ |
| ૯. | સત્યમેવ જયતે | ૪૭ |
| ૧૦. | આગવી આચારસંહિતા | ૫૯ |
| ૧૧. | આચાર્યને પત્ર | ૬૩ |
| ૧૨. | આંદોલનની શરૂઆત | ૬૬ |
| ૧૩. | કેવી નિખાલસતા ! | ૬૯ |
| ૧૪. | કેવી વિનમ્રતા ! | ૭૨ |
| ૧૫. | ફરજ-પાલન | ૭૭ |
| ૧૬. | પારદર્શક વ્યક્તિત્વ | ૮૨ |
| ૧૭. | પ્રમુખનું દેવું ચૂકવ્યું | ૮૮ |
| ૧૮. | પસ્તાવો કરતા લિંકન | ૯૦ |
| ૧૯. | નીતિ સમજાવતા લિંકન | ૯૪ |
| ૨૦. | ન કોઈ દુશ્મન, ન કોઈ પારકું | ૯૫ |
| ૨૧. | ઝેરને અમૃત ગણ્યું ! | ૧૦૦ |
| ૨૨. | ગુલામોનો મુક્તિદાતા | ૧૦૫ |
| ૨૩. | આડંબર વિનાનું સ્વાગત | ૧૦૮ |
| ૨૪. | લોકપ્રિય લિંકન | ૧૧૧ |
| ૨૫. | હત્યારો કોણ ? | ૧૧૪ |

# ૧ યુવાનનો દૃઢ સંકલ્પ

આજની નહિ, પણ આ સત્ય ઘટના છે ઓગણીસમી સદીના પૂર્વાર્ધની. એક થનગનતા યુવાને ગુલામીની જંજીરમાં જકડાયેલા ગુલામોની કરુણ દશા જોઈ, ત્યારે તેનું હૃદય દ્રવી ઊઠ્યું !

તરત જ તેણે તે જ વખતે આ અમાનુષી પ્રથાનો સદંતર નાશ કરવાનો દૃઢ સંકલ્પ કરી લીધો. તેણે મનોમન નક્કી કરી લીધું કે, ''કાર્ય સાધીશ અથવા મોતને વહાલું કરી લઈશ. આ પ્રથાને નાબૂદ કરીને જ જંપીશ.'' આવી ભીષ્મપ્રતિજ્ઞા કરનાર એક યુવાન આપબળે આગળ વધી અનેક સંઘર્ષોનો સામનો કરી, મહામાનવ તરીકે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ થયો. માનવજાતિના સંત ઍબ્રહામ લિંકનની આ છે પ્રસંગાત્મક જીવનકથા.

ઍબ્રહામ લિંકનનો જન્મ ઈ.સ. ૧૮૦૯ના ફેબ્રુઆરી માસની ૧૨મી તારીખે વેરાન જંગલમાં નોલીન ફીકમાં આવેલી એક નાનકડી ઝૂંપડીમાં સુથારીકામ કરતા ગરીબ પિતા ટૉમસ લિંકનના ગૃહે માતા નાન્સીની કૂખે થયો હતો. આ દિન યુનાઈટેડ સ્ટેટ્સના ઇતિહાસમાં એક મહત્ત્વનો દિવસ બની ગયો. અને જ્યાં આ મહામાનવનો જન્મ થયો હતો તે સ્થાન અમેરિકાની પ્રજા માટે એક તીર્થધામ બની ગયું છે.

ભક્તોનું કલ્યાણ કરવા ભગવાન શ્રીકૃષ્ણે કારાગૃહમાં જન્મ લીધો હતો. ભગવાન ઈશુ ખ્રિસ્તે ગરીબ સુથારને ઘેર પશુને બાંધવાની ગમાણમાં જન્મ લીધો હતો. તેમ નિરાધાર ગુલામોના આ તારણહારે વેરાન જંગલમાં એક નાનકડી ઝૂંપડીમાં રહેતા ગરીબ કુટુંબમાં જન્મ લીધો હતો.

શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે, ''જ્યારે જ્યારે

ધર્મનો લોપ થાય છે અને અધર્મ ઊભરે છે ત્યારે ત્યારે અધર્મીઓનો નાશ કરવા તથા સાધુ પુરુષોનો ઉદ્ધાર કરવા હું પૃથ્વી પર જન્મ લઉં છું.''

આ કથન અનુસાર ગુલામોનો ઉદ્ધાર કરવા એબ્રહામ લિંકનનો દિવ્ય જન્મ થયો હતો તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. કારણ કે આ મહામાનવે દિવ્ય કર્તવ્ય કરી સંસારમાં નામ અમર કરી દીધું છે.

અમેરિકાના કેન્ટુકી નામના પરગણામાં આવેલું નોલીનક્રીક અમેરિકાની પશ્ચિમે આવેલું છે. એ જમાનામાં એ પ્રદેશ પૂર્વના પ્રદેશ કરતાં પછાત રહ્યો હતો. ત્યાં ગીચ જંગલ હતું. અમેરિકાના લોકો પોતાનો નિર્વાહ ગોઠવી શકતા ન હતા. પરંતુ કુટુંબનું ગુજરાન ચલાવવા માટે જંગલો સાફ કરી ઝૂંપડાં બાંધીને વસવાટ કરી, પડતર જમીનમાં ખેડ કરીને મકાઈ તથા બટાટા પકવી તેમજ જંગલમાં પશુ-પક્ષીઓનો શિકાર કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

આ વિસ્તારમાં રહેતા લોકો ખૂબ મહેનત કરતા, રહેવા માટે ઘર ન હતાં. ખાવા માટે અનાજ ન હતું ને પહેરવા માટે કપડાં પણ મળતાં ન હતાં. એથી પશુઓનાં ચામડાં ઓઢતા ને પહેરતા હતા.

કબીલાઓની જેમ તેમનું જીવન સ્થાયી ન હતું. પાંચ કે છ ઝૂંપડાંઓથી વધારે વસ્તી કોઈ સ્થળે જોવા મળતી ન હતી. એવા એ વનવાસીઓનું જીવન પારાવાર યાતનાઓથી ભરેલું હતું.

આવા પ્રદેશમાં એબ્રહામ લિંકનનો જન્મ થયો હતો. જિંદગીનાં સત્તર વર્ષ તો તેણે સુખેદુઃખે વ્યતીત કર્યાં.

લિંકનના કુટુંબની કથાની વ્યથા કાંઈક અજબ છે.

અમેરિકાના પશ્ચિમમાં આવેલા કેન્ટકી નામના નવા રાજ્યના એક અરણ્ય પ્રદેશમાં ઇલિઝાબેથ ટાઉન નામનું એક ગામ વસેલું છે.

એ ગામમાં ૧૮૦૬ની સાલમાં જોસેફ હેક્સ નામનો એક માણસ રહેતો હતો. તેના વડવાઓ વર્જિનિયામાં રહેતા હતા. પરંતુ તકદીરે સાથ ન આપ્યો. એટલે કેન્ટુકીના એ અરણ્ય પ્રદેશમાં હડસેલાઈ ગયા હતા.

જોસેફ હેક્સની સાથે નાન્સી નામની યુવાન વયની તેની ભાણેજ રહેતી હતી.

જોસેફનો ધંધો સુથારીકામનો હતો. અને ટૉમસ લિંકન નામનો એક યુવાન તેને કામમાં મદદ કરવા તેની પાસે જ રહેતો હતો.

ટૉમસ લિંકનના વડવાઓ પણ વર્જિનિયામાં રહેતા હતા. પરંતુ ટૉમસના જન્મ પછી વખાનાં માર્યાં તેનાં મા-બાપ વર્જિનિયા છોડીને કેન્ટુકીમાં આવીને વસ્યાં હતાં.

ટૉમસના નસીબમાં પિતાનું સુખ લખાયું ન હતું. ટોમસ જ્યારે છ વર્ષનો હતો એ સમયે તેના પિતા પોતાના ઘર પાસે ખેતરમાં કામ કરતા હતા. તેઓ કામમાં મશગૂલ હતા.

એવામાં અચાનક નજીકની ઝૂંપડીમાં છુપાઈને બેઠેલી એક વ્યક્તિએ તેમના ઉપર ગોળી છોડી. સન્......ન્......ન્......કરતી ગોળી આવી ને ટૉમસના પિતાની છાતી વીંધીને આરપાર નીકળી ગઈ!

ટૉમસના પિતા જમીન પર ઢળી પડ્યા અને જોતજોતાંમાં તો તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું.

પિતાના અકાળ અવસાનથી તેમનું કુટુંબ વેરવિખેર થઈ ગયું. ટૉમસના બે મોટા ભાઈઓ છૂટા થઈ ગયા અને ઝૂંપડી છોડીને ચાલ્યા ગયા. ટૉમસ સૌથી નાનો હતો. સગાંસંબંધીઓ પાસે રહીને તે મોટો થયો.

દુઃખી ટૉમસે આ દરમિયાન સુથારીકામ શીખી લીધું. ૧૮૦૬ની

સાલમાં તે ઈલિઝાબેથ ટાઉનમાં જોસેફને ત્યાં કામ કરવા લાગ્યો.

જોસેફને ટૉમસ પર વિશ્વાસ બેસી ગયો. અને તેની યુવાન ભાણેજ નાન્સીનાં લગ્ન ટૉમસ સાથે કરી દીધાં.

ટૉમસ લિંકન અને નાન્સી એ ઍબ્રહામ લિંકનનાં માતાપિતા. મહેનતકશ અને કર્તવ્યનિષ્ઠ માતા-પિતાનો પુત્ર મહાન બને તેમાં નવાઈ શી ?

શહેરના રાજમાર્ગ પરથી પસાર થતાં એક યુવાન એકદમ થંભી ગયો. વિચિત્ર પ્રકારનું બજાર જોઈને તેના આશ્ચર્યનો પાર ન રહ્યો.

જીવનમાં પ્રથમ વાર આ પ્રકારનું વિચિત્ર બજાર જોઈને યુવાનનું હૃદય દ્રવી ઊઠ્યું.

આ બજારમાં ગુલામોને વેચવાના સોદા થતા હતા.

બજારમાં સંખ્યાબંધ અર્ધ-ઉઘાડાં સ્ત્રી-પુરુષો હરોળમાં ઊભેલાં જોઈ તેને ધ્રુજારી છૂટી ગઈ. એ અતિ કરુણ દૃશ્ય હતું.

ગુલામો છટકી ન જાય એટલા માટે દરેકના પગ લોખંડની સાંકળથી જકડી લેવામાં આવ્યા હતા.

સજ્જ બનીને ઊભેલા ગોરા વેપારીઓ હાથમાં ચાબુક લઈને ઊભા હતા. ગુલામોને ખરીદવા માટે આવતા ગ્રાહકો બરાબર જોઈ શકે તે માટે ચાબુકના ઈશારાથી દરેકને હરોળમાં ઊભા રહેવાનું સૂચવતા હતા.

ગુલામ કદાચ ચાલવામાં સહેજ પણ ભૂલ કરતો તો તેની પીઠ પર ગોરાના ચાબુકનો સટાકો પડી જતો.

ગુલામોની હરોળમાં રૂપરૂપના અંબાર જેવી એક યુવતી શરમથી

મોઢું છુપાવીને ઊભી હતી. એક ધનવાન ગોરો બજારમાં આવ્યો ને તેની નજર પેલી સુંદર યુવતી પર પડી એટલે તે તેની નજીક ગયો ને ભાવતાલ પૂછવા લાગ્યો.

વેપારીની સૂચના મળતાં જ બિચારી ગુલામ યુવતી હરોળમાંથી આગળ આવી.

આગળ આવેલી યુવતી પોતાની લાજ ઢાંકે તેટલાં કપડાં પણ તેના શરીર પર ન હતાં ને તેના પગ સાંકળથી બાંધેલા હતા.

વિકારને વશ થયેલા ધનવાને અર્ધ-ઉઘાડી યુવતીને બરાબર નીરખી લીધી.

ગોરા વેપારીએ ગ્રાહક સામે યુવતીની ભારોભાર પ્રશંસા કરવા માંડી. બસ આ જ દૃશ્યે યુવાનના હૃદયમાં ખળભળાટ મચાવી દીધો.

લોહીનો વેપાર થતા એ બજારમાંથી યુવાન તરત જ બહાર નીકળી ગયો.

પરંતુ આ કરુણ દૃશ્ય યુવાનની આંખો સમક્ષથી ખસતું ન હતું. તે ઊંડા વિચારમાં ડૂબી ગયો. ભારે હૈયે ચાલતાં ચાલતાં તેણે આ અમાનુષી પ્રથાનો સદંતર નાશ કરવાનો દૃઢ સંકલ્પ કરી લીધો.

આ ઘટના યુવાનના દિલમાં ઘર કરી ગઈ.

યુવાન શહેરમાં ગયો ને લોકોને ભેગાં કરી ગુલામીની પ્રથા નાબૂદ કરવાના પોતાના દૃઢ સંકલ્પની વાતની જાહેરાત કરી દીધી ને કહ્યું, ‘‘ગુલામોની પ્રથા અન્યાયયુક્ત છે એવું આપણે માનીએ છીએ. છતાં પણ તે જ્યાં ચાલી રહી છે તેને આપણે અટકાવી શકતા નથી.

‘‘અરે ! આ પ્રથાને બંધ કરાવવા કોઈ પણ આગળ આવતું નથી.

આ પ્રથા ચાલુ રહે તે આપણને પરવડી શકે તેમ નથી.

"હવે આપણે આવો વેપાર કરનારાઓને જાકારો આપવો જ પડશે. તો જ રાષ્ટ્રનો ઉદ્ધાર થશે. નિર્ભય બનીને આપણું કર્તવ્ય પૂરું કરવું જ પડશે.

"ભલે ગમે તેવાં વિઘ્નો આવે તો પણ તેનો સામનો કરીને આપણા નિશ્ચયને પાર પાડવો જ પડશે. સ્વતંત્રતાની ભાવનાએ કૉલ આપ્યો છે કે માનવમાત્રના ખભા પરથી ગુલામીની ધૂંસરી દૂર થવી જ જોઈએ. હું મારા સંકલ્પને અટલ બનાવી દઈશ. તેમાં મને મોત મળશે તો પણ હું તેને હર્ષથી સ્વીકારી લઈશ. પણ ગુલામીની પ્રથા તો નાબૂદ કરાવીને જ રહીશ."

આવી ભીષ્મપ્રતિજ્ઞા લેનાર તે યુવાન બીજો કોઈ નહિ પરંતુ એ હતો ઍબ્રહામ લિંકન.

ઍબ્રહામના જીવનનો આ પ્રસંગ યુવાનોને પ્રેરણા આપી જાય છે કે 'સત્કાર્ય કરવાનો દૃઢસંકલ્પ કરો ને તે પૂર્ણ કરીને છોડો.'

ઍબ્રહામ લિંકને ગુલામોની પ્રથા નાબૂદ કરવાનો દૃઢસંકલ્પ કર્યો ને તે પૂર્ણ કરી બતાવ્યો અને છેવટે મોતને વહાલું કર્યું હતું.

● ● ●

એ દેશની દયા ખાજો જેના રાજકારણીઓ શિયાળ જેવા હોય, વિચારકો મદારી જેવા હોય; એ દેશની ખાજો દયા જે જુદાં જુદાં જૂથોમાં વહેંચાઈ ગયો હોય અને દરેક જૂથ પોતાને જ દેશ ગણતું હોય.

## ૨ ધર્મવીરોનો પુરુષાર્થ

સત્તરમી સદીની શરૂઆતમાં ઇંગ્લેન્ડમાં ધર્મની બાબતમાં ભારે વિખવાદ જામ્યો હતો. એટલે સ્વધર્મની રક્ષા માટે ધર્મવીરોએ સ્વદેશ છોડી ચાલ્યા જવાનો નિર્ણય કર્યો.

એ વખતે અમેરિકાનો વિકાસ થયો ન હતો. ૧૬૨૦ની સાલમાં ધર્મવીરો 'મે ફલાવર' નામના વહાણમાં બેસીને અમેરિકા પહોંચી ગયા અને એ યાત્રીઓ "પિલ્ગ્રિમ ફાધર્સ"ના નામથી પ્રસિદ્ધ થયા.

અનેક યાતનાઓ ભોગવી આ યાત્રિકોએ અમેરિકાની ધરતી પર પડાવ નાખ્યો. તેમનો પુરુષાર્થ પ્રચંડ હતો. એટલે ભયાનક જગ્યાએ પણ પડાવ નાખી વસવાટ શરૂ કર્યો.

ધર્મવીરો ત્યાં સ્થિર થઈ ગયા. એ રીતે આજે જે યુનાઈટેડ સ્ટેટ્સનું મહાન રાજ્ય છે તે રાજ્યના તેઓ સ્થાપક પિતા બની ગયા.

એટલે આજે જે વૈભવશાળી રાજ્ય યુનાઈટેડ સ્ટેટ્સ છે તેના 'જનક' જો ગણાય તો તે ધર્મવીરોને જ ગણી શકાય.

ધીરે ધીરે જંગલો સાફ થતાં ગયાં ને લોકો ત્યાં વસીને ખેતી કરવા લાગ્યાં. એ રીતે પાંચ દાયકામાં તો ત્યાં તેર જેટલાં સંસ્થાનો ઊભાં થઈ ગયાં. જે બધાં જ ઇંગ્લેન્ડની હકૂમત હેઠળ હતાં.

પછી ઈ.સ. ૧૭૮૭ની સાલમાં યુનાઇટેડ સ્ટેટ્સના પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ.

નવી ભૂમિએ તો ધન-ધાન્યની રેલમછેલ કરી દીધી. પરિણામ એ આવ્યું કે તેઓ લોભી અને ઐયાશી બનતા ગયા. છેવટે તેમણે હબસી પ્રજાને બળજબરી અને જોરજુલમથી પકડવા માંડી અને અમેરિકાના

ગોરાઓ તેમને ગુલામો તરીકે વેચવા માંડ્યા.

ભારતમાં પણ આવું જ કંઈક બનેલું છે. અંગ્રેજો ભારતમાં વેપારી બનીને વેપાર કરવા આવ્યા ને દેશના રાજા બની જઈને દેશને ગુલામ બનાવી દીધો હતો. તેમ ઇંગ્લેન્ડથી અમેરિકા જઈને વનવાસી પ્રજાને ગુલામ બનાવી દીધી. તેઓ નિષ્ઠૂર બની ગયા.

પરંતુ 'ભગવાનને ઘેર દેર છે પણ અંધેર નથી' તે કથનાનુસાર ગોરાઓએ બનાવેલા ગુલામોનો તારણહાર ઍબ્રહામ લિંકનના રૂપમાં બહાર આવ્યો.

નાનકડા ઍબને ધર્મની વાતો સાંભળવી ખૂબ ગમતી હતી. તે રસપૂર્વક વાતો સાંભળતો. એ રીતે ઍબ્રહામ લિંકનના જીવન પર ધર્મની ઊંડી છાપ પડી ગઈ.

નાનપણમાં જ તેણે ધાર્મિક પુસ્તકો અને મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવા માંડયાં.

ઍબ્રહામને પૂછવામાં આવતું ત્યારે તે કહેતો કે 'હું જે કાંઈ જાણવા માગું છું એ બધું તો આ પુસ્તકોમાં ભરેલું છે.' તેણે એટલાં બધાં પુસ્તકો વાંચ્યાં કે તેણે ઘોષણા કરી કે, ''મારા વાંચવામાં આવ્યું ન હોય એવું પુસ્તક મને કોઈ લાવી આપે તો હું તેને મારો પરમ મિત્ર સમજીશ.''

પુસ્તકપ્રેમી ઍબ્રહામ લિંકનને ખબર પડી કે એક માણસ પાસે જ્યોર્જ વૉશિંગ્ટનના જીવનચરિત્રનું પુસ્તક છે. એટલે તરત જ તેઓ તેની પાસે પહોંચી ગયા ને પુસ્તક લઈ આવ્યા.

ઍબ્રહામે પુસ્તક વાંચતાં વાંચતાં છાપરા પર મૂક્યું ને પોતે સૂઈ ગયા. રાતે વરસાદ પડ્યો અને માગીને વાંચવા લાવેલું પુસ્તક પલળી

ગયું.

હવે શું થાય ?

ઍબ્રહામ વિચારમાં પડી ગયા.

ઍબ્રહામ લિંકન સત્યવક્તા હતા. તેઓ કોઈ વાત છુપાવે તેવા ન હતા. એટલે તેઓ પેલા માણસ પાસે ગયા અને પુસ્તક્ને થયેલા નુક્સાનની વાત કરી. વાંચવા લાવેલું પુસ્તક પોતાની બેપરવાઈને કારણે પલળી ગયું તેનું દુઃખ વ્યક્ત કર્યું.

પેલો માણસ સમજુ હતો. પુસ્તકપ્રેમની ઍબ્રહામની લગનને તે સમજી ગયો ને બોલ્યો :

“ભાઈ ! પુસ્તકની કિંમત તો મારે તારી પાસેથી વસૂલ કરવી નથી. પણ તું ત્રણ દિવસ મારી પાસે મજૂરી કર એટલે એ પુસ્તક તારું થઈ ગયું એમ સમજી લેજે.”

આ સાંભળીને ઍબ્રહામના આનંદનો પાર ન રહ્યો ! ઍબ્રહામે ત્રણ દિવસ મજૂરી કરી અને પુસ્તક પોતાનું કરી લીધું. પુસ્તકની નુક્સાની બદલ મજૂરી કરી પુસ્તકને પોતાનું બનાવી લેનાર ઍબ્રહામના પુસ્તક પ્રેમને ધન્ય છે.

• • •

ભલાઈ અને બુરાઈની ભેદરેખા પર જે આંગળી મૂકી શકે છે, એ જ ઈશ્વરના ચરણકમળને સ્પર્શી શકે છે.

# ૩ માતાના આશીર્વાદ

માણસ ધારે છે શું ને ઈશ્વરની મરજી શું હોય છે, તેની જાણ કોઈને હોતી નથી. ઍબ્રહામ લિંકનનાં માતુશ્રી નાન્સીનો ઍબ ઉપર ખૂબ સ્નેહ હતો.

લિંકનનાં માતુશ્રી તથા કુટુંબીજનો મરકીના રોગનો ભોગ બની ગયાં.

નાન્સીને બચવાની આશા ન રહી. એટલે અંત સમયે માતા નાન્સીએ પોતાના વહાલસોયા પુત્ર ઍબ્રહામને પાસે બોલાવ્યો ને માથે હાથ મૂકીને કહ્યું.

"બેટા, તું હવે તારી બહેન ને તારા પિતાની સંભાળ રાખજે. કર્તવ્યપથ પરથી ડગીશ નહિ, સદાચારી અને સત્યવાદી બનજે. ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર કદી પણ દુઃખી થતો નથી. તું મહાન બનીશ. ઈશ્વર તને મદદ કરશે જ. આ મારા તને આશીર્વાદ છે."

દુઃખી માતાના આશીર્વાદ અને તેના અંતિમ શબ્દોની અસર ઍબ્રહામ લિંકન પર અમીટ છાપ પાડી ગઈ. જે જિંદગીભર કાયમ રહી ગઈ.

ઉંમરલાયક થતાં ઍબ્રહામના જીવનમાં ઘણા સદ્‌ગુણોનાં દર્શન થતાં હતાં. લિંકનનું જીવન વેરાન પ્રદેશમાં વીતતું હતું. જંગલી પ્રદેશ એટલે તે બંદૂક ચલાવતાં પણ શીખી ગયા.

એક દિવસ એવું બન્યું કે, લિંકને પોતાની બંદૂક ઉપાડી અને એક બતક તરફ તાકી ગોળી છોડી. ગોળી વાગતાં જ બતક ઢળી પડી.

નિશાનબાજ પુત્રને જોઈ પિતા ટૉમસે તેને શાબાશી આપી.

પરંતુ કિશોર વયના ઍબ્રહામનું હૃદય કરુણાથી ભરાઈ ગયું. તેને ઘણો પસ્તાવો થયો. નિર્દોષ બતક પર ગોળી છોડવાનું દુઃખ તેને સતાવવા લાગ્યું.

તરત જ એબ્રહામ લિંકને મનોમન નક્કી કરી લીધું કે ‘જીવનભર હવે હું બંદૂક હાથમાં નહિ પકડું. અને જીવહિંસા કદી પણ નહિ કરું.’ આ સંકલ્પ તેમણે જિંદગીભર પાળ્યો.

બીજો એક પ્રસંગ એવો હતો કે ઍબ્રહામના કેટલાક મિત્રો એક કાચબાની પીઠ પર દેવતા મૂકીને તેને પીડા આપી આનંદ લૂંટતા હતા.

મિત્રોની આવી નિર્દય રમત જોઈને લિંકનને દયા આવી. ઍબ્રહામે પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા આચરવા વિરુદ્ધનો એક સુંદર નિબંધ લખ્યો અને તેનો પ્રચાર શરૂ કરી દીધો.

નાનપણથી જ ઍબ્રહામ લિંકનના દિલમાં દયા હતી. મનુષ્યો તેમજ પ્રાણીઓ પ્રત્યે એકસરખો પ્રેમ હતો. કોઈને પણ મદદરૂપ બનવા તેઓ સદૈવ તૈયાર થઈ જતા. જે પ્રદેશમાં ઍબ્રહામ લિંકનનું કુટુંબ રહેતું હતું ત્યાં રોગચાળો ફાટી નીકળ્યો. પશુઓ અને માણસો મરવા માંડ્યાં.

આ પરિસ્થિતિ જોઈને ઍબ્રહામના પિતાએ બીજા રાજ્યમાં જવાનો વિચાર કર્યો. સર્વત્ર બરફ છવાઈ ગયેલો હતો. ઠંડી પણ સખત હતી.

ઍબ્રહામના કુટુંબ સાથે એક કૂતરો પણ હતો. જતાં જતાં કૂતરો એકાએક છૂટો પડી ગયો. નદી પાર કર્યા બાદ ખબર પડી કે કૂતરો છૂટો પડી ગયો છે. હવે નદી પાર કરીને કૂતરો લઈ આવવો તે દુષ્કર કામ હતું, કારણ કે નદીનું પાણી પણ બરફ જેવું બની ગયું હતું.

પરંતુ દયાળુ ઍબ્રહામથી રહેવાયું નહિ. એટલે તરત જ તેમણે

નદીમાં ઝંપલાવી દીધું. કિનારે ઊભેલા કૂતરાને એક હાથમાં દબાવીને થરથરતાં થરથરતાં ઍબ્રહામ કૂતરાને લઈ આવ્યા. આ જોઈને બધાં સ્તબ્ધ થઈ ગયાં હતાં.

ઍબ્રહામ લિંકન જ્યારે પંદર વર્ષના હતા ત્યારે તેઓ હાથમાં બાઈબલ લઈને બેસતા ને બધાંને વાંચી સંભળાવતા હતા.

એકવાર તેઓ ધર્મગુરુની અદાથી પ્રવચન આપી રહ્યા હતા. ત્યારે એમના ભાઈએ એક જીવડાને મારી નાખ્યું. એ જોઈને ઍબ્રહામને ઘણું દુઃખ થયું. તરત જ તેમણે દયા રાખવાનો બોધ આપે તેવું પ્રવચન આપવા માંડ્યું. એ પ્રવચન સાંભળીને તેમના ભાઈના હૃદયમાં ઊંડી અસર થઈ હતી.

એકવાર ઍબ્રહામ લિંકન સૅનેટમાં હાજરી આપવા જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં એક ડુક્કરને કાદવમાં ખૂંપી ગયેલું જોયું. પ્રેસિડેન્ટ ઍબ્રહામ લિંકનના હૃદયમાં દયા ઊભરાઈ આવી. તરત જ તેમણે ગાડી ઊભી રખાવી દીધી અને ગાડીમાંથી નીચે ઊતરીને પેલા ડુક્કરને કાદવમાંથી બહાર કાઢ્યું.

કાદવમાંથી ડુક્કરને બહાર કાઢતાં ઍબ્રહામનાં કપડાં બગડી ગયાં હતાં. સૅનેટમાં જતાં મોડું ન થાય તે માટે ઍબ્રહામ એવાં બગડેલાં કપડે જ સૅનેટમાં ગયા હતા.

ઍબ્રહામ લિંકનની આવી હતી પ્રાણીદયા-જીવદયા.

● ● ●

જો તમારું હૈયું જ્વાળામુખી હોય તો તમારા હાથમાંથી પુષ્પો પાંગરે એવી અપેક્ષા તમે ક્યાંથી રાખી શકો ?

સોળ વર્ષ સુધી ઍબ્રહામ લિંકનનું જીવન જંગલોમાં જ વીત્યું. અરણ્ય પ્રદેશની દુનિયામાં જ લિંકને જીવનઘડતર કર્યું. પરંતુ ચોક્કસ દિશા તેમને જડતી ન હતી.

સત્તર વરસના પડછંદ લિંકન છ ફૂટ ને ચાર ઇંચ લાંબી કાયાવાળા હતા. સ્વભાવે વિનોદી ઍબ્રહામ મજૂરી કરવા જતા અને સૌના પ્રીતિપાત્ર બની જતા. જંગલમાં જન્મેલો બાળક ગુલામોનો તારણહાર બની સમગ્ર વિશ્વમાં નામ પ્રસિદ્ધ કરી જશે તેની કોઈને કલ્પના પણ ન હતી.

ઍબ્રહામની બુદ્ધિમત્તામાં તેમની બરોબરી કરી શકે તેવું કોઈ જ ન હતું. અજોડ શક્તિશાળી યુવાનને અભિમાન સ્પર્શી પણ શક્યું ન હતું. કારણ કે એ તો નોખી માટીનો માનવી હતો.

દુર્બળ, લાચાર અને અનાથોની મદદ કરવામાં ઍબ્રહામ પાછી પાની કરતા ન હતા. અને તેમાં જ તેમને આનંદ મળતો હતો. શુદ્ધ ચારિત્ર્ય અને પ્રામાણિકતા એ એમના જીવન સાથે સંકળાઈ ગયાં હતાં.

ગુલામીમાં સબડતા હબસીઓને આઝાદ કરાવવાના વિચારો ઍબ્રહામને સદૈવ સતાવતા રહેતા હતા. તેમણે ગુલામી શું છે તેનું પ્રત્યક્ષ દર્શન કર્યું ત્યારથી જ તેમના દિલમાં ભારે મથામણ ઊભી થઈ હતી.

ગુલામો વેચવાનાં બજારોએ ઍબ્રહામ લિંકનના મનમાં ચિનગારી ચાંપી દીધી હતી.

અનેક વિચારો બાદ લિંકનને પોતાના જીવનકાર્યની દિશા મળી ગઈ. ગુલામીની પ્રથા નાબૂદ કરવા તરફ જીવનને વાળી દીધું.

એ સમયમાં આવાં ક્રાંતિકારી પગલાં માટે કોઈની મદદ મળે તેમ ન હોવાથી લિંકનને થયું કે, મારે સ્વપ્રયત્ને અને સ્વાશ્રયથી જ દુનિયામાં સ્વતંત્ર માર્ગ શોધવો પડશે.

વાચન, મનન, ચિંતન, પ્રવાસ અને બહોળા અનુભવથી તેમનું જીવન ઘડાઈ ગયું. પિતાના ઘરમાં રહીને જીવનનું ધ્યેય પૂર્ણ થાય તેમ ન લાગતાં તેમણે પિતાના ઘરને છોડી દઈ ક્યાંક નોકરી કરી પેટનું ગુજરાન ચલાવવાનું નક્કી કર્યું.

ઍબ્રહામ લિંકન ફરતા ફરતા ઈલીનોય રાજ્યની ધારાસભાની ચૂંટણીના મથકે પહોંચી ગયા અને ચૂંટણી અધિકારીને નોકરી માટે વિનંતી કરી.

ચૂંટણી અધિકારીએ હીરાને પારખી લીધો અને પોતાના મદદનીશ તરીકે રાખી લીધા. આ રીતે ઍબ્રહામ લિંકન ન્યૂ સાલેમમાં મત આપવા આવેલા મતદાતાઓના પરિચયમાં આવી ગયા.

દારૂ, બીડી કે અન્ય કોઈ વ્યસન વિનાના પ્રામાણિક લિંકનને આ સ્થળે વાંચવાનો સારો અવકાશ મળી ગયો.

લિંકન એક વેપારીની દુકાનમાં પણ કામ કરવા લાગ્યા.

એકવાર એક સ્ત્રીએ ઍબ્રહામ લિંકન પાસેથી માલ ખરીદ્યો ને પૈસા વધારે આપી દીધા. બાઈ તો ત્યાંથી ચાલી ગઈ. તેણે ભૂલથી વધારે પૈસા આપેલા પણ જેની રગેરગમાં ઈમાનદારી ભરેલી છે તેવા લિંકનને આવા હરામના પૈસા પચાવી પાડવાનું મન ક્યાંથી થાય ?

લિંકન ચાલતા ચાલતા તે બાઈના ઘેર પહોંચી ગયા અને કહ્યું, "તમે ભૂલથી વધારે પૈસા આપ્યા છે તે હું તમને પરત કરવા આવ્યો છું" એમ કહીને તેમણે બાઈને પૈસા આપી દીધા.

આવી જ રીતે લિંકને એક ભાઈને ચા ઓછી આપી દીધી હતી. પાછળથી લિંકનને ખબર પડી ત્યારે તેઓ એ ગ્રાહકને ઘેર જઈને બાકીની ચા આપી આવ્યા હતા.

એબ્રહામ લિંકન ગરીબ ઘરમાં ઊછર્યા હતા છતાં પણ તેમના સંસ્કારો ઉચ્ચ શ્રેણીના હતા. લિંકને ઘણી મથામણો કરી હતી.

નાનપણથી જ ગુલામોની મુક્તિ માટેની ઝંખના રાખતા લિંકન પોતાનું ધ્યેય પૂરું કરવા માટેનો માર્ગ સદૈવ શોધતા જ રહેતા હતા.

● ● ●

કેળવણી પ્રાપ્ત કરવાના ત્રણ આધારસ્તંભો છે : વધારે નિરીક્ષણ કરવું, વધારે અનુભવ કરવો અને વધારે અભ્યાસ કરવો.

## ૫ ભાગ્ય કરવટ બદલે છે

મનુષ્યનું ભાગ્ય જ્યારે કરવટ બદલે છે ત્યારે તેને ઈશ્વરની શક્તિની અનુભૂતિ થાય છે.

ઍબ્રહામ લિંકનના જીવનમાં પણ આવું જ બન્યું હતું. તે જેટલા દયાળુ હતા તેટલા જ દેશભક્ત પણ હતા. રાજકારણનાં બીજ તેમનામાં નાનપણથી જ રોપાયાં હતાં.

જ્યારે ઍબ્રહામ લિંકન અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારે તેમને પૂછવામાં આવ્યું કે, ''તમારા જીવનની સફળતાનું રહસ્ય શું છે ?'' ત્યારે તેમણે જણાવ્યું કે, ''મારા દિલમાં ગરીબો પ્રત્યે ખૂબ જ હમદર્દી ભરેલી છે. દેશ માટે કંઈક કરી છૂટવાની મારી તમન્ના છે, અને મારા જીવનમાં વૉશિંગ્ટનના જીવનચરિત્રની ખૂબ જ અસર પડી છે.'' લિંકનને વાંચવાનો ખૂબ શોખ હતો. અખબારો પણ તેઓ ખૂબ વાંચતા હતા. છાપામાંથી વાંચેલી વાતો તેમના માનસપટ પર અસર કરી જતી.

કિશોર વયમાં લિંકનના મનમાં થતું કે હું એક દિવસ અમેરિકાનો પ્રમુખ બનીશ.

લિંકનના મિત્રો પણ સદાચારી હતા. અને તેમની સહાયથી તેઓએ રાજકારણમાં રસ લેવાની શરૂઆત કરી અને તેઓ સક્રિય બન્યા. આ રીતે તેમની યશસ્વી કારકિર્દીનો પાયો નંખાયો.

લિંકન ચૂંટણીમાં ઊભા રહ્યા પરંતુ તેઓ હારી ગયા. પરંતુ તેઓ નિરાશ ન થયા. તેઓ સમજતા હતા કે હારની પાછળ આશાનાં કિરણો ઝળહળી ઊઠશે જ. હાર એ તો જીતનો પાયો છે.

આ વખતે લિંકનની ઉંમર ચોવીસ વર્ષની હતી. તેમના માથે દેવું પણ ખૂબ થઈ ગયું હતું. પણ આશાવાદી લિંકન આફતોથી ડરે તેમ ન

હતા. તેમના માથે જે દેવું થઈ ગયું હતું તે એમના જીવનમાં નડેલી મોટી બાધા સમાન હતું.

એકવાર તેમના લેણદારો તેમની પાસે આવ્યા ને કહ્યું : ''લિંકન, અમને અમારી રકમ જોઈએ. માટે તેની વ્યવસ્થા કરી આપો.''

બહુ જ શાંત ચિત્તે ઍબ્રહામ લિંકને બધાને જવાબ આપ્યો કે, ''ધીરજ રાખો, હમણાં મારી પાસે પૈસા નથી. પણ હું જે કમાણી કરીશ તેમાંથી તમારું દેવું ચૂકવતો રહીશ. વહેલીમોડી તમને તમારી રકમ મળી જ જશે તેની ખાતરી રાખજો.''

લિંકને દેવું ચૂકવી દેવાનું બધાને વચન તો આપી દીધું પણ દેવું ચૂકતે કરવા માટેની રકમ લાવવી ક્યાંથી તેનો તેમણે માર્ગ શોધ્યો ન હતો. તેમને એક ટંક ખાવાના પણ સાંસા પડતા હતા. દુકાન ગઈ, ધંધો ગયો ને માથે દેવાનો ઢગલો લઈને લિંકન હસતા મોઢે ફરતા હતા.

નોકરીની શોધ કરતા ઍબ્રહામ લિંકનને પોસ્ટ માસ્તર તરીકેની નોકરી મળી ગઈ. પરંતુ ટૂંકા પગારમાં કાંઈ દેવું ચુકવાય તેમ ન હતું.

પ્રભુ ઉપર વિશ્વાસ રાખી પુરુષાર્થ કરનારને દુઃખમાં પણ સુખનો છાંયડો જડી જાય છે.

લિંકનનો એક મિત્ર મોજણીનું કામ કરતો હતો. તેનો સંદેશો આવ્યો. એટલે લિંકન તેને મળવા ગયા અને મોજણી કારકુન તરીકેનું કામ તેમણે સ્વીકારી લીધું.

''દુઃખમાં કામ લાગે તે જ સાચો મિત્ર'' એ સનાતન સત્યની લિંકનને પ્રતીતિ થઈ ગઈ.

મોજણીનું કામ દૂર દૂર સુધી કરવાનું હતું. પણ લિંકન પાસે કોઈ સાધનો ન હતાં. એટલે તેમણે ઘોડો, જીન, લગામ અને કંપાસ ઉધાર

લઈ લીધાં, અને કામ ચાલુ કરી દીધું.

પરંતુ દુકાળમાં અધિકમાસ જેવું બન્યું. લિંકન પેલા માણસને સમયસર પૈસા ચૂકવી ન શક્યા. એટલે તે માણસે તેમના ઉપર દાવો માંડ્યો. પરિણામ એ આવ્યું કે લિંકન પાસેનો સામાન જપ્ત કરી તેની હરાજી કરાવીને રકમ વસૂલ કરવાનું નક્કી થયું. પરંતુ પ્રામાણિક અને મહેનતુ માણસને પરમેશ્વર જરૂર મદદ કરે છે. તે મુજબ એક ખેડૂત ત્યાં આવી પહોંચ્યો.

લિંકનના માલ-સામાનની હરાજી થવાની હતી ત્યાં તે ગયો ને લિંકનને કહ્યું :

"યુવાન, તું જરા પણ ચિંતા કરીશ નહિ. હું તારો સામાન હરાજીમાંથી ખરીદી લઈ તને આપું છું. તું તારો ધંધો ચાલુ રાખ. મારા પૈસાની તું ચિંતા કરીશ નહિ."

લિંકને પ્રભુના આભાર સાથે પેલા સજ્જનનો પણ આભાર માન્યો ને મનોમન બોલી ઊઠ્યો કે, "વાહ પ્રભુ વાહ !" તારી લીલા અપરંપાર છે." સામાન લઈને લિંકને મોજણીનું કામ ફરીથી શરૂ કરી દીધું.

બહુમુખી પ્રતિભા ધરાવતા લિંકન જ્યારે પોસ્ટ માસ્તરની નોકરી કરતા હતા, ત્યારે થેલી પણ ખરીદી શકે તેમ ન હતા. એટલે માથા પર જે હેટ તેઓ પહેરતા હતા. તેમાં ટપાલ ભરીને વહેંચવા જતા હતા.

એબ્રહામ લિંકન માત્ર ટપાલનું જ કામ કરતા એવું ન હતું, સમાજની સેવા પણ કરતા હતા, તેઓ લોકોને પત્રો વાંચી આપતા હતા, તદ્દુપરાંત કોઈને પત્ર લખાવવો હોય તો પણ લખી આપતા હતા.

યુવાન એબ્રહામ લિંકન પર લોકોનો વિશ્વાસ બેસી ગયો હતો.

આ રીતે માનવસ્વભાવના અભ્યાસુ એવા લિંકનને લોકોના દિલની ભાવના જાણવાની સુંદર તક મળી ગઈ. લિંકને લોકોનાં મન જીતી લીધાં હતાં. એક ટંકનું ભોજન પણ લિંકનને મળતું ન હતું. છતાં પણ હિંમત રાખી આગળ વધે જતા હતા. એવા પ્રામાણિક કે ટપાલના પૈસામાંથી એક પૈસો પણ તેઓ પોતાના માટે વાપરવા તૈયાર થતા નહીં.

લિંકને નોકરી સાથે ભણવાનું પણ ચાલુ રાખ્યું હતું. તેઓ ભણી-ગણીને વકીલ બન્યા અને વકીલાતનો ધંધો શરૂ કર્યો. વકીલાતના ધંધામાં પણ લિંકનની લોકો પ્રશંસા કરવા લાગ્યા.

એકવાર અમેરિકાના પોસ્ટ ખાતાનો ઉપરી અમલદાર સ્પ્રિંગ-ફિલ્ડ આવ્યો. લિંકન તેમની પાસે ગયા. એટલે અમલદારે લિંકનને કહ્યું કે, ‘‘પોસ્ટની જે રકમ તમારી પાસે ભેગી થઈ હોય તે મને આપી દો. તે જમા કરી દેવી છે.’’

લિંકને પોતાની પાસે રાખેલી એક નાનકડી પેટી ખોલી ને તેમાંથી એક કોથળી કાઢીને અમલદારને આપીને કહ્યું, ‘‘સાહેબ ! ગણી લ્યો આ રકમ’’ અમલદારે રકમ ગણી જોઈ તો બરાબર હિસાબ મુજબની તે રકમ હતી. આ જોઈને અમલદાર મુગ્ધ બની ગયો. અમલદારને થયું હતું કે લિંકન ગરીબ છે ને તેણે પોતાના ખર્ચ માટે પોસ્ટની રકમ વાપરી હશે.

પરંતુ જ્યારે રકમ બરાબર હતી, એટલે અમલદાર ખુશ થઈ ગયો ને લિંકનને શાબાશી આપી હતી. નાણાંભીડ વેઠતા લિંકન વ્યવહારમાં તદ્દન ચોખ્ખા રહેતા હતા. ભૂખે મરવું પસંદ કરતા પણ કોઈની સાથે બેઈમાની કરવાનું તેમને જરા પણ પસંદ ન હતું. આ સિદ્ધાંત તેમણે અંત સુધી નિભાવ્યો હતો.

નિખાલસ દિલના લિંકનનો એક મિત્ર હતો. પણ તે લિંકનના વિરોધ પક્ષનો હતો. મિત્રને નોકરી કરવાની ફરજ પડી એટલે તે લિંકન પાસે આવ્યો.

લિંકને તેને નોકરીએ રાખી લીધો પણ પહેલાં જ તેમણે ચોખવટ કરી લીધી હતી, અને કહ્યું હતું કે, ‘‘તું વિરોધ પક્ષનો છે તે હું જાણું છું પરંતુ તું મારો મિત્ર છે એટલે હું મારો મિત્રધર્મ બજાવી તને નોકરીએ રાખું છું. પણ તું ગદ્દારી કરીશ નહિ.’’

લિંકનના બધા મિત્રોના દિલમાં તેમના પ્રત્યે ઘણું માન હતું.

એક વાર લિંકન પીટ્સબર્ગમાં રસ્તાની મોજણી કરતા હતા, ત્યારે એક મહોલ્લામાં એક ગરીબ અને નિરાધાર વિધવા બાઈનું ઘર વચ્ચે આવતું હતું. મોજણીમાં તે ઘરને તોડી પાડવાનું હતું.

પરંતુ દયાળુ લિંકનના દિલમાં દયા આવી અને હિંમત રાખી બાઈનું ઘર રહેવા દીધું. તેમણે ઘણી દલીલો કરીને બાઈના ઘરને બચાવી લીધું હતું.

આ મહામાનવ ઍબ્રહામ લિંકનના જીવનમાં આવા અનેક પ્રસંગો બનેલા છે ને તે પ્રેરણા લેવા જેવા છે.

એકવાર લિંકન જતા હતા ત્યારે એક જુવાનને લાકડાં ચીરતો જોયો. જુવાનના પગ ઉઘાડા હતા. જોડાની જગ્યાએ તેણે ચીંથરાં વીંટ્યાં હતાં. તે ટાઢથી ધ્રૂજી રહ્યો હતો.

લિંકને તેને પૂછ્યું: ‘‘ભાઈ ! તું આટલી ઠંડીમાં ઉઘાડા પગે શા માટે લાકડાં ચીરી રહ્યો છે ?’’

યુવાને કહ્યું; ‘‘સાહેબ ! જોડા ખરીદવા માટે મારી પાસે પૈસા નથી એટલે લાકડાં ચીરી રહ્યો છું. પણ મારો કુહાડો બુઠ્ઠો છે.’’

લિંકને તેને નવો કુહાડો લાવી આપ્યો ને કહ્યું, ‘‘લાકડાં કાપ અને તેમાંથી તને જે મજૂરી મળે તેમાંથી જોડાં ખરીદી લેજે.’’

લિંકને તેને મહેનત કરીને પૈસા મેળવવાનો માર્ગ બતાવ્યો. વગર મહેનતની મદદ કરવાનું તેણે પસંદ ન કર્યું. મહેનત શું છે તે લિંકન સમજતા હતા. આ રીતે લિંકન સૌને સહાયરૂપ બનતા હતા. લિંકન પરગજુ હતા.

મોજણી કારકુન, પોસ્ટ માસ્તર, વકીલ ને હવે આગળ વધીને લિંકને ધારાસભાની ચૂંટણી લડવા માટે ઉમેદવારી નોંધાવી.

લિંકનને હાર-જીતની લેશમાત્ર પણ પરવા ન હતી. તેમને તો જનતાની સેવા જ કરવી હતી.

લિંકને ચૂંટણીમાં ઝંપલાવી દીધું. લોકોનો વિશ્વાસ એ જ એમની મૂડી હતી. ચૂંટણીમાં ખર્ચ કરવાની તેમની તાકાત ન હતી. છતાં પણ તેઓ ચૂંટણી લડવા તૈયાર થઈ ગયા હતા. અને ચૂંટણીમાં તેઓનો જ્વલંત વિજય થયો. લોકોએ લિંકનને હર્ષભેર વધાવી લીધા.

કડકાબાલૂસ લિંકન ચૂંટણીમાં જીતી તો ગયા. પરંતુ ધારાસભાની બેઠકમાં જવા માટે સારાં કપડાં ન હતાં ને ખીસામાં એક પાઈ પણ ન હતી.

ધારાસભ્યને છાજે તેવો ઠાઠ તેમની પાસે ન હતો.

પણ એકલવીર લિંકન હિંમત હારે તેમ ન હતા. લિંકનનો મિત્રવર્ગ ઘણો મોટો હતો. એટલે તેમણે એક મિત્ર પાસેથી કપડાં ને થોડા પૈસા ઉછીના લઈ લીધા ને તેઓ ધારાસભામાં ગયા.

ધારાસભ્યોમાં લિંકનનું વ્યક્તિત્વ અલગ તરી આવતું હતું. પોતે ગરીબ છે તેની તેમને પરવા ન હતી. પરવા હતી માત્ર જનતાની

સેવાની.

ત્યાર બાદ બીજી ચૂંટણી આવી. તેમાં લિંકનને સૌથી વધારે મત મળ્યા. જંગી બહુમતીથી જીતી ગયેલા લિંકનને જનતાએ પોતાના નેતા તરીકે ઘોષિત કરી દીધા.

નેતા બન્યા પછી લિંકન સામે એક મોટો પ્રશ્ન ઊભો થયો.

રાજધાની ખસેડવા માટે એક વિવાદાસ્પદ ખરડો મુકાયો અને આ વિકટ ખરડાનો નિકાલ લિંકને લાવવાનો હતો.

લિંકન માટે અગ્નિપરીક્ષા હતી. આવું કપરું કામ માથે આવી પડ્યું છતાં પણ તેઓ હિંમત હાર્યા નહિ.

આ પ્રશ્નનો સુખદ ઉકેલ આણવા લિંકને ખૂબ વિચાર કર્યો. અંતે ધારાસભ્યોને બોલાવી, વાટાઘાટો કરી અને સમાધાન કરી લીધું.

પણ સિદ્ધાંતમાં લિંકને કદી પણ બાંધછોડ કરી ન હતી.

છેવટે બિલ બહુમતીથી પસાર થઈ ગયું અને સ્પ્રિંગફિલ્ડને રાજધાની બનાવવાનું નક્કી થયું.

લિંકન ગમે તેવા સંજોગોમાં પણ માર્ગ શોધી કાઢતા હતા. તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વની અસર બીજાઓ ઉપર થયા વિના રહેતી ન હતી.

● ● ●

ફિરસ્તાઓની મહેફિલમાં વર્ણવાયેલ શિશિરનાં સમણાં એટલે વસન્તનાં પુષ્પો.

## ૬ અણધારી પ્રાપ્તિ

ભાગ્યવિધાતા માણસને અજાણ રીતે ક્યાં દોરી જાય છે તેની કોઈને ખબર પડતી નથી.

કાયદામાં નિપુણતા પ્રાપ્ત કરી એક અચ્છા વકીલ તરીકે સમાજને સેવાઓ પૂરી પાડવા માટે લિંકન કટિબદ્ધ હતા. સેવા પાછળ તેઓ સર્વસ્વનું સમાપન કરવા પણ તૈયાર હતા.

જ્યારે લિંકન દુકાન લગાવીને વેપાર કરતા હતા તે સમયનો એક પ્રસંગ છે. લિંકન દુકાનમાં નવરા બેઠા હતા. એટલામાં એક માણસ માલ-સામાન ભરેલું ગાડું લઈને આવ્યો.

ગાડામાં માલ ઘણો હતો. તેમાં મૂકેલું એક પીપડું તેને અડચણરૂપ હતું. એટલે તે તેને વેચી દેવા માગતો હતો.

ગાડાવાળાએ લિંકનને મોટો વેપારી માનીને કહ્યું,

"શેઠ, આ પીપડું ખરીદી લેશો ?" આમ તો પરગજુ ને ઉદાર દિલના લિંકને આમતેમથી પૈસા ભેગા કરીને ગાડાવાળા પાસેથી પીપડું ખરીદી લીધું ને એક ખૂણામાં મૂકી દીધું.

પીપડું ખાલી છે કે ભરેલું ને તેમાં શું છે તે જોવાની પણ લિંકને પરવા ન કરી. પીપડું ત્યાં જ પડી રહ્યું.

પરંતુ એક દિવસ દુકાનની સાફ-સફાઈ કરતાં પહેલાં પેલું પીપ ઊંધું પાડ્યું તો તેમાંથી એક પુસ્તક મળ્યું. પુસ્તક જોતાં જ લિંકનના આનંદનો પાર ન રહ્યો !

પુસ્તકપ્રેમી લિંકને કચરામાંથી મળેલું પુસ્તક સાફ કર્યું ને જોયું તો એ કાયદાનું અગત્યનું પુસ્તક હતું. નામ હતું - 'બ્લેક ટોન્સ

કૉમેન્ટરી'. આ પુસ્તક અમેરિકાના કાયદાઓ અંગેનું પ્રમાણભૂત જાણીતું પુસ્તક હતું, અને તે અપ્રાપ્ય હતું.

લિંકનને તો ભાવતું હતું ને વૈદે બતાવ્યું એ પ્રમાણે બન્યું. બધાં કામ પડતાં મૂકીને લિંકને આખું પુસ્તક રસપૂર્વક વાંચી લીધું અને એ પુસ્તકે લિંકનને કાયદાના અભ્યાસ તરફ વાળ્યા.

ઍબ્રહામ લિંકન એક જુવાન વકીલના પરિચયમાં આવ્યા. તેમણે લિંકનને વકીલ બનવા માટે અનુરોધ કર્યો અને કહ્યું : ‘‘લિંકન, તમારું જ્ઞાન જોઈને મને લાગે છે કે તમે અચ્છા વકીલ તરીકે ખ્યાતિ મેળવશો.’’

યુવાન વકીલે લિંકનને કાયદાનાં પુસ્તકો વાંચવા માટે આપ્યાં અને કહ્યું : ‘‘જરૂર પડે ત્યારે બીજાં પુસ્તકો પણ વાંચવા લઈ જઈ શકો છો.’’

હવે તો લિંકન ધારાસભામાં હાજરી આપતા ને કાયદાનો ઊંડો અભ્યાસ પણ કરતા હતા, કારણ કે તેમને ખ્યાતનામ વકીલ બનવું હતું.

લિંકને વકીલાત કરવાની સનદ પણ મેળવી લીધી અને સ્ટુઅર્ટ સાથે વકીલાતની ભાગીદારી પેઢીની શરૂઆત કરી દીધી.

લિંકનના માથા પર જેટલા વાળ હતા એટલું એમના માથે દેવું થઈ ગયું હતું. લિંકનના ગજવામાં થોડાક જ પૈસા હતા. તે લઈને તેઓ ઘોડા પર બેસીને સ્પ્રિંગફિલ્ડ ગયા.

શહેરમાં આવ્યા તો ખરા પણ રહેવું ક્યાં એ મોટો પ્રશ્ન થઈ પડ્યો. તેઓ એક દુકાનદાર પાસે ગયા ને કહ્યું :

‘‘ભાઈ, મારી પાસે સામાન ખરીદવા માટે પૈસા નથી. પરંતુ હું

અહીં વકીલાત કરવા આવ્યો છું. જો તમે મને માલ-સામાન ઉધાર આપશો તો હું ધીરે ધીરે પૈસા ચૂકવી દઈશ.''

વેપારીને યુવાનના અવાજમાં સચ્ચાઈ, નિખાલસતા અને પ્રામાણિકતાનો રણકો સંભળાયો એટલે તેણે કહ્યું : ''ભાઈ, તમે મારી દુકાનના માળ પર આરામથી રહી શકો છો.''

વેપારીના આ શબ્દો સાંભળીને લિંકનનો ચહેરો ખીલી ઊઠ્યો.

લિંકનને પ્રભુમાં વિશ્વાસ હતો. અને મહેનત કરવાની લગન હતી. એટલે તેનાં કામ આપોઆપ પતી જતાં હતાં.

હવે તો લિંકનને વગર ભાડાનું સુંદર મજાનું નિવાસસ્થાન મળી ગયું અને જમવા માટેની સગવડ પણ થઈ ગઈ.

લિંકનના જીવનમાં તેના મિત્રોએ ઘણો જ સાથ આપ્યો હતો.

૨૮ વર્ષની યુવાન વયે લિંકન સ્પ્રિંગફિલ્ડમાં રહેવા આવ્યા અને આપબળે આગળ વધી યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ થયા ત્યાં સુધી એટલે લગભગ પચીસ વર્ષ સુધી તેઓ ત્યાં જ રહ્યા હતા.

લિંકનનાં લગ્ન થયાં ન હતાં. લિંકનને તેના બે મિત્રો સ્પીડ અને બટલર બધી સગવડ કરી આપતા હતા. લિંકનના આવ્યા પછી સ્પીડની દુકાન યુવાનો માટેની ક્લબ બની ગઈ હતી.

ક્લબમાં યુવાનો આવતા હતા ને રાજકારણ, સમાજ અને સાહિત્યની ચર્ચાઓ કરતા હતા. આ ક્લબમાં ગામ-ગપાટા કે આવારા ગર્દી કદી પણ થતાં ન હતાં.

આ રીતે ઍબ્રહામ લિંકનને પ્રત્યેક ક્ષેત્રે અણધારી પ્રાપ્તિ થઈ જતી હતી.

લિંકનને તો જીવનનું ધ્યેય પૂરું કરવું હતું. તેમને માન મરતબો કે મોભો જોઈતો ન હતો. આજની નેતાગીરીની જેમ એમને ધન એકઠું કરવાની જરા પણ લાલચ ન હતી. એટલે મૂક સેવક બનીને સમાજની સેવા કરતા રહ્યા.

• • •

મન જ મનુષ્યને સ્વર્ગ અથવા નરકમાં લઈ જાય છે. સ્વર્ગ અથવા નરકમાં જવાની ચાવી ઈશ્વરે આપણા હાથમાં જ મૂકી દીધી છે.

# ૭ સાંસારિક જીવન

હવે આપણે મહાત્મના એબ્રાહામ લિંકનના સાંસારિક જીવનમાં જરા ડોકિયું કરીને જોઈએ કે તેમનો સંસાર કેવો હતો.

શરમાળ સ્વભાવના છતાં મહેનતકશ લિંકને પિતાના ઘરને અલવિદા આપી ત્યાર પછી તેમની સ્થિતિમાં આફતોની આંધી ફુંકાવા માંડી.

જ્યારે તેઓ વકીલાત કરવા સ્પ્રિંગફિલ્ડમાં આવ્યા ત્યારે તેમની દશા કફોડી હતી. નીચે ધરતી ને ઉપર આકાશ એ એમની જાગીર હતી.

આવી કફોડી સ્થિતિમાં પણ અલગારી એબ્રહામે વકીલાતના ધંધામાં ભારે પ્રતિષ્ઠા મેળવી લીધી. ધારાસભ્ય બન્યા પરંતુ તેમની સ્થિતિમાં કોઈ ફેર ન પડ્યો.

લિંકન ત્રણ દાયકા વટાવી ચૂક્યા હતા. પરંતુ પ્રભુતામાં તેમણે પગલાં મૂક્યાં ન હતાં.

એબ્રહામ લિંકન જે હૉટલમાં જમતા હતા, ત્યાં એક યુવતી રહેતી હતી. લિંકનનો સ્વભાવ જોઈ યુવતીનું આકર્ષણ તેમના પ્રત્યે વધતું ગયું. બંને એકબીજાના પરિચયમાં આવતાં ગયાં. ધીરે ધીરે તેમનું આકર્ષણ વધતું ગયું.

પરંતુ ઉછાંછળા યુવાનની જેમ એબ્રહામ લિંકન વિવેક ભૂલીને પગલું ભરે તેવા ન હતા.

કારણ કે તેઓ સમજતા હતા કે એક ગરીબ કુટુંબમાં જન્મી અઘોર જંગલમાં ઊછરી તેઓ આગળ આવ્યા હતા.

જે યુવતીના પરિચયમાં લિંકન આવ્યા તે યુવતીનાં વેવિશાળ

થઈ ગયાં હતાં તેની જાણ થતાં જ લિંકને મન મનાવી લીધું. પરણેતર યુવતીના પરિચયમાં આવવું તેમને મન પાપ હતું.

પરંતુ મનુષ્ય ધારે છે શું ને પ્રભુની મરજી શું હોય છે તેની જાણ કોઈને હોતી નથી. તે પ્રમાણે યુવતીનો યુવાન પતિ આવારા હતો. અને યુવતીને નિરાધાર મૂકીને તે ભાગી ગયો. એટલે યુવતીના પિતાએ તેનું વેવિશાળ ફોક કરી નાખ્યું.

જાણે કે લિંકનના જીવનમાં લગ્નસુખ લખાયું ન હતું. એટલે એ યુવતી પ્લેગના પંજામાં ઝડપાઈ ગઈ અને મોતને વહાલું કરી લીધું. આ બધું લિંકન એક સાક્ષી બનીને સંસારની ઘટનાને જોઈ રહ્યા હતા.

લિંકનની પૂંજીમાં તેમને મદદ કરે તેવું મિત્ર-ધન પુષ્કળ હતું. એટલે તેઓ જીવનકર્તવ્ય હિંમતભેર કરે જતા હતા. આફતોનો સામનો કરવા તેઓ સદૈવ કમર કસીને ઊભા રહેતા હતા. લિંકન જિંદગીમાં કદી પણ નિરાશ થયા ન હતા.

થોડા દિવસ બાદ લિંકન એક બીજી યુવતીના પરિચયમાં આવ્યા. તે યુવતીનું નામ હતું મૅરી.

મૅરી દેખાવડાં, કુલીન અને સંસ્કારી હતાં. તેમને શ્રીમંતાઈનો મોહ જરા પણ ન હતો. અનેક શ્રીમંત યુવાનોને છોડી ગરીબ અને સામાન્ય કુટુંબના નબીરા લિંકન તરફ તેમની પસંદગી ઊતરી. મૅરી યુનાઈટેડ સ્ટેટ્સના ભાવિ પ્રમુખની પત્ની બનશે એવી કોઈને પણ કલ્પના ન હતી.

આપકર્મી લિંકન સ્વપ્રયત્નથી આગળ આવ્યા હતા. મૅરી અને લિંકન વચ્ચેનો પરિચય ચરમ સીમા વટાવી ગયો અને મૅરીએ લિંકન સાથે લગ્ન કરી લીધાં. આ રીતે લિંકનના જીવનનો નવો તબક્કો શરૂ

થયો.

લિંકનની રાજકીય પ્રવૃત્તિમાં તેમનાં ધર્મપત્ની મૅરીએ સાથ આપવા માંડ્યો અને એક મંત્રી તરીકેની ફરજ નિભાવવા માંડ્યાં.

લગ્નજીવન લિંકનને વિટંબણાવાળું લાગવા માંડ્યું, કારણ કે સિદ્ધાંતોમાં મૅરી અને લિંકન વચ્ચે ઘર્ષણ ઊભાં થયાં. પોતે ભાવનાશાળી, પરગજુ, બીજાને માટે ઘસાઈ છૂટે એવા સાદા, સ્વાવલંબી, સંતોષી, નિર્દંભી અને નિઃસ્વાર્થી હતા જ્યારે તેમનાં પત્ની મૅરી એથી વિરુદ્ધ સ્વભાવનાં હતાં.

એટલે બંને વચ્ચે મેળ જામતો ન હતો. એક સામાન્ય ઝૂંપડીમાં જન્મેલા લિંકને એક સામાન્ય ઓરડીમાં પોતાનો ઘરસંસાર શરૂ કર્યો હતો.

બે વર્ષમાં લિંક્ને નાનકડું ઘર વસાવી લીધું. તેમાં મૅરી પણ કરકસરથી સંસાર ચલાવતી હતી. આમ લિંકન - મૅરીનો સંસારરથ રગડદગડ ચાલતો હતો.

લિંકનની સહનશક્તિ પણ બેનમૂન હતી. એકવાર ઘરની નોકરાણી કહ્યા વગર ચાલી ગઈ. તે જ્યારે પાછી આવી ત્યારે મૅરીએ તેને ખૂબ ધમકાવી. આ સાંભળીને નોકરાણીનો પતિ લિંકન પાસે ગયો ને મૅરી વિરુદ્ધ ફરિયાદ કરી.

ત્યારે ઠંડે કલેજે લિંકને કહ્યું, ‘‘ભાઈ, આમાં કાંઈ જ નવું નથી. મૅરીનો સ્વભાવ જ એવો છે. મને ઘણો જ અફસોસ થયો છે. પરંતુ છેલ્લાં પંદર વર્ષથી મૅરીના ગુસ્સાને હું સહન કરતો આવ્યો છું. તો ભાઈ, તમે પણ થોડીવાર સહન કરી લો.’’

ફરિયાદ કરવા આવેલા નોકરાણીના પતિને લાગી આવ્યું. તરત

જ તેણે લિંકનની માફી માગી અને ત્યાંથી ચાલતો થઈ ગયો.

પહેલી કામવાળી ચાલી ગઈ ને બીજી કામવાળી બાઈ આવી અને તે ટકી ગઈ.

આ જોઈને બધાને આશ્ચર્ય થયું.

પરંતુ આ વાતનું રહસ્ય એ હતું કે લિંકને પહેલેથી જ નવી કામવાળી બાઈને મૅરીના ગુસ્સાની બધી વાત કહી દીધી હતી. ને મૅરીનો ગુસ્સો સહન કરી લેવા તેને ખાસ તાકીદ કરી હતી. એ બાઈ પણ સમજી ગઈ હતી. એટલે મૅરીનો ગુસ્સો તે સહન કરી લેતી ને કામ કર્યે જતી.

આ રીતે લિંકન પ્રત્યેક કાર્યમાં યુક્તિ વાપરતા હતા ને નભાવી લેતા.

લિંકનનું વ્યક્તિત્વ અનોખું હતું. તેમની પાસે કોઈ ફંડફાળો લેવા આવતું તો લિંકન તેને કદી પણ ખાલી હાથે જવા દેતા નહિ. લિંકન પોતે માલદાર ન હતા, પરંતુ દિલના ઉદાર હતા. પણ મૅરીને આ બધું પસંદ ન હતું. એટલે તે અકળાઈ જતાં અને લિંકન ફાળો આપવા જાય ત્યારે તે રકમ લઈ લેતાં અને અડધો જ ફાળો આપતાં છતાં પણ લિંકન બધું સહન કરી લેતા.

લિંકન મૅરીનો સ્વભાવ સમજી ગયા હતા. અને પોતાની વકીલ-બુદ્ધિનો આશરો લઈ કોઈ પણ ફાળો લેવા આવે ત્યારે જે રકમ આપવાની હોય તે કરતાં બમણી રકમ આપતા એટલે મૅરી તેમાંથી અડધી રકમ લઈ લેતી એથી લિંકનને જે ફાળો આપવાનો હોય તેટલો જ અપાતો.

લિંકનની આ ચતુરાઈથી તેમનું કામ આસાન બની જતું અને મૅરીને પણ સંતોષ મળી જતો.

એક દિવસ એક છોકરો આગ બુઝાવવા માટેના બંબા માટે ઉઘરાણું કરવા લિંકનની ઑફિસે આવ્યો. એ વખતે લિંકન વકીલાત કરતા હતા.

લિંકને પેલા છોકરાને કહ્યું : ''બેટા, તું સાંજે મારા ઘેર આવજે. ફાળો તને મારી પત્ની આપશે.''

લિંકને અજમાવેલી યુક્તિ મુજબ પેલો છોકરો લિંકનના ઘેર ફાળો લેવા ગયો અને લિંકને મૅરીના હાથે જ ફાળો અપાવ્યો. એટલે મૅરી ખુશ થઈ ગઈ ! લિંકનના સાંસારિક જીવનમાં આવા પ્રસંગો ડગલે ને પગલે ઊભા થતા હતા. પરંતુ મૅરીના ગુસ્સા સામે લિંકન શાંત બનીને કામ કઢાવી લેતા.

આપણે સંત તુકારામના જીવન-પ્રસંગો તો વાંચ્યા છે. તેમનાં પત્નીના ગુસ્સાની વાતો પણ વાંચી છે, જ્યારે સંત લિંકનના જીવન-પ્રસંગો તો ખૂબ જ પ્રેરણા આપે તેવા છે.

લિંકનનો ઘરકંકાસ તેમને ઉપકારક જ નીવડતો હતો. ઘણી વાર તો તેઓ ત્રાસી પણ જતા ને ઘર બહાર નીકળી જતા. જ્યારે પત્નીનો ગુસ્સો ઠંડો પડે ત્યારે ઘરમાં આવતા હતા.

ઘણી વાર તો વાતાવરણ તંગ બની જતું ત્યારે ઍબ્રહામ લિંકન ઓરડાની છત તરફ નજર સ્થિર કરીને કલાકોના કલાકો સુધી ચત્તાપાટ પડી રહેતા ને વિચારસાગરમાં ડૂબી જતા.

લિંકન પોતાની સાવકી માને સગી મા કરતાં પણ વધુ ચાહતા હતા. પરંતુ મૅરીના ગુસ્સાને લીધે તેઓ કોઈને પોતાના ઘેર બોલાવતા ન હતા. સગાંસંબંધીઓ પણ મૅરીના ગુસ્સાને જાણી ગયાં હતાં.

આશ્ચર્યની વાત તો એ હતી કે લિંકન પોતાનું દુઃખ કે બીજી કોઈ

વાત બીજાને કહેતા ન હતા. બધું મૂગે મોઢે સહન કરી લેતા. પોતાના ઘરસંસારની વિટંબણાઓ કે હૃદયનો ઊભરો કદી પણ બીજા આગળ ઠાલવતા ન હતા.

પોતાના પુરુષાર્થમાં અતૂટ શ્રદ્ધા રાખનારા લિંકનના ઘરના પ્રતિકૂળ સંજોગો આડકતરી રીતે ઉપકારક જ નીવડ્યા.

ઘરસંસારના પ્રતિકૂળ સંજોગોની લિંકનને જરા પણ પરવા ન હતી. તેઓ વાંચનમાં અને રાજકારણની દુનિયામાં રચ્યાપચ્યા રહેતા. ધ્યેયની પૂર્તિ કરવામાં તેઓ કૃતનિશ્ચયી હતા.

જનતા સાથેનો નિરંતર સંપર્ક અને આત્મીયતાનું પરિણામ એ આવ્યું કે તેઓ સમાજમાં લોકપ્રિય બની ગયા. લિંકનની વધતી જતી લોકપ્રિયતાથી કંકાસ કરતી મૅરી લિંકન તરફ વધુ આકર્ષાઈ ને ધીરે ધીરે તેનો કંકાસ ઓછો થતો ગયો.

મનુષ્યની અસીમ સહનશીલતા કેવું પરિણામ લાવે છે. તેનું ઉત્તમ ઉદાહરણ લિંકને સિદ્ધ કરી બતાવ્યું.

● ● ●

જો બુદ્ધિરૂપી હોડી મનરૂપી પવનને વશ થાય, તો તે તેને તારી શકે નહિ પણ ડૂબાડી દે.

## ૮ પ્રેયને બદલે શ્રેયને વહાલું કર્યું

એબ્રહામ લિંકન પ્રખર ધારાશાસ્ત્રી જ નહિ પરંતુ એક મહાન સંતના રૂપમાં ઊપસી આવ્યા, કારણ કે તેમની રીતભાત વકીલો કરતાં ન્યારી અને પ્યારી હતી. પરમ હિતકારી વકીલ લિંકનની સર્વત્ર વાહ વાહ થવા લાગી.

સામાન્ય રીતે વકીલાતનો ધંધો પ્રામાણિક નથી ગણાતો. કાવાદાવા, જૂઠનું સાચ ને સાચનું જૂઠ, છેતરપિંડી, સાક્ષીઓને ફોડી નાખવા, લાંચ-રુશવતથી કેસ નબળો કરી દેવો, ચાલબાજી કરવી - આ બધું વકીલાતના ધંધા સાથે સંકળાયેલું હોવા છતાં લિંકન તેનાથી અલિપ્ત રહ્યા.

વકીલાતના ધંધામાં પ્રામાણિકપણે કાર્ય કરી લિંકને ધંધાનું ગૌરવ વધાર્યું. તેઓ પ્રલોભનને કદી પણ વશ ન થયા. પરિણામ એ આવ્યું કે તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ કંગાળ બનતી ગઈ, માથે દેવાનો ભાર વધી ગયો.

આવી વિકટ પરિસ્થિતિમાં પણ લિંકને હરામની કમાણીને ઠોકરે મારી. ભૌતિક સુખને બદલે સત્ય, ન્યાય અને ઈમાનદારીને મહત્ત્વ આપ્યું. એ રીતે લિંકને પ્રેયને બદલે શ્રેયને વહાલું કર્યું.

અનેક સંઘર્ષોનો સામનો કરી લિંકને હિંમતપૂર્વક ન્યાયથી જ વકીલાતનો ધંધો કર્યો.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે એમ કલ્યાણ અને શ્રેયને માર્ગે જનારનું કદી પણ અહિત થતું નથી. એ રીતે લિંકન પણ સત્ય અને ન્યાયને માર્ગે ચાલીને વકીલાત કરતા રહ્યા ને યશ પામતા રહ્યા. વકીલોના ધંધામાં તેમણે ઈમાનદારીનો આદર્શ પુરવાર કરી બતાવ્યો.

પોતે જે કેસ લડતા હોય તેમાં જીત મેળવવા માટે તેમણે કદી પણ છટકબારી શોધી ન હતી. સાચી વ્યક્તિને ન્યાય અપાવવા માટે લિંકને કાયદાનો સાચો ઉપયોગ કર્યો. અને તેમાં જ તેમને રસ હતો. કેસ ગમે એટલો અટપટો કે આંટીઘૂંટીવાળો હોય તોપણ તેની રજૂઆત તેઓ બાહોશીથી કરતા અને કેસ જીતી જતા. ન્યાયાધીશો પણ લિંકનની દલીલોને વિનાસંકોચે માન્ય રાખી લેતા. તેઓ માનતા હતા કે લિંકન અદાલત સમક્ષ કદી પણ જૂઠી દલીલો કરશે નહિ અને ખોટો કેસ લડશે નહિ.

જીવનના આરંભમાં તેમને ભારે હાલાકી વેઠવી પડી હતી. પરંતુ કોઈની સહાય વિના, એકલે હાથે, ઈશ્વરમાં શ્રદ્ધા રાખી તેમણે માર્ગ કાઢી લીધો અને સફળ બન્યા. તેઓ એક ન્યાયપ્રિય, સાચા અને સત્યનિષ્ઠ વકીલ તરીકે પ્રસિદ્ધ થયા.

સુખડ જેમ જેમ ઘસાય છે તેમ તેમ તે વધારે સુગંધ આપે છે અને શેરડીના સાંઠાને જેમ જેમ ચાવતા જઈએ તેમ તેમ વધુ મીઠાશ આવતી જાય છે, તપાવવાથી સોનાનો રંગ વધારે દીપી નીકળે છે. એ રીતે ઉત્તમ પુરુષોનો સ્વભાવ આપત્તિ વખતે પણ બદલાતો નથી. પ્રાણ જાય પરંતુ વચન મિથ્યા ન જાય તેવી તેમની નેમ સચવાઈ રહે છે.

એ પ્રમાણે લિંકનમાં રહેલા સદ્‌ગુણો આપદ્‌કાળમાં લુપ્ત થવાને બદલે વધારે પ્રફુલ્લિત બન્યા.

જીવનનિર્વાહ પૂરતો જ લિંકન વકીલાતનો ધંધો કરતા હતા. તેમને ધનના ઢગલા ભેગા કરવા ન હતા. નિર્દોષોને સજા કરાવી મોં-માગ્યા પૈસા પડાવવા ન હતા. એ રીતે ન્યાય, સદાચાર, પ્રામાણિકતા અને ચારિત્ર્યની જાળવણી કરીને લિંકન વકીલાતનો વ્યવસાય સફળતા-પૂર્વક કરતા હતા.

લિંકન ચોક્કસપણે માનતા અને તેનો ચુસ્તપણે અમલ પણ કરતા કે જો ધન જતું રહેશે તો કશું ગુમાવાશે નહિ, જો સ્વાસ્થ્ય ગુમાવાશે તો કંઈક ગુમાવ્યું છે તેમ લાગશે; પણ જો ચારિત્ર્ય જશે તો સર્વસ્વ ગુમાવ્યું છે તેમ સમજીશ. એટલે તેમણે પોતાના ચારિત્ર્યને કલંકિત થવા દીધું ન હતું.

પ્રલોભન એમના જીવનની નૈતિકતાની, શીલની દીવાલને ઓળંગવાને કે લલચાવવા અસમર્થ હતું.

ઍબ્રહામ લિંકને ગરીબ કે નિરાધાર અસીલ પાસેથી કદી પણ ફીની માગણી કરી ન હતી. ક્યારેક તો અસીલનો બધો ખર્ચ પણ પોતે આપતા.

દાવો ગમે તેટલો મોટી રકમનો હોય પણ લિંકનની ફી તો એમના સિદ્ધાંત મુજબની જ લેતા. એ સમયમાં અદાલત કસબાઓમાં ફરતી રહેતી. એટલે ફરતી કૉર્ટ સાથે વકીલો અને ન્યાયાધીશોને પણ પ્રવાસ કરવો પડતો હતો. લિંકન પણ પ્રવાસમાં જોડાતા હતા.

ગામમાં કૉર્ટ આવી છે ને સાથે લિંકન છે તે વાતની ખબર પડતાં જ લોકો તેમનું સ્વાગત કરવા ઊમટી પડતા હતા. ગરીબો તો તેમને ભગવાન ગણતા હતા. એટલે લિંકન વકીલ તરીકે પણ સૌના હૃદયમાં છવાઈ ગયા હતા, કારણ કે તેમને ન્યાયની લડત લડવી હતી. નિર્દોષને સજા ન થાય એ એમની નેમ હતી.

ગરીબોના બેલી અને માનવતાના પૂજારી લિંકનને ગરીબ ખેડૂતો પગે પડતા હતા.

એકવાર એક અસીલ મોટી રકમનો દાવો લડવા લિંકન પાસે આવ્યો. તેણે કેસની બધી વિગત લિંકનને સમજાવી. લિંકને શાંતિપૂર્વક

તેની બધી વાત સાંભળી લીધી ને બોલ્યા : ''ભાઈ, આ કેસ હું જીતાડી શકું તેમ છું, પરંતુ તેમ કરવાથી એક પ્રામાણિક કુટુંબ ઉપર ભારે આપત્તિ આવી પડે તેમ છે. જો તેમ થાય તો જવાબદાર હું ગણાઉં, એટલે એ કેસ હું લઈશ નહિ. તમે કોઈ બીજો વકીલ શોધી લો.

''હા, હું તમને આ બાબતમાં એક સલાહ જરૂર આપીશ કે, આ બધા કાગળો લઈને તમે ઘેર ચાલ્યા જાવ અને દાવાની રકમ વસૂલ કરવા કોઈ પ્રામાણિક ઉપાય શોધી કાઢો તેમાં જ તમારું શ્રેય છે.''

પેલા માણસને થયું કે આ કેસ લિંકન જ જીતાડી શકે તેમ છે. એટલે તેણે લિંકનને દાવો લડવા માટે મોટી રકમની ફી આપવાની લાલચ આપી ત્યારે લિંકને કહ્યું : ''એક ગરીબ કુટુંબની દુર્દશા કરે તેવો કેસ હું કોઈ પણ ભોગે સ્વીકારીશ નહિ, અને બીજો વકીલ તમને આ કેસ જીતાડી આપે તેમ નથી એની હું ખાતરી આપું છું.''

પેલા માણસે કેસ લડવાનો વિચાર માંડી વાળ્યો અને પોતાને ઘેર ચાલ્યો ગયો.

આ રીતે લિંકને મોટી ફી જતી કરીને એક ગરીબ કુટુંબને બચાવી લીધું.

બીજો એક પ્રસંગ એવો બનેલો કે એક પૈસાદાર માણસ એક ગરીબ માણસ પાસે પૈસા માગતો હતો. પરંતુ તે એટલો બધો કંગાળ હતો કે એક પાઈ પણ આપી શકે તેમ ન હતો.

પૈસાદાર માણસ લિંકન પાસે કેસ લઈને આવ્યો ને કેસની વિગત સમજાવી ને કેસ લડવાની માગણી કરી.

લિંકને પ્રેમથી કહ્યું; ''ભાઈ ! તમારી પાસે પુષ્કળ ધન છે અને એ ગરીબ માણસને ખાવાનાં પણ ફાંફાં છે. તો તેના પર કેસ કરવાનું

માંડી વાળો અને તમારી જીદ છોડી દો.

"તમે જો ગરીબની રકમ જતી કરશો તો તમને કોઈ ફરક પડવાનો નથી. પણ તે તમને દુઆ દેશે. સાથે સાથે કૉર્ટના તમારા ધક્કા અને ખર્ચ પણ બચી જશે."

પણ શ્રીમંત તો પૈસાના તોરમાં પોતાની જીદ પર અડગ હતો. તે બોલ્યો : "આ કેસ પાછળ ગમે તેટલો ખર્ચ થાય તો તેની મને પરવા નથી, મારે તો એને પાયમાલ કરી દેવો છે."

લિંકને કહ્યું : "તમે એને શું પાયમાલ કરવાના છો ? એ તો પહેલેથી જ પાયમાલ થઈ ગયેલો છે."

લિંકન શ્રીમંતની જીદ સમજી ગયા. એટલે યુક્તિથી કામ લેવાનું નક્કી કર્યું.

"ચાલો, હું તમારો કેસ લડવા તૈયાર છું પણ એની ફીના તમારે દસ ડોલર ચૂકવવા પડશે." લિંકન બોલ્યા.

"વકીલ સાહેબ, લ્યો આ દસ ડોલર ને કેસના કાગળો. કેસ તરત જ દાખલ કરો ને એ હરામખોરને બરાબર પાઠ ભણાવી દો. એને એ ખબર નથી કે પૈસાના જોરે બધું જ થઈ શકે છે."

ફી આપીને શ્રીમંત ઘેર ગયો. એટલે લિંકને પેલા ગરીબ માણસને બોલાવ્યો ને કહ્યું : "લે, આ પાંચ ડોલરને તારું જે દેવું છે તે તું પતાવી દે. આજે જ દેવું ચૂકવી દેજે. પણ યાદ રાખજે કે મેં તને પાંચ ડોલર આપ્યા છે તે વાત કોઈને પણ કહીશ નહિ."

પેલા ગરીબ માણસે લિંકનની સૂચના મુજબ દેવું ચૂકવી દીધું. અને ઘેર ચાલ્યો ગયો. બીજે દિવસે પેલો શ્રીમંત લિંકન પાસે આવ્યો ને બોલ્યો : "વકીલ સાહેબ, પેલો ગરીબ તેનું દેવું ચૂકતે કરી ગયો છે.

હવે કેસ ચલાવવાની જરૂર રહેતી નથી.''

ત્યારે લિંકને તેને પાંચ ડોલર આપીને કહ્યું : ''લ્યો, આ તમે જે ફી આપી હતી તેમાંની અડધી ફી પાછી આપું છું.''

આમ લિંકને કુનેહ વાપરી બંને પક્ષોને રાજી કર્યા. ગરીબ દેવામાંથી મુક્ત થયો અને શ્રીમંતની જીદ પણ પૂરી થઈ.

એક વકીલ આવી માનવતા વાપરે એ કેવી મહાનતા ગણાય ?

એક વખતે ઍબ્રહામ લિંકન તેમની ઑફિસમાં બેઠા બેઠા અખબાર વાંચી રહ્યા હતા. એટલામાં એક સૈનિકની વિધવાબાઈ આવી.

બાઈ વૃદ્ધ હતી એટલે લિંકને તેને બેસવા કહ્યું ને પૂછ્યું. 'માજી! બોલો, આપને શું કહેવું છે ? ત્યારે બાઈ બોલી : ''વકીલ સાહેબ, હું સૈનિકની ગરીબ વિધવા છું. મારા પતિને મળનારી પેન્શનની રકમ એક એજન્ટે સરકાર પાસેથી મેળવી લીધી. તેણે મારી સહી કરાવી લીધી, પરંતુ પેન્શનની રકમમાંથી મને અડધી જ રકમ આપી છે. હવે હું કોને કહું ? કોની પાસે ફરિયાદ કરું ? હું થાકીને તમારી પાસે આવી છું તે એટલા જ માટે કે તમે મારો કેસ લડી આપો. પેટે પાટા બાંધીને મજૂરી કરીને પણ હું તમારી ફી આપી દઈશ.''

વિધવા બાઈનો કેસ લિંકને સમજી લીધો. તેમના ગુસ્સાનો પાર ન રહ્યો ! પેન્શન-એજન્ટ એના મનમાં સમજે છે શું ? આવી ગરીબ વિધવાની પેન્શનની રકમ પૂરી અપાવવાને બદલે અડધી રકમ હડપ કરી જાય એ તો સરાસર અન્યાય છે. આવો અન્યાય જરા પણ સાંખી ન લેવાય. તેમણે કહ્યું : ''માજી ! તમે જરા પણ ચિંતા કરશો નહિ. હું તમારો કેસ લડીશ. અને એ પેન્શન એજન્ટને એવો પાઠ ભણાવીશ કે તે તમારી હડપ કરેલી રકમ આપી જશે ને ફરી આવું કામ નહિ કરે.''

ઍબ્રહામ લિંકને તરત જ દાવો તૈયાર કરી નાખ્યો અને કૉર્ટમાં જઈને કેસ દાખલ કરી દીધો.

લિંકનનો કેસ બોર્ડ પર આવ્યો એટલે લિંકને જોરદાર દલીલો કરી અને પુરવાર કરી બતાવ્યું કે પેન્શન એજન્ટે ભરેલું પગલું ગેરવાજબી અને અન્યાયી છે.

લિંકન કેસ જીતી ગયા અને વિધવાબાઈને તેની રકમ અપાવી અને કૉર્ટમાંથી બહાર આવ્યા.

વૃદ્ધ બાઈએ લિંકનને ફીની રકમ આપવાની વાત કરી ત્યારે લિંકન બોલ્યા : "માજી ! તમારો કેસ મેં ફી લેવા કે પ્રતિષ્ઠા વધારવા લીધો નથી. પણ આવા ભ્રષ્ટાચારી ફરીવાર આવું અન્યાયી કૃત્ય ન આચરે તે માટે જ લીધો હતો. મારે તમારી પાસેથી ફીની એક પાઈ પણ લેવાની નથી, કારણ કે ગરીબી શું છે તે હું જાણું છું."

માજી રાજી થતાં થતાં લિંકનને આશીર્વાદ આપતાં ઘેર ગયાં.

એકવાર એક યુવતી લિંકન પાસે આવીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડી.

મહા મહેનતે લિંકને તેને શાંત પાડીને પૂછ્યું : "બહેન, તું રડે છે શા માટે ?"

"સાહેબ, મારી જમીન એક માણસે પચાવી પાડી છે. એ મને પાછી અપાવો."

"બહેન, તું રડ્યા વિના બધી વિગત મને સમજાવ એટલે શું કરવું તે હું વિચારી શકું." લિંકને તેને આશ્વાસન આપ્યું.

યુવતીએ સરળભાવે બધી જ વાત લિંકનને સમજાવી દીધી.

લિંકને કેસ હાથમાં લીધો.

કેસ ચાલતો હતો એ દરમ્યાન પેલી છોકરીનાં લગ્ન થઈ ગયાં. કેસ થોડા દિવસ ચાલ્યો. એ કેસમાં લિંકનને સફળતા મળી. લિંકન કેસ જીતી ગયા ને યુવતીને તેની જમીન પાછી મળી ગઈ.

યુવતી તેના પતિને લઈને લિંકનને ફી આપવા માટે આવી અને ફીની રકમ લિંકનના ટેબલ પર મૂકી.

ત્યારે લિંકન હસવા માંડ્યા ને કહ્યું : ‘‘બેટા, આ રકમ હું તને પરત કરું છું. હું તારા લગ્નમાં તો આવી શક્યો ન હતો, પરંતુ આ તારાં લગ્નની ભેટ સમજી તારી પાસે જ રાખી લે.’’

લિંકનની મહાનતા જોઈ નવદંપતીના આશ્ચર્યનો પાર ન રહ્યો!

● ● ●

બીજા માણસના હૃદયને જીતી લેનાર માણસ નસીબદાર ગણાય. પરંતુ જેણે પોતાની જાતને જીતી લીધી છે તેના જેવો ભાગ્યશાળી બીજો કોઈ નથીં.

## સત્યમેવ જયતે

ઍબ્રહામ લિંકન વકીલાતનો ધંધો કરતા હતા પણ સંપૂર્ણ ઈમાનદારીથી તેમણે 'સત્યમેવ જયતે' ના સૂત્રને અપનાવ્યું હતું.

લિંકનનો એક વકીલ મિત્ર હતો. તેણે એક અસ્થિર મગજની છોકરીનો કેસ હાથમાં લીધો.

પાગલ છોકરી પાસે મોટી રકમ હતી. એ રકમ હડપ કરી લેવા એક આવારા છોકરાએ તેની સાથે લગ્ન કરવાનું વચન આપી, છોકરીને ફસાવીને બધી મિલકત પડાવી લીધી અને લગ્ન કરવાની વાત બાજુએ મૂકી દીધી તથા રકમ લઈને પોબારા ગણી ગયો.

છોકરીના ભાઈને આ વાતની ખબર પડી એટલે તે લિંકન પાસે ગયો. પરંતુ લિંકનની મુલાકાત ન થઈ એટલે તે બીજા વકીલને મળ્યો. વકીલે કેસ જોયો અને તે સમજી ગયો કે આ કેસ લિંકન વિના કોઈ જીતી શકે તેમ નથી.

વકીલે કેસ તો લઈ લીધો ને ફીની રકમ પણ મોટી એવી નક્કી કરી લીધી. વકીલ લિંકન પાસે ગયો ને તેની ભાગીદારીમાં કેસ લડવાનું નક્કી કર્યું. તેઓ કેસ જીતી ગયા.

પાછળથી લિંકનને આ વાતની ખબર પડી ત્યારે તે દુઃખી થઈ ગયા. અસ્થિર મગજની છોકરીનો કેસ લડવા આટલી મોટી રકમ ન લેવાય તેમ સમજી લિંકને પોતાના ભાગની જે રકમ આવી તે રકમ પેલી છોકરીને પરત કરી દીધી.

આ પ્રકારનું લિંકનનું વર્તન જોઈને ન્યાયાધીશે લિંકનને કહ્યું : ''લિંકન, તમે સાવ મામૂલી ફી લઈને કેસ લડો છો જેથી વકીલાતના ધંધાને હલકો પાડો છો. એથી બીજા વકીલો તમારા વિરુદ્ધ ફરિયાદો કરે છે.''

બીજા વકીલોએ પણ હામાં હા મિલાવી દીધી.

પરંતુ પ્રામાણિકપણે ધંધો કરતા ઍબ્રહામ લિંકનને તેની અસર થાય તેમ ન હતી. તેઓ તો પોતાના સિદ્ધાંત પર અડગ રહ્યા અને વકીલાત કરતા રહ્યા.

પાગલ છોકરીની ફીના પૈસા પરત કરતાં લિંકને ન્યાયાધીશને કહ્યું કે, ''એ પૈસા એક ગરીબ અને ગાંડી છોકરીના છે. એટલે વકીલના નાતે તેને લૂંટી લેવી એ મહા અપરાધ છે. કેસની ફી તેના ધોરણ મુજબ જ લેવાય. ગરજ મુજબ નહિ. આવી બેઈમાની કરી ફી લેવી તેના કરતાં ભૂખે મરવું બહેતર છે.''

લિંકનના આ શબ્દો સાંભળી ન્યાયાધીશ અને બીજા વકીલો ચૂપ થઈ ગયા !

ઍબ્રહામ લિંકન વકીલ તરીકે કેસની સચ્ચાઈ તથા તેના ન્યાયીપણા પર જ ખાસ કરીને આધાર રાખતા હતા.

કોઈ પણ કેસની સચ્ચાઈ વિશે લિંકનને શંકા જતી તો તેઓ કેસ હાથમાં પકડતા જ નહિ. પછી ભલે કોઈ ચમરબંધીનો કેસ કેમ ન હોય.

તેઓ કહેતા કે, ''જૂઠાણાની વકીલાત ન હોય. 'સત્યમેવ જયતે' મુજબ જ વકીલાત થાય.''

એકવાર એમનો મિત્ર લિંકન પાસે સાવ જુઠો કેસ લઈને આવ્યો. લિંકને કેસ વાંચી લીધો અને મિત્રને રોકડું પરખાવી દીધું કે, ''મિત્ર ! આ કેસ હું લડીશ નહિ. આ કેસ લડવા તમારે બીજો વકીલ શોધવો પડશે. લિંકન જુઠો કેસ હાથમાં પણ પકડતા નથી.''

કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. લિંકન બચાવ પક્ષના વકીલ હતા.

એટલે બધા એમ જ માનતા હતા કે એ માણસ સજામાંથી બચી જશે.

પરંતુ ફરિયાદ પક્ષના પુરાવાઓ વાંચ્યા પછી લિંકનને લાગ્યું કે પોતે ખોટા પક્ષના વકીલ છે. તરત જ તેમણે પોતાના સાથી વકીલને કહ્યું : "જેનો બચાવ કરવાનો છે તે માણસ તો ગુનેગાર છે. હવે તમે જ તેનો બચાવ કરજો. હું તેનો બચાવ કરી શકું તેમ નથી. જો હું તેનો બચાવ કરવાનો પ્રયત્ન કરીશ તો મારી દલીલોમાં જ્યુરી કળી જશે કે તે માણસ ગુનેગાર જ છે. અને તેને આકરી સજા થશે. મારાથી તેનો બચાવ થશે નહિ. હું મારા સિદ્ધાંત વિરુદ્ધ વર્તી શકું તેમ નથી." એટલું બોલીને લિંકન કૉર્ટ છોડીને ચાલ્યા ગયા.

એકવાર બન્યું એવું કે લિંકને એક કેસ હાથમાં લીધો અને કૉર્ટમાં કેસની રજૂઆત કરી ત્યારે તેમને લાગ્યું કે કેસ તો સાવ જુઠ્ઠો છે ને અસીલનો બચાવ કરવો એ તો અસત્ય છે. અને અસત્યનો સાથ લિંકન કદી પણ આપે તેમ ન હતા. એટલે ચાલુ કૉર્ટે લિંકન કેસ પડતો મૂકીને ચાલતા થઈ ગયા.

લિંકનના આ વર્તનથી કૉર્ટમાં સન્નાટો છવાઈ ગયો. ન્યાયાધીશને પણ નવાઈ લાગી. લોકો એવું સમજ્યા કે લિંકન ગાંડા થઈ ગયા છે.

થોડીવાર પછી ન્યાયાધીશે લિંકનને બોલાવવા માણસ મોકલ્યો. લિંકન ન્યાયમૂર્તિ પાસે ગયા અને ક્ષમાયાચના કરી કહ્યું :

"સાહેબ, મેં મારા હાથ મેલા કર્યા છે. આ કેસ મેં વાંચ્યો ન હતો ને તે કૉર્ટમાં રજૂ કર્યો એ મારી ભયંકર ભૂલ થઈ હતી. પાછળથી સમજાયું એટલે મેં કેસ પડતો મૂકી દીધો. અને કૉર્ટ છોડીને ચાલતો થઈ ગયો હતો. એમાં કૉર્ટનો અનાદર થયો છે તો તે બદલ ક્ષમા ચાહું છું."

લિંકનનો કૉર્ટમાં વહેવાર અસાધારણ વિરલ અને અનન્ય હતો.

ભલે કેસના કાગળો ઑફિસમાં તૈયાર કરી લીધા હોય પણ તે બધાનો ઉપયોગ કદી પણ કરતા ન હતા. પરંતુ સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાય આનો જ તેઓ વિચાર કરતા.

લિંકન સમજતા કે આત્માને માપવા સારુ સત્યનો ગજ કદી પણ ટૂંકો પડતો નથી.

લિંકનને કેસ લડવા માટે કોઈ પ્રકારની નોંધ કે તૈયારી કરવાની જરૂર રહેતી ન હતી. શાહી કે કલમની પણ દરકાર કરતા ન હતા કારણ કે કૉમ્પ્યુટરની જેમ કેસની સંપૂર્ણ વિગતો તેમના મગજમાં અંકિત થઈ જતી હતી.

સત્યને ત્રાજવે જોખીને વકીલાત કરનારા એ મહાન વકીલ હતા.

વકીલ માટેની તેમની આચારસંહિતા નિરાળી હતી.

ઝઘડો પતાવવાની તેઓની રીત અનોખી હતી. તેઓ પોતાના અસીલને સમજાવતા કે ‘‘ઝઘડાનો અંત આવશે નહિ. તમે કદાચ જીતી જશો તોપણ તમારાં વેરઝેર ઓછાં થશે નહિ અને પરિણામે તમારાં બંનેનાં કુટુંબો દુઃખી દુઃખી થઈ જશે.

‘‘તમારો સામાવાળો પણ મારી પાસે આવ્યો હતો’’. આ રીતે તેઓ સમજાવતા હતા.

એકવાર બંને પક્ષના માણસો લિંકનની ઑફિસમાં આવ્યા ત્યારે લિંકને ઊભા થઈને કહ્યું : ‘‘તમે બંને જણા મારી ઑફિસમાં બેસો ત્યાં સુધી હું ઘેર જઈને જમી આવું છું. તમે બંને નિરાંતે વાતો કરતા રહેજો. તમારી વાતોમાં દખલ ન પડે તે માટે હું ઑફિસને બહારથી બંધ કરીને જાઉં છું જેથી તમે બંને જણા શાંતિથી વાંતો કરી શકશો.’’

એમ કહીને લિંકન બંને ખેડૂતોને ઑફિસમાં બેસાડીને બહારથી તાળું વાસીને ચાલ્યા ગયા હતા.

તેઓ ઘણા સમય સુધી પાછા ન ફર્યા.

બંને ખેડૂતો વિમાસણમાં પડી ગયા ! બંનેની આંખો સામસામે મળતાં આત્મીયતા જાગૃત થઈ ને બંને જણા હસી પડ્યા.

તેમને ખ્યાલ આવ્યો કે અમે તો બંને પાડોશી છીએ. પહેલાં તો પ્રેમથી રહેતા હતા. હવે ખેતરોની હદ નક્કી કરાવવા કૉર્ટે ચઢ્યા ને એક-બીજાના દુશ્મન બન્યા છીએ. આ તો અમારી મૂર્ખતા ગણાય.

ઍબ્રહામ લિંકનને પરિણામની ખાતરી જ હતી. એટલે તેઓ બંનેને મૂકીને ચાલ્યા ગયા હતા. જ્યારે તેઓ પાછા ઑફિસમાં આવ્યા ત્યારે જોયું તો બંને ખેડૂતો એક બીજાને ગળે વળગીને વાતો કરતા હતા. તેમના ઝઘડાનો અંત આવી ગયો હતો !

લિંકને આવીને કહ્યું કે, ''હવે હું તમારો દાવો લખવા માગું છું.''

બંને એકસાથે બોલી ઊઠ્યા; ''વકીલ સાહેબ, હવે અમારા વચ્ચે કોઈ ઝઘડો રહ્યો નથી.''

લિંકને બંનેની પીઠ થાબડીને વિદાય કર્યા. બીજો કોઈ વકીલ હોય તો પૈસા પડાવવા અનેક વિટંબણાઓ ઊભી કરે, જ્યારે લિંકન તો નોખી માટીના વકીલ હતા. આવો નિરાળો ધારાશાસ્ત્રી દુનિયામાં મળવો દુર્લભ છે. આજના યુગમાં તો ''વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો'' એવું બનતું હોય છે.

લિંકનના જીવનના આવા અદ્‌ભુત પ્રસંગ પ્રત્યેક ક્ષેત્રે પ્રેરણા આપી જાય છે.

એકવાર લિંકન અખબાર વાંચી રહ્યા હતા. તેમાં પ્રસિદ્ધ થયેલા સમાચાર વાંચતાં જ તેઓ ચોંકી ઊઠ્યા.

વાત એમ બનેલી કે, ડફઆર્મસ્ટ્રાંગ નામની એક વ્યક્તિની ધરપકડ થયેલી. આર્મસ્ટ્રાંગ શબ્દ વાંચતાં જ લિંકન સાબદા બની ગયા ને સમાચાર પૂરા વાંચી લીધા. અને તે ઉપર ખૂબ વિચાર કર્યો.

બનેલું એવું કે ગુનેગાર આર્મસ્ટ્રાંગ એ તો લિંકનના એક દિલોજાન દોસ્ત 'જેક'નો પુત્ર હતો.

લિંકનની આંખ સમક્ષ ત્રણ દાયકા પહેલાંની સ્મૃતિ તાજી થઈ આવી.

ન્યૂ સાલેમમાં લિંકન ઑફટની દુકાનમાં ગુમાસ્તા તરીકે કામ કરતા હતા અને ઑફટ લિંકનની બુદ્ધિમત્તા ને બાહુબળ માટે ગર્વ રાખતો હતો. તે કહેતો હતો કે, "લિંકન કલમ ચલાવવામાં કુશળ છે તેટલો જ કુસ્તી લડવામાં પણ નિપુણ છે. ભલભલા પહેલવાનને પણ તે ચિત્ત કરી દે છે."

આમાં બનેલું એવું કે પાસેની વસાહતમાં ક્લેઝ ગ્રૂવમાં તોફાની છોકરાઓ રહેતા હતા. તેઓ દાદાગીરી કરી લોકોને રંજાડતા હતા. કોઈ નવો માણસ આવે તો તેના બાર વગાડી દેતા. લિંકનની પહેલવાનગીરી વિશે તેમણે જાણ્યું. સરદાર જેક આર્મસ્ટ્રાંગ સાથે તેઓ બધા ઑફટની દુકાને મોરચો લઈને ગયા.

લિંકન ત્યાં હતા. એટલે તેમણે લિંકનને કહ્યું : "તમે અમારી સાથે કુસ્તીમાં ઊતરો."

બધાંને એમ જ લાગતું કે લાંબા અને સુકલકડી લિંકનને ચિત્ત કરી દઈશું.

લિંકને જેક આર્મસ્ટ્રાંગનો પડકાર ઝીલી લીધો અને કુસ્તી લડવા તૈયાર થઈ ગયા અને સામે આવીને ઊભા રહ્યા.

કુસ્તી શરૂ થઈ ગઈ. લિંકને તો પોતાના વિશાળ બાહુઓમાં તેને પકડી લીધો ને જમીનથી ઉપર ઉપાડ્યો ને ભોંય પર પટકી દીધો.

આર્મસ્ટ્રાંગે લિંકનની શક્તિનો માપદંડ કાઢી લીધો અને લિંકન જોડે દોસ્તી કરી લીધી. આ રીતે બંને જીગરી દોસ્ત બની ગયા. યુવાનોએ લિંકનને પોતાના લીડર બનાવી લીધા.

આ બધા પ્રસંગો લિંકનની નજર સમક્ષ તરી આવ્યા. લિંકન વિમાસણમાં પડી ગયા. તેમણે તેમના મિત્રના દીકરાને તો રમાડ્યો હતો. તેને તેઓ સારી રીતે જાણતા હતા. તે યુવાનના માથે મોત ઝઝૂમી રહ્યું હતું.

લિંકને તરત જ હેના આર્મસ્ટ્રાંગ પર પત્ર લખ્યો ને તેમાં જણાવ્યું કે, “તમારા પર આવી પડેલી આફત વિશે તથા ખૂનના આરોપ માટે તમારા પુત્રની થયેલ ધારપકડ અંગેની વિગતો મેં અખબારમાં વાંચી ને મને દુઃખ થયું છે.”

વધુમાં એ પણ લખ્યું કે, “તેના પર જે તહોમત મુકાયું છે તેવું કૃત્ય તે કરે એવું મારા માનવામાં આવતું નથી. તેના બચાવ માટે યોગ્ય ઉપાય કરવો જોઈએ તેની હું રાહ જોઉં છું.

“મારી મુશ્કેલીમાં તમે મને ઘણી માયા-મમતા બતાવીને સાથ આપ્યો છે. તે ઋણ ચૂકવવાની આ મારા માટે સોનેરી તક છે. હું તમારા દીકરાનો કેસ વિના મૂલ્યે લડવા તૈયાર છું. અને એ કેસ હું લડું એવું મને મારો અંતરાત્મા કહી રહ્યો છે.

“તમારા મારા ઉપર અગણિત ઉપકારો છે. તે વાળી આપું તેવી

મને તક આપશો એવી આશા રાખું છું."

વીસ વીસ વરસથી લિંકન જેને મળ્યા નથી, કોઈ પણ વ્યવહાર પણ નથી થયો, એવી ગરીબ વિધવા મિત્રની પત્નીને પોતાના પર કરેલા ઉપકારોને યાદ કરાવી કૃતજ્ઞતા બતાવે છે અને ભાવભર્યો પત્ર લખી મિત્રના પુત્રને મોતની સજામાંથી મુક્ત કરાવવા તે વગર ફીએ કેસ લડવા તૈયાર થઈ જાય છે. લિંકન જરા પણ વિલંબ કર્યા વિના ત્યાં દોડી ગયા.

કોર્ટમાં કેસ ચાલુ થયો. લિંકને સાક્ષીઓની ઉલટતપાસ લેવી શરૂ કરી દીધી.

વિરુદ્ધ પક્ષના સાક્ષીઓ જાણે ખૂન થતું જોયું હોય એવી સચોટ જુબાની આપતા હતા.

ડફ નિર્દોષ ઠરે તેવી કોઈ આશા દેખાતી ન હતી. તેની મા તો ચોધાર આંસુએ રડી રહી હતી. દીકરાને ફાંસીની સજા મળશે તે જોઈ તે થર થર કાંપી રહી હતી. ડફને ફાંસીની સજા મળે તેવું વાતાવરણ સર્જાઈ ગયું હતું.

લિંકને મિત્રની પત્નીને કહ્યું, "બહેન ! તમે જરા પણ ચિંતા કરશો નહિ. તમારા દીકરાનો વાળ પણ વાંકો થવાનો નથી. સાક્ષીઓ સાવ જુઠા છે. તેમને હું દલીલોમાં તોડી નાખીશ. તમારો દીકરો સાંજ સુધીમાં નિર્દોષ થઈ મુક્ત થઈ જશે. મને દલીલો કરવા દો અને શાંતિથી બેસો."

એક સાક્ષીએ તો એટલે સુધી જુબાની આપી કે ખૂન થતાં મેં નજરે જોયું છે. આ તો દાર્શનિક પુરાવો થઈ ગયો હતો. એટલે કોર્ટ તેને ફાંસીની સજા ફટકારશે તે નક્કી જ હતું.

ત્યારે લિંકને પૂછ્યું : “આ બનાવ તમે નજરે જોયો છે. તો તે ક્યારે બન્યો હતો ?”

સાક્ષીએ કહ્યું : “રાતના અગિયાર વાગ્યે.”

લિંકને પ્રશ્ન કર્યો: “રાતે અગિયારે તમે ડફને ખૂન કરતો કેવી રીતે જોઈ શક્યા એ કહેશો ?”

સાક્ષીએ કહ્યું : “અજવાળી રાત હતી. એટલે ચંદ્રના પ્રકાશમાં મેં તેને ખૂન કરતો જોયો હતો.”

લિંકને તરત જ પંચાંગ મંગાવ્યું. પછી દલીલો શરૂ કરી. અને એક પછી એક બધા સાક્ષીઓનાં જૂઠાણાંભર્યાં બયાન ઉઘાડાં પાડવા માંડ્યા. છેવટે ન્યાયમૂર્તિને પંચાંગ બતાવીને કહ્યું :

“સાહેબ ! ખૂનની રાતે અગિયાર વાગે ચંદ્ર આકાશમાં ઊંચે ન હતો. પણ આથમવાની તૈયારીમાં હતો. માણસ માણસને જોઈ શકે તેવો પ્રકાશ ન હતો. એટલે ડફને ખૂન કરતો જોયો છે તે વાત તદ્દન જૂઠી છે.”

લિંકન જ્યારે કૉર્ટમાં દલીલો કરતા હતા ત્યારે બધા છક થઈ જતા; લિંકનની જોરદાર દલીલોથી બાજી બદલાવા લાગી.

રડતી માતાને લિંકને ખાતરી આપી હતી કે તે તેમના દીકરાને મોતમાંથી ઉગારી લેશે. એ વાત યથાર્થ બની. મૅજિસ્ટ્રેટે લિંકનની દલીલો ગ્રાહ્ય રાખી અને સાક્ષીઓ જૂઠા છે એવું નક્કી કરી લીધું. કૉર્ટ બંધ થાય તે પહેલાં ન્યાયમૂર્તિએ પોતાનો ચુકાદો વાંચી સંભળાવ્યો ને ડફને નિર્દોષ હોવાનું જાહેર કરી છોડી મૂક્યો.

લિંકને પોતાના પર ઉપકાર કરનારનું ઋણ અદા કરી દીધું. ઉપકારનો બદલો વાળી આપ્યો. અને પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

ડફની માએ લિંકનનો આભાર માન્યો ત્યારે લિંકન બોલ્યા : "બહેન, મેં તો મારી ફરજ બજાવી છે. કોઈ ઉપકાર કર્યો નથી." લિંકને આ રીતે માનવતાનો આદર્શ પુરવાર કરી બતાવ્યો. લિંકન બાહોશ વકીલ હતા. મોંમાગ્યા પૈસા મેળવી શકે તેમ હતા. પરંતુ તેમણે ફીમાં એક પાઈ પણ વધારે લીધી ન હતી.

એકવાર એક સજ્જને પોતાનું ઘર ગીરો મૂકવાનું નક્કી કર્યું. અને તેના કાગળો તૈયાર કરવાનું કામ લિંકનને સોંપ્યું.

લિંકને ગીરોખત લખીને મોકલી દીધું પરંતુ પોતાની ફીનો તેમાં ઉલ્લેખ કર્યો ન હતો. પેલી વ્યક્તિએ લિંકનની મહેનત ગણીને ફીનો ચેક મોકલી આપ્યો.

લિંકને ચેકમાં ભરેલી રકમ જોઈ. એ રકમ પોતાની ફી કરતાં ઘણી વધારે હતી. એટલે પોતાની વાજબી ફીની રકમ રાખી બાકી વધેલી રકમનો પોતાનો ચેક બનાવી પાર્ટીને મોકલી આપ્યો. અને સાથે પત્ર લખ્યો કે, "તમે મને બહુ મોટો વકીલ સમજીને ફીની આટલી મોટી રકમનો ચેક મોકલ્યો છે. પરંતુ હું તમે ધારો છો તેટલો મોટો વકીલ નથી. હું તો મારી મહેનત જેટલી જ ફીનો સ્વીકાર કરું છું. એટલે વધની રકમનો જે ચેક મેં મોકલ્યો છે તે સ્વીકારી લેજો અને વળતો કોઈ વિવેક બતાવશો નહિ. હું મારા સિદ્ધાંત વિરુદ્ધ કાંઈ પણ કરતો નથી."

લિંકનના આવા આદર્શો જોઈ પેલી વ્યક્તિને આશ્ચર્ય થયું. તે બોલ્યો :

"લિંકન જેવો વકીલ શોધ્યો જડે તેમ નથી. બીજો વકીલ હોત તો રકમ પાછી મોકલવાને બદલે પોતાની પાસે જ રાખી લીધી હોત."

એકવાર એક પુસ્તકાલયની કમિટીએ લિંકનને પ્રકાશક સાથેનો

કૉન્ટ્રાક્ટ ઘડી આપવાનું લખાણ લખવા આપ્યું. લિંકને તે તૈયાર કરી આપ્યું. અને આખો કૉન્ટ્રાક્ટ ઘડી આપ્યો. કમિટી અને પ્રકાશક બંનેને સંતોષ થાય તેવો કૉન્ટ્રાક્ટ હતો.

કમિટીએ લિંકનને તેની ફી આપવા માંડી ત્યારે તેમણે કહ્યું : “લોકહિતનાં કામોમાં કાનૂની સેવા આપવી એ મારી પવિત્ર ફરજ છે. અને એવી સેવા આપવામાં હું કશી ફી લેતો નથી. અને આ તો પુસ્તકાલયનું કામ છે. એટલે ફી તો લેવાય જ નહીં.”

પુસ્તક-પ્રેમી લિંકનના આવા આદર્શો હતા.

લિંકન એક આદર્શ વકીલ તરીકે લોકપ્રિય બની ગયા હતા.

એકવાર રેલવે કંપનીનો કેસ કૉર્ટમાં આવ્યો. કંપની તરફે વકીલ લિંકન હતા. અને સામા પક્ષમાં સમર્થ અને નામાંકિત વકીલો ઊભા હતા.

બન્યું એવું કે લિંકન જેના પક્ષે લડતા હતા તે કંપની કેસ હારી ગઈ. એટલે લિંકને સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરી.

બધાંને લાગતું હતું કે લિંકન કેસ હારી જશે.

પરંતુ લિંકને એવી જોરદાર દલીલો કરી જેથી તેઓ કેસ જીતી ગયા ને કંપનીને લાખો ડૉલરનો ફાયદો થયો.

લિંકને કંપની પર બે હજાર ડૉલર ફીનું બિલ મોકલ્યું.

બિલ જોતાં જ કંપનીના મૅનેજરનાં ભવાં ચઢી ગયાં. તે બોલ્યો : “અરે ! આવડું મોટું બિલ ! આટલી ફી તો પ્રથમ પંક્તિનો વકીલ પણ ન લે. તમે તો એક સાધારણ વકીલ છો. એટલે તમારી ફીના બસો ડૉલર પૂરતા છે.”

મૅનેજરે બસો ડૉલરનો ચેક બનાવી લિંકન પર મોકલી આપ્યો.

આ તો લિંકન માટે પ્રતિષ્ઠાનો સવાલ ઊભો થયો. લિંકને વિચાર્યું કે હવે તો કંપનીના મૅનેજરને યોગ્ય પાઠ ભણાવવો જ પડશે. તો જ તેની સાન ઠેકાણે આવશે ને બીજા કોઈ સામાન્ય માણસના કામની કદર કરતાં શીખશે.

લિંકને રેલવે કંપની ઉપર પાંચ હજાર ડૉલરનો દાવો ઠોકી દીધો.

એ પણ કેસ ચાલી ગયો ને તેમાં લિંકન જીતી ગયા.

કંપનીનો મૅનેજર લિંકને મોકલેલું બે હજાર ડૉલરનું બિલ આપવા તૈયાર ન હતો. તેણે કૉર્ટના આદેશ અનુસાર પાંચ હજાર ડૉલર ચૂકવવા પડ્યા. સ્વાભિમાની લિંકન સિદ્ધાંત ખાતર લડી લેતા પણ હતા.

● ● ●

માનવીના હૃદય કરતાં મોટું કોઈ નથી. માનવીનું હૃદય જ બધાં તીર્થોનું સ્થાન છે. એ જ મંદિર, મસ્જિદ, ગિરજાઘર, કાબા, કાશી ને જેરૂસલેમ છે.

પ્રત્યેક બાબતમાં લિંકનની આચારસંહિતા આગવી જ રહેતી.

ફી લેવાની બાબતમાં એક નવા વકીલે લિંકનની સલાહ માગી ત્યારે લિંકને પોતાની આચારસંહિતા સમજાવતાં કહ્યું : ''ભારે ફી કદી પણ માગવી જોઈએ નહીં. પરંતુ પૂરી ફી અગાઉથી લેવાનો નિયમ રાખવો નહિ. જેથી તમને લાગશે કે તમે કંઈક વસ્તુને માટે કામ કરી રહ્યા છો. અને તો જ તમે વફાદારીપૂર્વક સારું કામ કરી શકશો.''

લિંકને ભાગીદારીમાં વકીલાત કરવાની ઑફિસ શરૂ કરી હતી. ફી આવે કે તરત જ લિંકન ભાગીદારોને તેમના ભાગની રકમ વહેંચી દેતા.

ભાગીદાર લિંકનને કહેતા કે, ''ફીના ભાગલા પાડવાની ઉતાવળ શા માટે કરો છો ?'' ત્યારે લિંકન તેમને રોકડું પરખાવી દેતા કે,

''ફી આવે કે તરત જ હું વહેંચી દઉં છું, તેનાં ત્રણ કારણો છે :

''પહેલું એ કે મારો સ્વભાવ ભૂલકણો છે. એટલે મેં ફી વસૂલ કરી છે એ ભૂલી ન જાઉં.

''બીજું એ કે, મેં ફી કોની પાસેથી વસૂલ કરી છે તેની જાણ તમને થઈ જાય અને તમે તેની પાસે ઉઘરાણી ન કરો.

''ત્રીજું કારણ એ છે કે, જિંદગીનો કોઈ ભરોસો નથી. કદાચ હું મરી જાઉં તો તમારો ભાગ મારી પાસે જ રહી જાય અને તેનો પુરાવો તમારી પાસે ન રહે.''

લિંકનના આવા આદર્શો જોઈ તેનો ભાગીદાર પણ સ્તબ્ધ બની જતો.

વકીલ બનનારને લિંકન શિખામણ પણ આપતા હતા.

એકવાર એક યુવાન નવો નવો વકીલાતના ધંધામાં જોડાયો અને લિંકન પાસે આવી ખૂબ વિનયપૂર્વક બોલ્યોઃ ''મેં આપની ખ્યાતિ ખૂબ સાંભળી છે એટલે હું આવ્યો છું. મારે એક સારા વકીલ તરીકે આગળ આવવું છે. તો હવે મને માર્ગદર્શન આપો કે સારા વકીલ બનવા મારે શું કરવું જોઈએ ?''

લિંકને પેલા નવા વકીલને આચારસંહિતા બતાવી દીધી ને કહ્યુંઃ ''અરસપરસ સમાધાન કરી લેવા માટે તમે જો તમારા પાડોશીઓને સમજાવી શકો એમ હોવ તો તમે હંમેશાં એ પ્રમાણે કરવાનો પ્રયત્ન કરજો.

''નામના જીતનાર માણસ પણ ફી, ખર્ચ અને સમયની બરબાદીની દૃષ્ટિથી જોતાં ખરી રીતે ઘણીવાર ગુમાવનાર જ હોય છે.

''સુલેહ કરાવનાર તરીકે વકીલને સજ્જ બનવા માટે ચડિયાતી તક સાંપડે છે અને છતાં તેને કામ તો પૂરતું જ મળી રહેશે.

''કૉર્ટે ચડવાનું કોઈને પણ ઉત્તેજન આપશો નહિ. એવું કરનાર માણસના કરતાં બદતર માણસ મળવો મુશ્કેલ છે.

''કોઈ પણ સંજોગોમાં પ્રામાણિક રહેવાનો નિશ્ચય કરો. અને જો તમને એમ લાગે કે હું વકીલ તરીકે પ્રામાણિક રહી શકું તેમ નથી તો વકીલનો ધંધો બંધ કરી દેજો, અને પ્રામાણિક રહેવાનો મક્કમપણે નિશ્ચય કરી લેજો. જે ધંધાની પસંદગી કરતી વખતે જો તમારે અગાઉથી જ બદમાશ થવા સંમત થવું પડતું હોય તો એ ધંધામાં પડવા કરતાં બીજો કોઈ ધંધો પસંદ કરી લેશો.''

અંતમાં સલાહ આપતાં લિંકને એ પણ કહ્યું કે, ''વકીલાતનો

ધંધો તો પવિત્ર ધંધો છે. તેને અપવિત્ર કરવાની કદી પણ કોશિશ કરશો નહિ. આટલું કરશો તો તમે આદર્શ વકીલ બની શકશો.''

કાયદાના અભ્યાસી વિદ્યાર્થીઓ લિંકન પાસે આવીને સલાહ પૂછતા. કાયદાની શ્રેષ્ઠ પદ્ધતિ વિષે તેમનું માર્ગદર્શન લેતા.

એક દિવસ એક વિદ્યાર્થી લિંકન પાસે ગયો ને કાયદાના અભ્યાસની શ્રેષ્ઠ પદ્ધતિ વિષે પૂછ્યું.

પોતાના અનુભવના આધારે લિંકને વિદ્યાર્થીને કહ્યું : ''ભાઈ, જો તમે વકીલ બનવાનો મનમાં દૃઢ સંકલ્પ જ કરી લીધો હોય તો તમે એ દિશામાં અડધાથી પણ વધુ મજલ કાપી લીધી છે એમ સમજી લેજો. મેં કોઈની સાથે બેસીને વાંચ્યું નથી.

''તમે કાયદાનાં પુસ્તકો મેળવી લો. તેના મહત્ત્વના મુદ્દાઓ બરાબર સમજાય ત્યાં સુધી વાંચતા જ રહેજો. કાયદાના મુદ્દાઓનું રટણ, મનન અને ચિંતન કરતા રહો એ જ વસ્તુ મહત્ત્વની છે.

''તમે વાંચતા હો ત્યારે કોઈ મોટા કસબા કે શહેરમાં રહેવાનો આગ્રહ રાખજો. મેં પણ એવું જ કરેલું.

''સફળ થવાનો તમારો નિર્ધાર બીજી કોઈ વસ્તુ કરતાં વધારે મહત્ત્વનો છે એ સદૈવ યાદ રાખજો.''

એક બીજા વિદ્યાર્થીએ પૂછ્યું :

''મને કાયદાનું સંપૂર્ણ જ્ઞાન મેળવવાની ઉત્તમ પદ્ધતિ સમજાવાશો ?'' ત્યારે લિંકન બોલ્યા : ''એ પદ્ધતિ તો સાવ સીધી ને સાદી છે. જોકે બહુ જહેમતભરી અને નીરસ પણ છે. એમાં રચ્યાપચ્યા રહેવું પડે ને દૃઢ નિશ્ચય જોઈએ.

વાંચો તથા કાળજીપૂર્વક તેનો અભ્યાસ કરો.

"એટલું યાદ રાખજો કે જીવનમાં મહેનત, મહેનત અને મહેનત એ જ મુખ્ય વસ્તુ છે ને તે જ સફળતાને માર્ગે દોરી જાય છે."

લિંકને વકીલ તરીકે જે આદર્શો અપનાવ્યા હતા તે આદર્શો તેમણે બીજાઓને શિખવાડવાનો પ્રયત્ન કરેલો.

● ● ●

નસીબને ભરોસે બેસી રહેવું એ કાયરતાની નિશાની છે. નસીબ પર નહિ, ચારિત્ર્ય પર આધાર રાખો.

# ૧૧ શાળાના આચાર્યને એબ્રહામ લિંકને લખેલો પત્ર

ઉમદા વિચારો અને આદર્શોવાળા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના સોળમા પ્રમુખ એબ્રહામ લિંકનની દુનિયામાં આજ સુધી થઈ ગયેલા નામાંકિત રાજદ્વારી વિચારકોમાં આગવી ગણતરી થાય છે. તેમનો ભાષા પરનો કાબૂ પણ અનોખો હતો. અને લોકશાહી દેશનો વહીવટ કેવી રીતે કરવો તેના માટે ઉમદા વિચારો તેઓ ધરાવતા હતા.

લિંકનનો પુત્ર શાળામાં ભણતો હતો ત્યારે તે શાળાના આચાર્યશ્રીને અનોખી શૈલીમાં બહુ જ સમજપૂર્વકનો તેમણે પત્ર લખ્યો હતો.

શાળામાં શું શીખવવું જોઈએ તે અંગે આ પત્ર ઘણા જ ઉમદા વિચારો દર્શાવે છે. આપણા દેશમાં શિક્ષણની આજે જે દશા થઈ છે એ જોતાં આ પત્ર શિક્ષકો, વિદ્યાર્થીઓ, તેમજ તેમના વાલીઓ માટે પ્રેરણાદાયક અને હૃદયસ્પર્શી બની જશે.

"હું જાણું છું કે તેણે શીખવું પડશે કે બધા માણસો ન્યાયપૂર્વક વર્તતા નથી અને બધા માણસો સાચા હોતા નથી. પણ તેને એ શીખવજો કે સમાજમાં જેમ લુચ્ચા માણસો હોય છે તેમ સારા માણસો પણ હોય છે જ, અને સ્વાર્થી રાજદ્વારી માણસો હોય છે તેવી જ રીતે સમર્પણની ભાવનાવાળા આગેવાનો પણ હોય છે જ. એને એ પણ શીખવજો કે દુશ્મનો હોય છે તો સાથે સાથે મિત્રો પણ હોય છે. હું જાણું છું કે આપને આ શીખવતાં વખત લાગશે પણ બની શકે તો શીખવજો કે સાચી રીતે કમાયેલો ડૉલર મફતમાં મળેલા પાંચ ડૉલર કરતાં અનેકગણો કીમતી છે. એને ખેલદિલીથી હારતાં શીખવજો અને જીતવાનો આનંદ માણવાનું પણ શીખવજો. તેને અદેખાઈથી દૂર રાખવાનો પ્રયત્ન કરજો

અને શાંત મલકાટનો છૂપો આનંદ અનુભવતાં પણ શીખવજો. તેને અત્યારથી જ એ બોધ આપશો કે ગુંડાઓને મહાત કરવા એ સહેલું છે. તમારાથી બની શકે તો તેને પુસ્તકોની અજાયબ દુનિયાની સમજ આપજો. એને થોડોક નિરાંતનો સમય પણ આપજો કે જેથી તે શાંતિથી એકલો બેસીને આકાશમાં ઊંચે ઊડતાં પક્ષીઓ, સૂર્યના પ્રકાશમાં ગણગણતી મધમાખીઓ અને સુંદર લીલીછમ ટેકરીઓ ઉપર ઊગેલાં અનુપમ પુષ્પોનું શાશ્વત રહસ્ય શોધવાનો આનંદ માણી શકે.

"શાળામાં એને એટલું તો જરૂર સમજાવજો કે પરીક્ષામાં ચોરી કરી પાસ થવું તેના કરતાં નાપાસ થવું એ ઘણું વધારે માનભર્યું છે. બીજા બધા એના વિચારો ખોટા છે એમ કહે તોપણ જો એ ખરેખર માનતો હોય કે એના વિચારો ખરા છે, તો એમાં શ્રદ્ધા રાખતાં એને શીખવજો. એને સારા માણસો સાથે સલુકાઈથી વર્તવાનું અને આકરા માણસો સાથે આકરી રીતે વર્તવાનું શીખવજો. મારા પુત્રમાં એ શક્તિ પણ રોપજો કે બધાં જ જ્યારે પવન પ્રમાણે પીઠ બદલતાં હોય ત્યારે ટોળાને અનુસરવાને બદલે તે એકલવીર બની શકે. એને બધાની જ વાત શાંતિથી સાંભળવાની ટેવ પાડજો, પણ એ શીખવજો કે તેમાંથી સત્યની ચાળણીમાંથી ચાળીને જે સારું હોય એ જ ગ્રહણ કરે.

"તમારાથી બને તો તેને દુઃખમાં પણ હસતાં શીખવજો અને એ પણ સમજાવજો કે આંસુ પાડવામાં કોઈ શરમ નથી. વક્ર દ્રષ્ટિવાળા માણસને તરછોડવાનું અને ખુશામતિયાઓથી ચેતતા રહેવાનું પણ શીખવજો. એને પોતાની બુદ્ધિ અને શક્તિની વધારેમાં વધારે કિંમત ઉપજાવતાં શિખવાડજો પણ પોતાના આત્મા અને હૃદયને પૈસા માટે વેચી ન દે તેવું પણ શીખવજો. ટોળાની બૂમોથી ઝૂકી ન પડે અને તે સાચો છે એમ માનતો હોય તો અડગ ઊભો રહી લડત આપે તેવું શિખવાડજો.

એને મૃદુતાથી સંભાળજો પણ વધુ પડતાં લાડ લડાવી બગાડશો નહીં, કારણ કે અગ્નિમાં તપીને જ લોખંડ પોલાદ બની શકે છે. એને અસહિષ્ણુ બનવાની હિંમત આપજો અને તેનામાં શક્તિશાળી બનવાની ધીરજ પણ કેળવજો. પોતાની જાતમાં અડગ વિશ્વાસ રાખતાં પણ શિખવાડજો, કારણ કે તેથી જ માનવજાતમાં એને અડગ વિશ્વાસ આવશે.

"હું જાણું છું કે આ બધું જ શીખવવું અતિશય મુશ્કેલ છે પણ હું તમને વિનંતી કરું છું કે તમારાથી આ અંગે જે કાંઈ કરી શકાય તે જરૂર કરજો. કારણ કે મારો પુત્ર એક મઝાનો માણસ છે."

એબ્રહામ લિંકનનો આ પત્ર ઘણો જ મૂલ્યવાન છે, જો આ પ્રમાણેનું શિક્ષણ મળે તો બેડો પાર થઈ જાય.

● ● ●

સાચો મહામાનવ એ છે કે જે નથી કોઈનો માલિક થતો કે નથી કોઈને માલિક માનતો.

## ૧૨ આંદોલનની શરૂઆત

અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધ પછી સંયુક્ત રાજયોની સ્થાપના થઈ, એમાં તેર જેટલાં સંસ્થાનો હતાં. તે રાજ્યો બન્યાં પરંતુ તેમાં અડધાં ગુલામી પ્રથા રહિત હતાં ને બીજાં ગુલામી સહિતનાં હતાં.

આમ બંને વચ્ચે ઝઘડાઓ ઊભા થયા ને વિરોધ વંટોળ ફૂંકાવા લાગ્યો, એટલે એનો અંત આણવા યોજના બનાવી. પરંતુ મેક્સિકો જેવા નિરુપદ્રવી દેશને યુદ્ધમાં સંડોવીને તેની પાસેથી ઝૂંટવી લીધેલો પ્રદેશ એ તો અન્યાય જ હતો.

યુનાઈટેડ સ્ટેટ્સમાં આંતરવિગ્રહનાં મંડાણ થઈ ગયાં.

ગુલામીની પ્રથાની બાબતમાં યુનાઈટેડ સ્ટેટ્સનું રાજકારણ અંધાધૂંધીથી ઘેરાઈ ગયું.

ગુલામીની પ્રથાનો સખ્ત વિરોધ થવા લાગ્યો અને આંદોલન શરૂ થયું. આંદોલનકારો સામે હિંસા આદરી. લિંકન જ્યાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા એ રાજ્યમાં ગુલામીના પ્રશ્ને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. બીજા ધારાસભ્યોને એ ગમ્યું નહીં. એટલે ગુલામીની પ્રથાનો એક ઠરાવ કર્યો.

પણ લિંકનને એ મંજૂર ન હતું. તે જાણતા હતા કે તેમની પડખે કોઈ જ નથી. પરંતુ તેમણે વિરોધ નોંધાવ્યો હતો. પોતાની ભાવિ કારકિર્દીની પરવા ન કરતાં તેઓ એકલવીરની જેમ આગળ આવ્યા. હવે તો લિંકનને આગ સાથે બાથ ભીડવાનો સમય આવી ગયો હતો.

આવી ગંદી નીતિથી લિંકનને રાજકારણમાં રસ ન રહ્યો. અને ફરીથી ઉમેદવારી નોંધાવવાની ઇચ્છા પણ તેમણે ન કરી.

પરંતુ તેમનાં પત્નીએ તેમને ઉમેદવારી નોંધાવવાનો આગ્રહ કર્યો. અને પોતે તેમના મદદરૂપ બની ગયાં. છેવટે લિંકન જંગી બહુમતીથી જીતી ગયા. ઍબ્રહામ લિંકને રાજકારણમાંથી નિવૃત્તિ લીધી. પરંતુ તેમનામાં રહેલા દેશભક્તિના સંસ્કારો પાંગરતા ગયા. દેશની પરિસ્થિતિ તેમનાથી જોઈ ન શકાઈ. તેઓ દેશ માટે મરી ફીટવા તૈયાર હતા. હવે તેમના માટે એક જ માર્ગ હતો ને તે એ જ કે દેશને વિનાશની જ્વાળાઓમાંથી બચાવી લેવા ફરીથી રાજકારણમાં ઝંપલાવવું.

લિંકને પોતાના વિચારને સાકાર બનાવ્યો અને ફરીથી રાજકારણમાં ઝંપલાવ્યું. લિંકનને ફરી રાજકારણમાં આવેલા જોઈને લોકોને પણ આશ્ચર્ય થયું.

કોઈએ લિંકનને ફરીથી રાજકારણમાં આવવાનું કારણ પૂછ્યું ત્યારે લિંકન બોલ્યા : ‘‘હું મારા ધ્યેયને પૂર્ણ કરવા માગું છું. મારા દેશને બરબાદ થતો હું કદી પણ સાંખી શકું તેમ નથી. દેશને ખાતર જ મેં ફરીથી રાજકારણમાં પ્રવેશ કર્યો છે.’’

એ સમયે બન્યું એવું કે, દક્ષિણનો એક ગોરો ઉત્તરના રાજ્યમાં રહેવા આવ્યો. તેની સાથે એક ગુલામ પણ હતો. એ ગુલામ ગુલામી રહિત રાજ્યમાં આવ્યો એટલે તેને ગુલામીમાંથી મુક્ત કરવો જ જોઈએ એવો તેણે અદાલતમાં દાવો દાખલ કરી દીધો.

પરંતુ કૉર્ટે તેનો એ દાવો ફગાવી દીધો ને કહ્યું : ‘‘ગુલામ એ વ્યક્તિ નથી પણ તેના માલિકની જંગમ મિલકત છે એટલે એને કોઈ પણ કાયદો લાગુ ન પાડી શકાય.’’

એ તો ગુલામો રાખવાની કાયદેસર છૂટ મળી ગઈ !

મિસૂરી સમાધાનનો ભંગ થયો અને કૉર્ટના આ ચુકાદાથી

લિંકનનો ન્યાયનિષ્ઠ આત્મા દ્રવી ઊઠ્યો ! એટલે પોતાના દેશના બંધારણના રક્ષણ ખાતર લિંકનને રાજકારણમાં ઝંપલાવવાની ફરજ પડી હતી.

લિંકને રાષ્ટ્રજોગ એક સંદેશો પાઠવ્યો, ને કહ્યું કે, ''આપસમાં ફૂટ પડી હોય એવું ઘર લાંબો સમય ટકી શકતું નથી. ઘર ફૂટે ઘર જાય.''

લિંકનના આ સંદેશાની અસર આખા દેશમાં થઈ. એના પોકારના પડઘા ચારે દિશાઓમાં ગૂંજી ઊઠ્યા. પરિણામ એ આવ્યું કે રિપબ્લિકન પાર્ટીની સ્થાપના થઈ અને લોકોએ લિંકનને પોતાના નેતા તરીકે જાહેર કર્યો.

લિંકનને સત્તા કે ધનની લાલચ ન હતી. માત્ર એમને દેશસેવાનાં કાર્યો જ કરવાં હતાં અને એ ધ્યેયમાં તેઓ અડગ રહ્યા હતા.

● ● ●

હું નરકમાં પણ સારાં પુસ્તકોનું સ્વાગત કરીશ, કારણ કે તેમનામાં એટલી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે.

## ૧૩ કેવી નિખાલસતા

એબ્રહામ લિંકન પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાંના એક હતા. તેમનો સ્વભાવ નિખાલસ હતો.

એકવાર લિંકન વિશાળ સભાને સંબોધી રહ્યા હતા. સભામાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી. લોકો લિંકનને શાંતિથી સાંભળી રહ્યા હતા. સભામાં શાંતિનું વાતાવરણ પ્રસરી ગયું હતું.

એટલામાં ''કાકા'' તરીકે ઓળખાતો એક વયોવૃદ્ધ કઠિયારો ફાટેલાં ને મેલાં વસ્ત્રો પહેરીને મંચ તરફ આવી રહ્યો હતો.

એ હતા 'જીમીકાકા' અને લિંકનના ખાસ ચાહક હતા. લિંકનની સભા છે તેવું સાંભળીને કાકા તેને મળવા માટે આવ્યા હતા. ગામડામાં રહેતા જીમીકાકાને એ ખબર ન હતી કે મંચ પાસે જવાય કે નહિ. એટલે તેઓ સહજભાવે મંચ પાસે પહોંચી ગયા હતા.

પ્રવચન આપતા લિંકનની ચકોર નજર કાકા ઉપર પડી. એટલે તરત જ ક્ષમા માગી અને મંચ પરથી નીચે ઊતર્યા અને સીધા જીમીકાકા પાસે ગયા ને બોલ્યા : ''કેમ છો કાકા''

એટલું કહીને લિંકને બુઢ્ઢા કાકાનો હાથ પોતાના હાથમાં લઈને દબાવ્યો અને તેમને ખુરશીમાં બેસાડી દીધા.

લિંકન જેવા મહા માનવની કેવી નિખાલસતા !

થોડીવાર થઈ એટલે કાકા ઊભા થયા ને બોલ્યા : ''લિંકન, મૅરી અને છોકરાના કુશળ સમાચાર તને પૂછવાનું તો હું ભૂલી ગયો.''

લિંકન હસવા માંડ્યા ને બોલ્યાઃ ''કાકા, બધાં કુશળ છે. તમે કુશળ છો ને ? આટલું કહીને લિંકન પાછા મંચ પર ગયા ને ભાષણ શરૂ

કર્યું.

એક બીજો પ્રસંગ એવો છે કે એક ગામમાં એક બાળકી રહેતી હતી. નામ એનું 'ગ્રેસ બીડલ'.

એ બાળકીએ એક ફોટો જોયો હતો. તે અમેરિકાના એક મહાન નેતાનો હતો.

ગ્રેસે એ ફોટા પર પેન્સિલથી દાઢી ચીતરી દીધી.

ગ્રેસના પિતાએ એ ફોટો જોયો એટલે તેઓ ઊંચાનીચા થઈ ગયા. દાઢી ચીતરીને ફોટો બગાડેલો જોઈ તેમના ગુસ્સાનો પાર ન રહ્યો.

પિતાજીએ ગ્રેસને બોલાવીને કહ્યું : ''બેટા, ગ્રેસ, આ ફોટો કોણે બગાડ્યો ? તું જાણે છે એ ફોટો કોનો છે ? આ ફોટો તો આપણા દેશના મહાન નેતા ઍબ્રહામ લિંકનનો છે. એટલે આ રીતે ફોટો બગાડાય નહિ.''

પિતાનો ગુસ્સો જોઈને બાળકી રડી પડી ને રડતાં રડતાં બોલીઃ

''બાપુ, મને ખબર ન હતી કે એ ફોટો આટલા મોટા માણસનો હશે. પણ ફોટો જોઈને મને લાગ્યું કે આ માણસને જો દાઢી હોય તો વધારે સારો લાગે એટલે મેં દાઢી ચીતરી નાખી. મને માફ કરો બાપુ. મારી ભૂલ થઈ ગઈ.''

બાળકીની નમ્રતા જોઈ પિતાનો ગુસ્સો શાંત થઈ ગયો. તેમણે કહ્યું.

''બેટા, તારી વાત સાચી છે. લિંકન દાઢીમાં જ સારા દેખાય છે.''

ગ્રેસ રાજી રાજી થઈ ગઈ. તેણે કાગળ પેન્સિલ લીધાં ને પત્ર લખવા લાગી.

ગ્રેસે લિંકનને એક પત્ર લખી નાખ્યો. તેમાં લખ્યું કે, ''હું તો માત્ર અગિયાર વરસની છોકરી છું. આપ અમારા સૌના પ્રિય નેતા છો. હું ચાહું છું કે આપ અમારા પ્રમુખ બનો.''

વધુમાં તેણે લખ્યું હતું કે ''આજે મેં આપનો ફોટો જોયો એટલે મને થયું કે આપ દાઢી રાખો તો સારું. આપ દાઢીમાં સારા લાગશો. તમને ઘણા મત મળશે. અને જંગી બહુમતીથી જીતી જશો ને જરૂરથી પ્રમુખ બની જશો.''

ગ્રેસનો પત્ર મળતાં જ લિંકને તરત જ તેનો જવાબ લખી નાખ્યો હતો.

લિંકન જેવા મહાપુરુષના હાથનો પત્ર મળતાં જ ગ્રેસના આનંદનો પાર રહ્યો ન હતો !

આ વાતને વરસો વીતી ગયાં. ત્યાર બાદ લિંકન ગ્રેસના ગામમાં આવ્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત થયું. ત્યારે લિંકનને પત્ર યાદ આવ્યો.

ભાષણ પૂરું થયા પછી લિંકને પૂછ્યું ''આ ગામમાં એક ગ્રેસ નામની છોકરી રહે છે, તેને હું મળવા માગું છું.''

ગ્રેસ ભીડમાંથી માર્ગ કાઢતી લિંકન પાસે આવી પહોંચી.

ગ્રેસને જોઈ લિંકને તેને પ્રેમથી કહ્યું : ''બેટા, તું જ ગ્રેસ છે ને? તારું સૂચન મેં માની લીધું છે અને મેં દાઢી રાખવા માંડી છે.''

લિંકનની દાઢી જોઈને ગ્રેસ ખુશ થઈ ગઈ. તેને લાગ્યું કે ખરેખર લિંકન દાઢીમાં જ સારા લાગે છે.

લિંકન જેવા મહામાનવે એક નાનકડી છોકરીનું સૂચન માન્યું ને દાઢી રાખવા માંડી હતી.

● ● ●

## ૧૪ કેવી વિનમ્રતા !

લિંકન અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં ઊભા રહ્યા ખરા પણ દેશના આવા તંગ વાતાવરણનું શું પરિણામ આવશે તેની કોઈને પણ કલ્પના આવી શકે તેમ ન હતી.

ચૂંટણી પતી ગઈ ને મત ગણતરી થવા માંડી. પરિણામો જેમ જેમ જાહેર થતાં ગયાં, તેમ તેમ લિંકનનો જયજયકાર બોલાવા લાગ્યો.

એ સમયે લિંકન એકલા ટેલિગ્રાફ ઑફિસમાં શાંત ચિત્તે બેઠા હતા. પરિણામની એમને ચિંતા ન હતી.

લિંકનની તરફેણમાં બહુમતીનો આંકડો વધતો ગયો.

વિરોધ પક્ષ પણ નાનોસૂનો ન હતો. એટલે પ્રમુખ બનવું એ લોખંડના ચણા ચાવવા જેવું હતું અને ત્યાં તો કાંટાનો તાજ પહેરવાનો હતો. એટલે તેઓ ગંભીર બનતા ગયા.

આખરે લિંકન વિજયી ઘોષિત થયા. પરંતુ એમની નમ્રતા એવી ને એવી જ રહી. વિજયના આનંદ કરતાં આવી પડનારી ભારે જવાબદારીઓનું ભાન એમને ઘેરી વળવા લાગ્યું. પ્રભુનો એમણે ઉપકાર માન્યો.

પ્રમુખપદે બેસતાં પહેલાં લિંકન પોતાની સ્નેહાળ સાવકી માને મળવા ગયા ત્યાં તેમના જૂના મિત્રોને પણ ભેટ્યા.

લિંકનના માથે ભારે ભય ઝઝૂમી રહ્યો છે એવો તેમને અંદેશો હતો.

એબ્રહામ લિંકને તૈયાર થઈ ને જવાની તૈયારી કરી. તેમની માએ વિદાય આપતાં કહ્યું: ‘‘બેટા, નિષ્ઠાપૂર્વક કામ કરજે, પ્રભુ તને સહાય

કરશે ને તારી રક્ષા કરશે.''

''મા, તારા આશીર્વાદ અને પ્રભુની કૃપાથી જ મારું રક્ષણ થાય છે. પણ મા, તું ધીરજ રાખજે. કદાચ દુશ્મનો મને મારી નાખશે તો હું અમર બની જઈશ. દેશ માટે શહીદ બનીશ તો મારું ગૌરવ વધશે.''

એટલું કહીને લિંકન વિદાય થઈ ગયા.

બાળપણથી જ શ્રમ કરવા ટેવાયેલા લિંકનને શ્રમ કરવામાં જરા પણ શરમ રહેતી ન હતી. તેઓ આખા જીવન દરમ્યાન શ્રમ જ કરતા રહ્યા.

તેઓ ખ્યાતનામ વકીલ અને સેવાભાવી ધારાસભ્ય બન્યા. છેવટે રાષ્ટ્રના પ્રમુખ બની ગયા. પણ તેમને કોઈ પણ કામ કરવામાં શરમ કે નાનમ ન હતી.

ઘરનું આંગણું પોતે જ સાફ કરતા. ગાયની ગમાણ અને ઘોડાનો તબેલો પણ પોતે જ સાફ કરી લેતા. ઢોરને ઘાસ નીરે, પાણી પીવડાવે, લાકડાં ચીરે, ગાય દોહી લાવે, પાડોશીને પણ મદદ કરે.

પ્રમુખ ચૂંટાયા બાદ વૉશિંગ્ટન જવા માટે સામાન બાંધવાનું કામ નોકરો નહિ પણ જાતે જ કરતા.

અમેરિકાના પ્રમુખે સામાન જાતે પૅક કર્યો, પાર્સલોને જાતે જ દોરડાં બાંધ્યાં ને પોતાના હાથે જ સરનામાં પણ કરી દીધાં !

લિંકન ભલે પ્રમુખ બન્યા પણ તેમના વર્તનમાં જરા પણ ફરક પડ્યો ન હતો. આવો પ્રમુખ કે નેતા આપણા દેશને મળે તો કેવું સારું!

વૉશિંગ્ટન જતાં પહેલાં આગલે દિવસે તેઓ પોતાની જૂની પુરાણી વકીલાત કરવાની ઑફિસે ગયા. જરૂર જણાતા કાગળો તેમણે

એકઠા કર્યા. પછી સોફા ઉપર સૂઈ ગયા. ને મકાનની છત તરફ જોઈ સીધા પડીને સૂતા રહ્યા. આ એમની નાનપણની આદત હતી.

ઍબ્રહામ લિંકને તેમના ભાગીદારને પૂછ્યું: ‘‘આપણે કેટલા સમયથી સાથે રહીએ છીએ ?’’

‘‘સોળ વર્ષથી’’ જવાબ મળ્યો.

‘‘આ સમય દરમ્યાન આપણે કદી પણ ઊંચે સાદે બોલ્યા નથી. કેમ ખરુંને ?’’

આટલું કહીને કાગળો લઈને લિંકન ઑફિસ બહાર નીકળી ગયા. આગળ જઈને લિંકન થોભી ગયા. બારણા આગળ લટકાવેલું જૂનું-પુરાણું નામનું પાટિયું જોઈને તેમના ભાગીદારને કહ્યું: ‘‘બિલી, આ પાટિયાને જેમનું તેમ જ રહેવા દેજે. અને આપણા અસીલોને કહેજે કે લિંકન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા છે. પરંતુ વકીલાતની પેઢીમાં કોઈ ફેરફાર થવાનો નથી. જો હું જીવતો રહીશ તો થોડા વખતમાં પાછો અહીં આવીશ અને પાછા આપણે વકીલાતને પંથે વળગી જઈશું.’’

રામના વનવાસ વખતે જેમ આખું ગામ રામને વિદાય આપવા ગયું હતું તેમ લિંકનને વળાવવા માટે આખું ગામ ઊમટી પડ્યું હતું.

લોકોની મમતા જોઈને લિંકનનું હૈયું ભરાઈ આવ્યું ને આંખોમાં આંસુ છલકાવા લાગ્યાં.

તેઓ બોલ્યા : ‘‘વહાલા સાથીઓ ! હું તમારો ઋણી છું અને સદાને માટે રહીશ. હું હવે જુવાન મટીને વૃદ્ધ બન્યો છું. અને મોટી મોટી જવાબદારીઓ નિભાવવા જઈ રહ્યો છું. હું હવે પાછો આવીશ કે નહિ, અને ક્યારે આવીશ એ તો ભગવાન જાણે. પ્રભુ મને સફળતા અપાવતો જ રહે છે અને તે સદૈવ મારી સાથે જ છે. એવો મને અનુભવ થાય છે.

એટલે મને કોઈની પણ પરવા રહેતી નથી.''

ગદ્ગદ્ કંઠે સૌની વિદાય લઈ લિંકન અશ્રુભીની આંખે વિદાય થયા.

લિંકનના વિરોધીઓ ઘણા હતા. કારણ કે લિંકન નીડરપણે કામ કરતા હતા.

જેઓ રાજકારણમાં રહી નીડરપણે અને ચમરબંધીની પણ પરવા કર્યા વિના કામ કરતા હોય છે તેમનો જીવ જોખમમાં જ હોય છે.

આવું તો આપણા દેશમાં પણ બન્યું છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ગોડસેની ગોળીનો ભોગ બની ગયા, ઈન્દિરા ગાંધીની છાતી ગોળીઓથી વીંધાઈ ગઈ, રાજીવ ગાંધી રિમોટ બૉમ્બના વિસ્ફોટમાં ચિર નિદ્રાધીન બની ગયા !

એટલે લિંકન પણ સદૈવ મોતને મુઠ્ઠીમાં લઈને જ ફરતા હતા. તેમને પોતાના જીવનની નહિં પણ દેશની પરવા હતી.

લોકોને શંકા-કુશંકાઓ થતી કે લિંકન વૉશિંગ્ટન સુખરૂપ પહોંચી શકશે કે નહિ. કારણ કે દક્ષિણપંથી લોકોએ તેમને ખતમ કરી નાખવાનું કાવતરું રચ્યું હતું.

મારવાવાળા કરતાં બચાવવાવાળો મહાન છે તે મુજબ લિંકનના અંગરક્ષકોએ તેમને ગાડીમાંથી અડધે રસ્તે ઉતારી લઈને બીજી ગાડીમાં બેસાડી વહેલી સવારે વૉશિંગ્ટન પહોંચાડી દીધા હતા.

વૉશિંગ્ટન જઈને લિંકને પ્રમુખ તરીકેનો શપથવિધિ કરી લીધો અને પોતાના પ્રવચનમાં જ તેમણે દક્ષિણના લોકો સાથે મૈત્રીનો હાથ લંબાવવાનો અનુરોધ કર્યો.

લિંકને કહ્યું કે : "હું કોઈનો પણ દુશ્મન નથી અને મારો પણ કોઈ દુશ્મન નથી એમ હું ચોક્કસપણે માનું છું. અને હું ખાતરી આપું છું કે તમે કોઈ પણ જાતનો ભય રાખશો નહિ. આપણો મતભેદ ગુલામી બાબતનો છે, પણ મનભેદ નથી. હું આપ સૌને અપીલ કરું છું કે આંતરવિગ્રહમાં ઊતરશો નહિ. સરકાર તમારા ઉપર કદી પણ હુમલો કરશે નહિ. સરકારને ઉથલાવી પાડવા માટેની તમારી પ્રતિજ્ઞા સામે સરકારને બચાવી લેવાની પ્રતિજ્ઞાથી હું બંધાયેલો છું. હું તેનું રક્ષણ કરવામાં પાછો હઠીશ નહિ.

"મારું તો માનવું છે કે આપણે મિત્રો તરીકે રહીએ એમાં જ લાભ છે."

પરંતુ દક્ષિણના લોકોએ લિંકનની મૈત્રીનો સ્વીકાર ન કર્યો. ને તેમની લડત ચાલુ રાખી હતી.

● ● ●

અનાયાસે પ્રાપ્ત થયેલી લક્ષ્મી, પરિશ્રમ તથા પુરુષાર્થ વગરનું જીવન અને સાચી ભૂખ વિનાનું ભોજન. આ ત્રણેય થોડો સમય આનંદ આપે પણ સરવાળે તે હાનિકર્તા છે.

રાજ્યમાં જે પક્ષની બહુમતી હોય તે રાજ્યની મુખ્ય જગ્યાએ તે પક્ષના લોકોને મૂકવામાં આવે છે.

લિંકન પ્રમુખ બન્યા એટલે એમના પક્ષના લોકોને થયું કે હવે આપણી નિમણૂક જવાબદાર હોદ્દાઓ ઉપર થશે. લોકોએ લિંકન પાસે જઈને આડકતરી રીતે ચર્ચાઓ પણ કરી.

લિંકન તો હીરાપારખુ ઝવેરી હતા. એટલે લોકોની વાતનો મર્મ તેઓ પારખી ગયા અને ઠંડે કલેજે કહ્યું: ‘‘મારા મિત્રો, તમને મારે એક સુંદર મજાની વાત સંભળાવવી છે તે જરા સાંભળો.

‘‘એકવાર એક રાજા ફરવા નીકળ્યો. વાદળો ઘેરાતાં હતાં એટલે તેણે પોતાના પ્રધાનને પૂછ્યું કે ‘હું બહાર તો જાઉં છું પણ અધવચ્ચે વરસાદ તો નહિ પડે ને ?’

‘રાજન્ ! વરસાદ પડે એવાં એંધાણ તો દેખાતાં નથી.’

પ્રધાને આકાશ ભણી નજર કરીને ઉત્તર આપ્યો.

રાજાએ છત્રી ન લીધી ને બહાર ફરવા માટે નીકળી ગયો.

જતાં જતાં એક ખેતર આવ્યું ત્યાં ઝાડ નીચે એક વૃદ્ધ ખેડૂત બેઠો હતો.

રાજાએ ખેડૂતને પૂછ્યું : ‘વડીલ, વરસાદ પડે એવું તમને લાગે છે ખરું ?’

‘જી, હા. અડધા જ કલાકમાં વરસાદ તૂટી પડશે એવું મને ચોક્કસ લાગે છે.’

રાજા આગળ ચાલ્યો. અડધો કલાક થઈ ગયો. ત્યાં તો વરસાદ

પડવા માંડ્યો !

રાજા ભીંજાતો ભીંજાતો પાછો ફર્યો. તરત જ તેણે પ્રધાનને બોલાવ્યો અને ગુસ્સામાં આવી જઈને કહ્યું, 'તમે મારા પ્રધાન બનવાને લાયક નથી. વરસાદ પડશે કે નહિ એટલું જો તમે ન કહી શકો તો રાજ્યની જવાબદારી કેવી રીતે સંભાળતા હશો ? તમારા કરતાં વૃદ્ધ ખેડૂત વધારે લાયક છે. તેણે મને વરસાદ વિશે ચોક્કસ ખાતરી આપી અને તે જ પ્રમાણે વરસાદ પડ્યો. એટલે હવે હું તમારી જગ્યાએ તે ખેડૂતને પ્રધાનપદે નિયુક્ત કરું છું.'

રાજાએ તરત જ પેલા ખેડૂતને બોલાવ્યો ને કહ્યું : 'તમે મને વરસાદ પડશે તેવી ચોક્કસ માહિતી આપી હતી અને તે પ્રમાણે વરસાદ પડ્યો એટલે તમે પારખવાની શક્તિ ધરાવો છો. એવું હું માનું છું હું તમને મારા રાજ્યના પ્રધાનપદે નીમું છું.'

રાજાની આવી વિચિત્ર વાત સાંભળીને પેલા ભલા ખેડૂતે કહ્યું: 'રાજાજી, વરસાદ પડશે કે નહિ તે પારખવાની શક્તિ મારામાં ક્યાંથી હોય ?'

'તો પછી તમે કહ્યું તે પ્રમાણે વરસાદ કેવી રીતે પડ્યો ?' રાજાએ પ્રશ્ન કર્યો.

'એ તો મારા ગધેડા ઉપરથી હું સમજી શક્યો હતો. જ્યારે વરસાદ પડવાનો હોય તે પહેલાં ગધેડું પોતાના કાન નીચા વાળી દે છે.

'મેં ગધેડાના કાન જોયા, તે નીચા વળેલા હતા. એટલે મેં આપને કહ્યું કે વરસાદ પડશે'.

ત્યારે રાજા બોલ્યો : 'તો પછી તમારો ગધેડો પ્રધાનપદ માટે લાયક છે. તેથી હું ગધેડાને મારો પ્રધાન બનાવું.'

વાત પૂરી થઈ એટલે લિંકને કહ્યું; ''મિત્રો, હું એ રાજા જેવો મહામૂર્ખ નથી કે મારા મનસ્વીપણા પ્રમાણે જેને તેને મન ફાવે તેને રાજ્યની જવાબદારીભરી જગ્યાઓ પર ગોઠવી દઉં ! મારે પણ મારી ફરજ સમજવી જોઈએ. ફરજનું હું ચુસ્તપણે પાલન કરું છું અને કરીશ જ.''

લિંકને તરત જ એલાન કર્યું કે, ''મારા નિવાસસ્થાન 'વ્હાઈટ હાઉસ'નાં દ્વાર જનતા માટે સદૈવ ખુલ્લાં જ રહેશે. ગરીબ, અમીર, અમલદાર કે સામાન્ય માણસ નિર્ભયતાથી, વિનાસંકોચે પ્રમુખને મળી શકશે. અને દાદ-ફરિયાદ મુક્તપણે કરી શકશે. આ મારું પ્રજાને વચન છે ને તેનું હું ચુસ્તપણે પાલન કરીશ એની હું ખાતરી આપું છું.

''હા, કદાચ મુલાકાતીઓની વધુ ભીડ જામી જશે તો ચોકીદાર કોઈને રોકશે નહિ.''

જો ચોકીદાર કોઈને રોકે તો લિંકન તેની ધૂળ કાઢી નાખતા. માણસો આવે ને લિંકનને ફરિયાદ કરે તે તેમને ગમતું હતું.

લિંકન કહેતા, કે, મુલાકાતને હું મારું લોકમતનું સ્થાન ગણું છું. હું હમણાં છાપાં વાંચતો નથી. એટલે લોકો પાસેથી મને ઘણું જાણવાનું મળી રહે છે. અને લોકો જ મારી ફરજને સતત જાગ્રત કરતા રહે છે.''

'વ્હાઈટ હાઉસ' આખું લોકોથી ભરેલું જ રહેતું હતું. લોકસંપર્ક દ્વારા લિંકનને અવનવું જાણવા મળતું હતું અને એ જાણવું એ એમનો શોખ હતો.

લિંકન સામાન્ય લોકો પાસેથી જ પ્રેરણા મેળવતા અને પોતાની જવાબદારીઓનો ભાર હળવો કરતા હતા. તેમણે પ્રજાનો સારો પરિચય કેળવી લોકચાહના મેળવી લીધી હતી.

એકવાર લિંકનનો બાળમિત્ર તેમને મળવા આવ્યો. તેને થયું કે, ક્યાં હું ને ક્યાં આ મારો ગોઠિયો ! હું તો ગરીબ ગામડિયો છું. તે મને ઓળખશે ખરો ? મને બોલાવશે ? આ તો શ્રીકૃષ્ણને મળવા તેમના બાળમિત્ર સુદામા દ્વારિકા ગયા હતા ને દ્વારિકાનો શ્રીકૃષ્ણનો વૈભવ જોઈને વિચારમાં પડી ગયા હતા તેવા હાલ લિંકનના મિત્રના હતા. એટલે લિંકન પાસે જતાં સંકોચ અનુભવી રહ્યો હતો.

એવામાં લિંકનની નજર એના પર પડી. તરત જ તેઓ બહાર આવ્યા ને બાળમિત્રને ભાવથી ભેટી પડ્યા.

હવે તો મિત્રનો સંકોચ ગાયબ થઈ ગયો. તેણે દોસ્ત લિંકનનો પ્રત્યક્ષ અનુભવ લીધો. તે બેત્રણ દિવસ સુધી લિંકનનો મહેમાન બનીને રહ્યો.

છૂટા પડતી વખતે જૂના મિત્રના મિલનની યાદગીરીમાં લિંકને એક સુંદર મજાનું ઘડિયાળ ભેટ આપ્યું. એ ઘડિયાળ ઉપર મુલાકાતની તારીખ અને સમય કોતરેલાં હતાં.

દક્ષિણનાં રાજ્યોમાં વિરોધ-વંટોળ જોરથી ફૂંકાતો હતો. ને વાતાવરણ તંગ બની ગયું હતું. આંતરવિગ્રહની તૈયારીઓ થવા માંડી હતી. સંઘ રાજ્યમાંથી રાજ્યો છૂટાં પડવા માંડ્યાં. આ બધું લિંકન જોઈ રહ્યા હતા. સર્વત્ર અંધાધૂંધી પ્રસરી ગઈ હતી.

પ્રમુખ લિંકન સામે ભારે કટોકટી ઊભી થઈ હતી. બધા મંત્રીઓએ રાજીનામાં ધરી દીધાં હતાં.

પણ લિંકન હિંમત હારે તેવા ન હતા. તેમણે ધીરજપૂર્વક કામ લેવા માંડેલું અને કટોકટીના સમયે સર્વપક્ષીય રાષ્ટ્રીય સરકારની રચના કરી.

આ જોઈ એમના પક્ષના માણસો અકળાઈ ગયા. તેઓ સમજ્યા કે લિંકન રાજકારણ શું છે તે સમજતા જ નથી. સાવ બુધ્ધુ જેવા છે. પણ એમને એ ક્યાં ખબર હતી કે લિંકન બધું સમજતા હતા.

અંદરખાનેથી બધા પ્રધાનો લિંકનની મજાક કરતા હતા ને કહેતા કે, ''જંગલમાં જન્મેલો આ કઠિયારો કિસ્મતના જોરે રાષ્ટ્રનો પ્રમુખ બની બેઠો છે. પણ એ કાંઈ કામ કરી શકશે નહિ. જરૂર, તે નાસીપાસ થઈ જશે ને ભાગી જશે. એના ગયા પછી રાજ્યની લગામ આપણા હાથમાં જ આવી જવાની છે.''

એક પ્રધાને તો લિંકનને અવિવેકપણે પત્ર પણ લખ્યો હતો. પરંતુ આ બધું લિંકન સહન કરી લેતા અને પત્રનો જવાબ વિવેકભર્યો લખ્યો પણ હતો.

લિંકનની સિફત અને ચતુરાઈભરી વર્તણૂકથી બધા પ્રધાનોનું ઘમંડ ચકનાચૂર થઈ જતું. પરિણામ એ આવ્યું કે લિંકનનો વિરોધ જે પ્રધાનો કરતા હતા તે બધા જ લિંકનની મુક્ત કંઠે પ્રશંસા કરતા થઈ ગયા.

ઉત્તર-દક્ષિણના ઝઘડામાં 'ગુલામી નાબૂદ કરો'ના પ્રશ્ને ભારે વિરોધ-વંટોળ ફુંકાઈ રહ્યો હતો. પરંતુ લિંકન પોતાના નિશ્ચય પર અટલ રહ્યા હતા.

લિંકનની વ્યૂહરચના જુદા જ પ્રકારની હતી. પરંતુ આંતરયુદ્ધને ટાળવાના તેમના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા અને એ પ્રલયકારી આંતરવિગ્રહ સમગ્ર યુવા પેઢી અને પ્રમુખને ભરખી જનાર સિદ્ધ થયો!

● ● ●

આંતરવિગ્રહમાં બંને પક્ષો ખૂબ લડ્યા ને મોટી સંખ્યામાં ખુવારી નોતરી. આવા કપરા સંજોગોમાં પણ લિંકને ધીરગંભીર બનીને સૌને અનુરોધ કર્યો કે, ''પોતે મરે પણ પોતાની પ્રજા આબાદ રહે એટલા માટે પ્રાણની આહુતિ આપનારા શહીદોને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પીએ. જીવતા રહેલા અને વિદેહ થયેલા જે વીર પુરુષો અહીં લડ્યા તેમણે જ આ ભૂમિને પવિત્ર બનાવી છે.''

લિંકને એ પણ જણાવ્યું કે, ''આપણે અહીં જે બોલીએ તેની દુનિયા ભાગ્યે જ નોંધ લેશે, પરંતુ અહીં જે વીરોએ અદમ્ય સાહસ દાખવ્યું છે તેને દુનિયા ભૂલી શકશે નહીં. પ્રજાની, પ્રજા મારફત ચાલતી, અને પ્રજા કાજે ચાલતી સરકાર, આ પૃથ્વી ઉપરથી કદી નાશ પામતી નથી.''

લિંકનના આવા હૃદયસ્પર્શી શબ્દોએ લોકોને મુગ્ધ કરી દીધા હતા.

એ સમયનો આંતરવિગ્રહ યાદવાસ્થળીની યાદ અપાવે તેવો જ હતો. કાંટાળો તાજ પહેરી જાનને જોખમે લિંકને દેશને અને પ્રજાને સર્વનાશના માર્ગેથી ઉગારી લીધી હતી.

એટલે જ લિંકનના જીવનના પ્રસંગો માનવ-ઇતિહાસની કરુણ ગાથા બની ગયા છે. તેનું એક-એક પાનું પ્રેરણાનું પાથેય ભરી દે તેવું છે. વર્ષોનાં વહાણાં વીતી ગયાં, છતાં લિંકનની યાદ સ્મૃતિપટ ઉપરથી ખસી શકતી નથી.

એકવાર યુગપ્રવર્તક નવલકથાનાં લેખિકા હોરિયેટ બીચર સ્ટો લિંકનને મળવા આવ્યાં. લિંકન તેમને સારી રીતે ઓળખતા હતા. છતાં

પણ લિંકને તેને આવકાર આપ્યો ને બેસવા કહ્યું :

લેખિકાએ ઊભાં ઊભાં જ વાત કરી ત્યારે લિંકને એટલું જ કહ્યું :

"આ મહાન વિગ્રહ સળગાવનાર પુસ્તકનાં લેખિકા તમે જ છો ને ? પરંતુ એટલું યાદ રાખજો કે આ યુદ્ધનો ગમે ત્યારે અંત આવે, પણ યુદ્ધ પૂરું થયા પછી હું ઝાઝો વખત જીવવાનો નથી. પછી જ હું મરીશ."

લિંકનના આ શબ્દો સાંભળી લેખિકા સ્તબ્ધ બની ગયાં !

લિંકન સર્વસમર્પણભાવથી રહ્યા અને પ્રજાના પિતા સમાન, રક્ષક અને તારક સમાન બનીને જીવન જીવી ગયા.

લિંકનમાં દેવદૂત સમા પારદર્શક વ્યક્તિત્વનાં સદૈવ દર્શન થતાં હતાં.

પ્રમુખ લિંકને પોતાના દરવાનોને સખ્ત સૂચના આપી રાખી હતી કે, "સેનેટરો, પ્રતિનિધિઓ ભલે બહાર ઊભા રહે ને મળવાની રાહ જોતા રહે પરંતુ કોઈની જિંદગી બચાવવા માટેની અરજી લઈને કોઈ સામાન્યમાં સામાન્ય માણસ પણ મને મળવા આવે તો તરત જ એને દાખલ થવા દેજો. તેમાં જરા પણ વાર કરશો નહિ. આ મારી સૂચનાનું ચુસ્તપણે પાલન કરજો."

લિંકનની હાકલ પડતાં જ ઘણા જુવાનો લશ્કરમાં ભરતી થવા લાગ્યા. લશ્કરની કડક શિસ્ત ને આજ્ઞાપાલનનો ચુસ્તપણે અમલ થવો જોઈએ એવી લિંકનની આજ્ઞા હતી.

યુવાનોથી કદાચ ભૂલ થઈ જતી તો કરુણામૂર્તિ લિંકન તેમની ભૂલ માફ કરી દેતા હતા. એટલે તેઓ સૈનિકોના પિતા તરીકે પ્રસિદ્ધ થયા.

લિંકનના ક્ષમાશીલ અને કરુણામય હૃદયનો ખ્યાલ લોકોને આંતરવિગ્રહ વખતે આવી ગયો હતો. ગરીબોના વકીલ બનીને સંકટ સમયે ઊભા રહી જતા. એ વખતે તેઓ પોતાની જાતને ભૂલી જતા. એવી જ રીતે જવાનોના પણ વકીલ બનીને 'પિતા ઍબ્રહામ' ગુનાઓ માફ કરાવી દેતા. એનું પરિણામ એ આવતું કે તેઓ જવાનોમાં વધુ પ્રિય બની ગયા. અને જવાનો તેમની આજ્ઞાનું કદી પણ ઉલ્લંઘન કરતા ન હતા.

ઍબ્રહામ લિંકનના પારદર્શક વ્યક્તિત્વનું એક બીજું ઉદાહરણ જોઈએ.

એક ખેડૂતનો દીકરો સૈનિક તરીકે જોડાયો હતો. તે ચોકીપહેરો કરવાની ફરજ પર હતો.

એકવાર બન્યું એવું કે તે ખેડૂત-પુત્ર ચોકી કરતાં કરતાં ઊંઘી ગયો. ઊંઘતો સૈનિક પકડાઈ ગયો. અને સૈનિકોના કાયદા મુજબ તેનો કેસ ચાલ્યો ને તેને ફાંસીની સજા થઈ !

એક નવજુવાનને ફાંસી થાય તે લિંકન ક્યાંથી સહન કરે ? તેમનું હૃદય દ્રવી ઊઠ્યું ! તેમણે એક વકીલની હેસિયતથી દલીલો કરીને તેને માફી અપાવી દીધી.

તેમણે એવી દલીલ કરેલી કે, ''એમાં એ બિચારા છોકરાનો દોષ નથી. એ તો ખેડૂતનો દીકરો છે. છતાં પણ દેશ ખાતર સૈન્યમાં ભરતી થયો છે. એ ખેડૂત હોવાથી આખો દિવસ મહેનત-મજૂરી કરવાને ટેવાયેલો છે. એને રાતે ઉજાગરો કરવાની ટેવ ન હોય. એનો ગુનો માફ કરી દેવો જોઈએ.''

કેવી મહાનતા !

અજાતશત્રુ જેવા લિંકનને મન બધા જ મિત્રો હતા. અને પોતે માનવજાતના મિત્ર હતા.

એકવાર એક યુદ્ધકેદી યુવાનની બાબતમાં પણ ભલામણ કરવાનો પ્રશ્ન ઊભો થયો. તે કેદીનો કોઈ મિત્ર કે સગું ન હતું. એટલે તેની ભલામણ કોણ કરે ?

લિંકનને જ્યારે ખબર પડી કે યુદ્ધકેદીની ભલામણ કરે તેવું કોઈ નથી ત્યારે લિંકને કહ્યું : "જો કેદીનો કોઈ જ મિત્ર ન હોય તો હું તેનો મિત્ર છું એમ ગણજો."

આ રીતે લિંકન નિરાધારના આધાર બની જતા. માનવધર્મ એ જ એમનો મુદ્રાલેખ હતો.

બીજા એક પ્રસંગમાં એવું બનેલું કે એક વૃદ્ધ ખેડૂતના એકના એક દીકરાને ગોળીએથી ઠાર કરવાનો હુકમ થયો. છોકરાના બાપ માથે દુઃખના પહાડ તૂટી પડ્યા. તરત જ તેને લિંકન યાદ આવ્યા. એટલે છોકરાનો બાપ દયાની યાચના કરવા પ્રમુખ લિંકન પાસે ગયો અને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યો. અને લિંકનના પગે પડીને કહ્યું :

"સાહેબ ! મારા દીકરાને બચાવી લો. એ દીકરા સિવાય મારો કોઈ આશરો નથી. જો ગોળી જ મારવી હોય તો મારા દીકરાને બદલે મને મારો પણ મારા દીકરાનો જીવ બચાવી લો."

લિંકને ખેડૂતના હાથમાં જનરલનો આવેલો તાર મૂક્યો.

તારમાં લખ્યું હતું કે, "લશ્કરી અદાલતની કાર્યવાહીમાં આપ દરમ્યાનગીરી ન કરો એમ હું ઇચ્છું છું કેમ કે આપની દરમ્યાનગીરી સૈન્યની શિસ્તનો ભંગ કરશે."

લિંકને વૃદ્ધ ખેડૂતને કહ્યું : 'ભાઈ, જનરલનો આવો તાર મારા

ઉપર આવ્યો છે. હવે હું લાચાર છું."

હવે ડોસાની ધીરજ ખૂટી ગઈ. તે આક્રંદ કરવા લાગ્યો. ડોસાનું આક્રંદ જોઈને દયાળુ લિંકનનું હૃદય દ્રવી ઊઠ્યું.

તે બોલ્યા : "જહન્નમમાં જાય એ જનરલ અને જહન્નમમાં જાય એનો તાર" આટલું બોલીને લિંકને કલમ ઉપાડી, તેમાં લખ્યું કે : "હું પ્રમુખ તરીકે તમને હુકમ કરું છું કે મારો બીજો હુકમ ન મળે ત્યાં સુધી આ છોકરાને ઠાર કરવો નહિ."

લિંકનનો આવો હુકમ વાંચીને વૃદ્ધ પિતા બેચેન બની ગયો. તેના મનમાં અનેક તર્ક-વિતર્કો જાગી ઊઠ્યા. લિંકને જે લખ્યું હતું કે 'બીજો હુકમ' એટલે શું ? મારા દીકરાનું શું થશે એ જ મને સમજાતું નથી.

બેચેન બની ગયેલા વૃદ્ધને લિંકને કહ્યું : "ધીરજ રાખો. હું ધારું છું તે મુજબ તમે મને પૂરેપૂરો ઓળખ્યો હોય એમ લાગતું નથી. તમને એ ખબર નથી કે જનરલને પત્રમાં શું લખ્યું છે. તેમાં લખ્યું છે કે મારો બીજો હુકમ ન થાય ત્યાં સુધી છોકરાનો વાળ પણ વાંકો ન થાય.

"મારો બીજો હુકમ ક્યારે થશે ? એ હું પોતે પણ જાણતો નથી. એટલે મારો બીજો હુકમ થશે નહિ અને તમારો છોકરો મરશે પણ નહિ. હું એની તમને ખાતરી આપું છું. માટે વિશ્વાસ રાખો."

વૃદ્ધના હરખનો પાર ન રહ્યો. વૃદ્ધ હરખાતો હરખાતો ઘેર ગયો. અને લિંકનને આશીર્વાદ આપવા લાગ્યો.

પ્રમુખ લિંકનની અપાર ક્ષમા-ભાવના અને રહેમદિલી જોઈને લશ્કરી અફસરો ખૂબ અકળાઈ જતા. પરંતુ લિંકનનો વિરોધ તેઓ કરી શકતા ન હતા.

એકવાર લશ્કરમાંથી સૈનિકો ભાગી ગયા. સેનાપતિએ ભાગી

જનારા સૈનિકોમાંથી પચીસ સૈનિકોને પકડી લીધા અને તેમને ફાંસીને માંચડે ચઢાવી દેવાનો હુકમ લખી નાખ્યો.

સેનાપતિનો હુકમ પ્રમુખ લિંકન પાસે મંજૂરીની મહોર મારવા મુકાયો.

દયાળુ દિલના લિંકનના સ્વભાવ વિશે સેનાપતિ જાણતો હતો. એટલે તેણે નોંધ મૂકી હતી કે જો આ હુકમને મંજૂરીની મહોર નહિ વાગે તો લશ્કરની શિસ્ત જોખમાશે એટલું જ નહિ પરંતુ સૈનિકો શિસ્તનું પાલન કરશે નહિ.

ત્યારે લિંકન ખૂબ જ અકળાઈ ગયા ને જનરલને કહ્યું : ‘‘અમેરિકામાં રુદન કરતી વિધવાઓ કેટલી બધી છે ! ભગવાનને ખાતર એ સંખ્યામાં વધારો કરવાનું કામ છોડી દો. સૈનિકોમાં કોઈનો લાડકવાયો પણ હશે. હું આવા ક્રૂર હુકમ પર કદી પણ મહોર મારીશ નહિ. પછી તેનું પરિણામ ગમે તે આવે.’’

ઓછા સમયમાં કોઈ સર્વોપરી સત્તાધીશે આટલા બધા યુદ્ધ-ગુનેગારોને માફી બક્ષી તેમના જીવ બચાવ્યા હોય એવું બીજું કોઈ ઉદાહરણ ઇતિહાસમાં મળવું મુશ્કેલ છે.

લિંકન જરા ગંભીર બનીને કરુણાભર્યા અવાજે કહેતાઃ ‘તમારી કલમના ગોદામાત્રથી એક માણસની જિંદગી બચી જાય એમ તમને લાગતું હોય ત્યારે કોઈ પણ માણસને મરવા દેવો એ કેટલું કપરું છે, એ તમને નહિ સમજાય.’’

ગુનેગાર સૈનિકો પ્રત્યેની પ્રમુખ લિંકનની અમર્યાદ ક્ષમાશીલતા લશ્કરી અમલદારોને મૂંઝવે એવી જ હતી. પરંતુ લિંકનની દેવતુલ્ય ક્ષમાભાવના આગળ કોઈનું કાંઈ પણ ચાલતું નહિ.

● ● ●

## ૧૭ પ્રમુખનું દેવું ચૂકવ્યું

એકવાર વિલિયમ સ્કૉટ નામનો એક જુવાન સૈનિક હતો. તેને મૃત્યુદંડની શિક્ષા થઈ.

એકવાર સૈન્યનું નિરીક્ષણ કરવા લિંકન આવ્યા હતા ત્યારે તેઓ પેલા ગુનેગાર જુવાન સૈનિકને મળ્યા. તરત જ લિંકન તેને ઓળખી ગયા ને બોલ્યા : "મારા દીકરા, તને ઠાર કરવા દેવામાં નહિ આવે. હું તને પલટણમાં પાછો મોકલી આપીશ. પરંતુ એ કારણે હું ભારે મુશ્કેલીમાં આવી પડ્યો છું ! એ માટે તું મારું બિલ કેવી રીતે ચૂકવી આપશે એ હું જાણવા માગું છું."

આ વાત સાંભળીને પેલો બિચારો જુવાનિયો મૂંઝાઈ ગયો ! તેણે ધીમે અવાજે કહ્યું : "મારી બધી મિલકત ગીરવે મૂકીને વધારેમાં વધારે હું છસો ડૉલર ઊભા કરી શકું એમ છું."

લિંકન મીઠું સ્મિત ફરકાવતા બોલ્યાઃ "ના, એ ન ચાલે. સૈનિક તરીકેની તારી ફરજ બજાવીને તારે પોતે જ તારું એ દેવું પતાવવું જોઈએ."

આ વાતને છ માસ વીતી ગયા. એક ખૂનખાર લડાઈમાં સંઘ રાજ્યના સૈન્યનો પરાજય થયો. ગોળીના વરસતા વરસાદ નીચે સૈન્યને પીછેહઠ કરવાની ફરજ પડી.

સૈન્યને રસ્તામાં એક નદી ઓળંગવાની આવી. ઘણા સૈનિકોને તરતાં આવડતું ન હતું. હવે શું થાય ? બધા ભારે વિમાસણમાં પડી ગયા!

લિંકને જેની સજા માફ કરી હતી એ જુવાન સૈનિક પણ ત્યાં જ હતો. તેને તરતાં આવડતું હતું. જુવાને આ તકનો લાભ લઈ લીધો.

કારણ કે તેને પ્રમુખનું દેવું ચૂકવવાનો સમય પાકી ગયો હતો. લિંકને તેની સજા માફ કરાવી હતી. અને તેના માટે આ જ મોકો હતો.

જુવાન સૈનિક ભારે તરવૈયો હતો. એ તરત જ નદીમાં કૂદી પડ્યો. અને જીવને જોખમે એણે તરતાં ન આવડતા છ જેટલા સૈનિકોના જીવ બચાવી લીધા હતા.

પરંતુ વિધિનાં વિધાન કાંઈ જુદાં જ લખાયાં હતાં.

એ જુવાન જ્યારે સાતમા સૈનિકને તરતો તરતો નદી પાર કરાવી રહ્યો હતો એવામાં સન્‌ન્‌ કરતી દુશ્મનની ગોળી આવીને સાતમા સૈનિકને બચાવતા તરવૈયા સૈનિકના માથામાં વાગી ! તરત જ તેણે જળસમાધિ લઈ લીધી.

આ રીતે એ જવાને જાતનું બલિદાન આપીને પ્રમુખનું દેવું ચૂકવી દીધું. અંતિમ સમયે તેણે ગર્વપૂર્વક કહ્યું કે, ''હું તો જાઉં છું પરંતુ મારા પ્રમુખ લિંકન લાંબું જીવે ને મારા જેવા જુવાનોનાં જીવન ઉજાળે.''

લિંકનના જીવનનાં બધાં પાસાં માનવસેવા સાથે સંકળાયેલાં હતાં.

● ● ●

શ્રદ્ધાનું જળસિંચન થાય ત્યારે પરિશ્રમનું વૃક્ષ સારાં ફળ આપે,
સિદ્ધિ તેને વરે છે જે પરસેવેથી નહાય છે.

આંતરવિગ્રહ ચાલતો હતો, ત્યારે પ્રમુખ લિંકન કામમાં ગળાડૂબ રહેતા હતા. પાણી પીવાની પણ તેમને ફુરસદ મળતી ન હતી. પછી નિરાંતે ઊંઘવાની તો વાત જ ક્યાંથી હોય ?

એક દિવસ લિંકને દિવસભર ખૂબ કામ કર્યું ને થાકીને લોથપોથ થઈ ઘેર આવ્યા. ઘેર આવ્યા પછી પણ મોડી રાત સુધી કામ કરતા રહ્યા. જ્યારે ખૂબ જ થાકી ગયા ત્યારે સૂવાની તૈયારી કરવા લાગ્યા.

એવામાં લિંકન પાસે એક કર્નલ કાગળ ઉપર સહી લેવા માટે આવ્યો. બનેલું એવું કે એ કર્નલની પત્ની દરિયાઈ યુદ્ધમાં શત્રુઓએ ડુબાડેલા જહાજમાં મૃત્યુ પામી હતી.

પત્નીનો અંતિમસંસ્કાર કરવા માટે કર્નલને વહેલી સવારે જવાનું હતું. પરંતુ એ સ્થળે યુદ્ધ થવાનો સંભવ હતો. તેથી માત્ર યુદ્ધમંત્રી અને પ્રમુખ જ ત્યાં આગળ જવાની પરવાનગી આપી શકે એમ હતું.

આમ તો લિંકન ગમે તેટલા થાકેલા હોય પણ આવા કામ વખતે તેઓ તરત જ તૈયાર થઈ જતા. પરંતુ કોણ જાણે કેમ, તેઓ ઘણા થાકી ગયા હશે કે કેમ ? ગમે તે કારણે લિંકન મિજાજ ગુમાવી બેઠા.

આમ, પહેલી વાર જ લિંકન મિજાજ ગુમાવી બેઠા હતા. આ જોઈને કર્નલ તો ડઘાઈ જ ગયો ! લિંકનને આવો ગુસ્સો કરતાં તેણે પ્રથમવાર જ જોયા હતા એટલે એના આશ્ચર્યનો પાર ન રહ્યો !

કર્નલે કાગળો ત્યાં જ મૂકી દીધા અને તરત જ પાછો ગયો.

લિંકન સૂવા માટે ખંડમાં ગયા. આડા પડ્યા પણ એમને ઊંઘ આવતી ન હતી. આમતેમ પાસાં ફેરવતા રહ્યા. ઘણા ધમપછાડા માર્યા.

પણ કેમે કરી એમને ઊંઘ આવી નહિ.

છેવટે લિંકને પોતાની હાર કબૂલ કરી. તરત જ તેઓ ઊભા થયાને યુદ્ધમંત્રીને ત્યાં ગયા. પેલા કર્નલના પરવાનાના કાગળો ઉપર તેમણે યુદ્ધમંત્રીની સહી કરાવી અને પછી તેની ઉપર પોતાની સહી કરી.

લિંકન સહી કરેલા કાગળો લઈને કર્નલને ઘેર ગયા. બારણું ઠોક્યું.

કર્નલ બારણું ઉઘાડીને જુએ તો આ શું ? તેની સામે કરુણ વદને ક્ષમા યાચતા અમેરિકાના પ્રમુખ ઊભા હતા ! મોડી રાતે આમ લિંકનને જોઈ કર્નલ સ્તબ્ધ બની ગયો.

લિંકને કર્નલ સાથે પ્રેમથી હાથ મિલાવ્યો ને કહ્યું :

"કર્નલ, મને માફ કરજો. રાતે તમે આવ્યા હતા પણ ન જાણે કેમ હું સાવ પશુ જેવો બની ગયો હતો. મારા એ બેહૂદા વર્તન માટે મારી પાસે કોઈ બચાવ નથી, કારણ કે એ મારી ભયંકર ભૂલ હતી.

"હું ઘણો જ થાકી ગયો હતો એ વાત ખરી પણ દેશને ખાતર જેણે પોતાની જિંદગી અર્પણ કરી છે, એવા માણસ પ્રત્યે આવો જંગલી વર્તાવ દાખવવાનો મારો જરાયે અધિકાર નથી. ખાસ કરીને ભારે દુઃખમાં આવી પડેલો માણસ મારી પાસે આવ્યો હોય ત્યારે તો નહિ જ.

"એ માટે મને બહુ જ પસ્તાવો થયો. એટલે જ હું તમારી ક્ષમા યાચવા ખાસ આવ્યો છું.

"લ્યો, આ તમારા કાગળો. હવે જરા પણ વાર લગાડશો નહિ. મારી ગાડી તૈયાર છે. ચાલો, મારી ગાડીમાં બેસી જાવ. હું તમને બંદરે પહોંચાડી દઈશ."

લિંકન પોતાની ગાડીમાં બેસાડીને કર્નલને બંદરે મૂકી આવ્યા. લિંકન પોતાની ભૂલ કબૂલ કરી લેવામાં જરા પણ અચકાતા નહિ એ એમની ખાસ વિશેષતા હતી.

એકવાર યુદ્ધ દરમ્યાન શત્રુપક્ષનો એક અમલદાર પકડાઈ ગયો. ને તેને મૃત્યુદંડની સજા ફરમાવાઈ. બીજે દિવસે તો તેને ફાંસી થવાની હતી.

પરંતુ આ વાતની પ્રમુખ લિંકનને ખબર પડી. એટલે તેમણે તરત જ જનરલને એક પત્ર લખી તેમાં જણાવ્યું કે, " જે માણસને મૃત્યુદંડની સજા થઈ છે તેના બધા કાગળો મેં જાતે તપાસ્યા છે. તેમાં મુલકી સત્તાવાળાઓથી કશી દખલગીરી કરી શકાય એમ નથી, એવું હું જોઉં છું. તેથી એ આખો કેસ હું તમને સોંપી દઉં છું અને આશા રાખું છું કે તમે જે ન્યાયી અને સાચું હશે તે જ કરશો. તમારા હાથે અન્યાય થશે જ નહિ. એની મને ખાતરી છે."

સાથે સાથે ટકોર કરી કે "જનરલ સાહેબ, હું એટલી વિનંતી કરું છું કે, તમે ભૂતકાળનો બદલો લેવાની દૃષ્ટિએ કાંઈ ન કરશો. અને ભવિષ્યની સહીસલામતી માટે આવશ્યક હોય એ જ નજરે જોશો.

"તમને હું યાદ દેવરાવું છું કે, આપણે કોઈ બહારના પરદેશી શત્રુ સાથે લડી રહ્યા નથી. આ તો ભાઈ-ભાઈ વચ્ચેનો વિગ્રહ છે. એટલે આપણો હેતુ એમનો જુસ્સો તોડી નાખવાનો નહિ, પણ તેમને તેમની મૂળ વફાદારીને સ્થાને પાછા લાવવાનો છે.

"માયાળુતાથી જીતવું એ જ આપણી નીતિ છે અને તેનું ચુસ્તપણે પાલન કરવાનું છે."

પ્રમુખ લિંકનનો પત્ર વાંચી જનરલને તેમની મહાનતાનો ખ્યાલ

આવી ગયો. જનરલની આંખમાં આંસુ આવી ગયાં. તરત જ તેમણે ફાંસીની સજા એકદમ હળવી કરી નાખી.

આ વાતની લિંકનને જાણ થઈ ત્યારે તેમણે ઈશ્વરનો ઉપકાર માન્યો ને બોલ્યાઃ ''જનરલના દિલમાં પણ દયાનું ઝરણું વહે છે !''

● ● ●

દિલેરી તમારા ગજાથી વધુ આપવામાં છે અને ખુમારી જરૂર કરતાં ઓછું લેવામાં છે.

# ૧૯ નીતિ સમજાવતા લિંકન

પ્રમુખ લિંકન ઘાયલ સૈનિકોની ખબરઅંતર પૂછવા વર્જીનિયાની એક હૉસ્પિટલમાં ગયા. તે વખતે ત્યાંનો મુખ્ય ડૉક્ટર સાથે જ હતો.

ડૉક્ટરે લિંકનને એમના પક્ષના જ ઘાયલ સૈનિકોના વૉર્ડમાં ફેરવ્યા. લિંકન ખૂબ પ્રેમથી, સહાનુભૂતિથી ઘાયલ સૈનિકોની ખબર પૂછવા લાગ્યા. કોઈ કોઈ સૈનિકની તો પીઠ થાબડીને શાબાશી આપતા હતા. દેશને માટે ફના થવા તૈયાર એવા બધા સૈનિકોને લિંકને ધન્યવાદ પણ આપ્યા.

ફરતાં ફરતાં ડૉક્ટર લિંકનને લઈને એક વૉર્ડ પાસે જઈને થોભ્યા.

લિંકન તે વૉર્ડમાં જવાની તૈયારી કરતા હતા, ત્યાં તો ડૉક્ટરે તેમને રોકી લીધા ને કહ્યું : ''તે વૉર્ડમાં જવાની જરૂરત નથી.''

લિંકને તેનું કારણ પૂછ્યું, ત્યારે ડૉક્ટરે કહ્યું : ''એ વિરોધપક્ષના ઘાયલ સૈનિકો છે. એટલે એમને મળવાની જરૂર નથી. ચાલો, અહીંથી આપણે પાછા ફરી જઈએ.''

લિંકને ડૉક્ટરના ખભા પર હાથ મૂક્યો ને કહ્યું : ''ડૉક્ટર, તમે આપણી સામે લડનાર પક્ષના સૈનિકોની વાત કરો છો ને ?''

''જી. હા.''

''તો સાંભળો, તેઓ બધા વિરોધ પક્ષના સૈનિકો ભલે રહ્યા પણ આખરે તેઓ બધા આપણા ભાઈ જ છે ને ? વિરોધ પક્ષના છે પણ છે તો ઘાયલ સૈનિકો ને ? એટલે ઘાયલ માણસની તો પહેલી ખબર પૂછવી જોઈએ. એ તો આપણી ફરજ બની જાય છે.''

તરત જ લિંકન તે વૉર્ડમાં દાખલ થયા અને એક-એક સૈનિક પાસે જઈને આશ્વાસન આપ્યાં ને સહાનુભૂતિ દર્શાવી.

• • •

૧૮૬૨ની સાલ અને એ વખતે દક્ષિણ રાજ્યના કાફલા સાથેના નૌકાયુદ્ધમાં વૉર્ડન નામના એક જુવાન અમલદારે ભારે બહાદુરી દાખવી દુશ્મનોના દાંત ખાટા કરી દીધા. પરંતુ તે ભડવીર સખ્ત રીતે ઘાયલ થયો. એટલે તેને તેના ઘેર મોકલી દેવામાં આવ્યો.

નૌકા-અધિકારી જે જુવાનને લઈ આવ્યો હતો તે 'વ્હાઈટ હાઉસ' માં ગયો ને લિંકનને ખબર આપવા દરવાજા પાસે ઊભો રહી ગયો.

તે વખતે લિંકન તેમના મંત્રીમંડળ જોડે અગત્યની ચર્ચાઓ કરી રહ્યા હતા.

નૌકા-અધિકારીએ લિંક્નને ખબર પહોંચાડી.

ખબર સાંભળતાં જ લિંકને તુરત મંત્રીમંડળની સભા બરખાસ્ત કરી અને ઘાયલ થયેલા પેલા અમલદારની ખબરઅંતર કાઢવા સીધા તેને ઘેર ઊપડી ગયા.

વૉર્ડન જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો પથારીમાં પડ્યો હતો. તેનો ચહેરો વિકૃત બની ગયો હતો. યુદ્ધ વખતે તેની નજીકમાં જ સામા પક્ષનો તોપગોળો છૂટ્યો હતો અને તેની આંખો તથા ચહેરો બળી ગયાં હતાં. તેના આખા મોં પર પાટો બાંધી દેવામાં આવ્યો હતો. તે કોઈને ઓળખી શકતો ન હતો.

લિંકન જ્યારે આવ્યા ત્યારે વૉર્ડનને કહેવામાં આવ્યું કે "પ્રમુખ લિંકન તને ખાસ મળવા અને તારી ખબર પૂછવા તારા ઘેર આવ્યા છે."

એ સાંભળીને વૉર્ડન ગદ્‌ગદ કંઠે મંદ સ્વરે બોલ્યોઃ "આપ સાહેબ મારું ભારે સન્માન કરો છો."

આ સાંભળીને લિંકન એક શબ્દ પણ બોલી ન શક્યા. તે વીર યોદ્ધાની સ્થિતિ જોઈને તેમનું હૈયું ભરાઈ આવ્યું. ઊંડી ઊતરી ગયેલી તેમની આંખો આંસુથી છલકાઈ ગઈ.

થોડીવાર પછી જરા સ્વસ્થ થઈને લિંકન ધીમા કરુણાભર્યા અવાજે મહામુસીબતે બોલ્યા :

"એમ નથી, મારું તથા તમારા દેશનું સન્માન તમે જ કર્યું છે."

કોણે કોનું સન્માન કર્યું ? એ તો આ પ્રસંગ પરથી ખ્યાલ આવી જાય છે. અગત્યની મંત્રણાઓ છોડીને લિંકન ઘાયલ અમલદારને ઘેર ગયા એ નાનીસૂની વાત ન હતી.

એકવાર લિંકન લશ્કરી હૉસ્પિટલની મુલાકાતે ગયા, અને બધાની ખબરઅંતર પૂછવા લાગ્યા.

એમ કરતાં કરતાં લિંકન દક્ષિણ રાજ્યના બીમાર યુદ્ધ-કેદીઓ જ્યાં રાખવામાં આવ્યા હતા તે વિભાગ આગળ આવી પહોંચ્યા.

એટલે લિંકનની સાથે ફરતા તબીબે તેમને ધીમેથી કહ્યું:

"આપ એ તરફ જવાનું માંડીવાળો એમ હું ઇચ્છું છું."

લિંકને પૂછ્યું, "કેમ વારુ ? એવું તે શું છે કે તમે મને તે તરફ જતો રોકી રહ્યા છો ?"

તબીબે જવાબ આપ્યો :

"એ કેદીઓ સામા પક્ષના છે."

"તો હું ત્યાં જવા માગું છું" લિંકને મક્કમપણે કહ્યું.

તરત જ લિંકન એ વૉર્ડમાં દાખલ થઈ ગયા.

ખાટલે ખાટલે ફરીને લિંકને બધા બીમાર કેદીઓ જોડે હાથ મિલાવીને ખબરઅંતર પૂછયા. લિંકનને મન એ દુશ્મનો ન હતા. પણ એમના જ સ્વજનો હતા તેમ તેઓ સમજતા હતા.

જતાં જતાં લિંકન લશ્કરના એક કર્નલના ખાટલા પાસે આવી પહોંચ્યા. એ સમયનું જે દશ્ય બન્યું તે આત્મીયતાના પ્રતીકરૂપ હતું.

લિંકન કર્નલના ખાટલા પાસે થોભ્યા અને પોતાનો હાથ તેમણે લંબાવ્યો. કર્નલ ચત્તોપાટ સૂતો હતો. અને તેના હાથ તેની છાતી પર હતા.

લિંકને જ્યારે હાથ લંબાવ્યો ત્યારે કર્નલે કહ્યું :

"આપ કોની જોડે હાથ મિલાવવા ઇચ્છો છો તેની આપને ખબર છે?"

"ના, હું નથી જાણતો." લિંકને કહ્યું.

ત્યારે કર્નલે કહ્યું : "ઠીક, ચાર વરસ સુધી જે આપની સામે સખતમાં સખત રીતે લડ્યો છે એવો સૈન્યનો કર્નલ આજે હૉસ્પિટલમાં છે અને તેની જોડે હાથ મિલાવવા તમે ઑફર કરી રહ્યા છો !"

લિંકને પ્રેમથી જવાબ આપ્યો : " એ બધું તો ઠીક છે. પરંતુ કર્નલ તેનો હાથ મારા હાથમાં મૂકવાનું નકારશે નહિ એની મને ખાતરી છે."

ગદ્‌ગદ્‌ બની ગયેલા કર્નલના મુખમાંથી શબ્દો સરી પડ્યા કે,

"ના, સાહેબ, હું આપની જોડે હાથ મિલાવવાનું કદી પણ નકારી શકું તેમ નથી."

બસ, આટલું કહેતાં જ લિંકને ફરીથી હાથ લંબાવ્યો ને કર્નલે હરખભેર લિંકનના બંને હાથ તેના હાથમાં ભીડી દીધા.

જનરલ મૅકલીનને પ્રમુખ લિંકને સર્વોચ્ચ લશ્કરી હોદ્દા પર નીમ્યો હતો. આ વાતને તેરેક દિવસ વીતી ગયા.

એક રાતે લિંકન તેમના વિદેશમંત્રી અને અંગત મંત્રી સાથે કોઈ કામ અંગે મૅકલીનને ઘેર ગયા.

દરવાજામાં ઊભેલા દરવાને કહ્યું: "જનરલ બહાર ગયા છે, તેઓ થોડા વખતમાં પાછા ફરશે."

લિંકન મંત્રીઓ જોડે અંદર ગયા ને જનરલની રાહ જોતા એકાદ કલાક સુધી બેસી રહ્યા.

મૅકલીન આવ્યો. દરવાને તેને કહ્યું : "પ્રમુખ લિંકન તથા મંત્રીઓ એકાદ કલાકથી રાહ જોઈ રહ્યા છે. તે બહારના ખંડમાં બેઠા છે."

દરવાનની વાત પર ધ્યાન ન આપતાં મૅકલીન સડસડાટ કરતો ઉપર ચાલ્યો ગયો.

અડધો કલાક થયો એટલે લિંકને નોકરને કહ્યું :

"ભાઈ, ઉપર જઈને મૅકલીનને કહો કે લિંકન ને તેના મંત્રીઓ તમને મળવા માટે ક્યારના રાહ જોઈ રહ્યા છે."

નોકર ગયો ને સંદેશો આપ્યો ત્યારે મૅકલીને કહ્યું : "જાઓ, જઈને કહો કે જનરલ સૂઈ ગયા છે !"

જે પ્રમુખે તેર દિવસ પહેલાં જ મૅકલીનને સર્વોચ્ચ લશ્કરી હોદ્દા પર નીમ્યો હતો. તે લિંકનનો અહેસાન ભૂલી જઈને ઉદ્ધતાઈ, બે અદબી અને અવિવેકભર્યો વર્તાવ બતાવી રહ્યો હતો !

આશ્ચર્યની વાત તો એ હતી કે પોતાનું આવું ઘોર અપમાન

કરનાર સામે અખૂટ ખામોશી રાખીને લિંકન ઝેરનો ઘૂંટડો પી ગયા.

એમનો મંત્રી આ જોઈને ખૂબ નવાઈ પામ્યો. રસ્તામાં તેણે મૅક્લીનના આવા અક્ષમ્ય વર્તાવનો લિંકન આગળ ઉલ્લેખ કરી દિલગીરી દર્શાવી અને કહ્યું :

"આ તો ખરેખર પ્રમુખનું ઘોર અપમાન થયેલું ગણાય !"

ત્યારે લિંકને જવાબ આપ્યો :

"અત્યારનો સમય વિગ્રહનો છે. તો આવા જોખમભર્યા સમયે અંગત માન-અપમાન કે પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઉઠાવવો એ સલાહભરેલું નથી."

આવા આવા તો અનેક પ્રસંગોમાં લિંકને અંગત માન-અપમાનની જરાયે પરવા કરી ન હતી. તેની તો એક જ ઇચ્છા હતી કે સંઘ રાજ્યને પાર ઉતારી દેવું.

આવા અપમાનના ઘૂંટડા પી જનાર પ્રમુખો દીવો લઈને શોધવા જતાં પણ ન મળે.

લિંકને તેમના મંત્રીને કહ્યું કે : "મને માન-અપમાનની પરવા નથી. પરંતુ જો મૅક્લીન વિજય મેળવી લાવે તો તેના ઘોડાની લગામ પકડીને ઊભા રહેવામાં મને શરમ નહિ આવે."

દેશ માટે સર્વસ્વ અર્પણ કરનારા પ્રમુખને ધન્ય છે !

● ● ●

વિચારોના યુદ્ધમાં પુસ્તકો જ શસ્ત્રો છે, પુસ્તકો મન માટે સાબુનું કામ કરે છે.

## ૨૧ ઝેરને અમૃત ગણ્યું

આંતરવિગ્રહના પ્રચંડ ઝંઝાવાતમાં દેશ અટવાઈ ગયો હતો. લિંકનને માટે જીવન-મરણનો પ્રશ્ન હતો.

સમુદ્રમંથન વખતે દેવ-દાનવ વચ્ચેના ગજગ્રાહમાં ભગવાન શંકરે હળાહળ ઝેર જગતના શ્રેય માટે આનંદભેર પીધું હતું. એ જ રીતે પ્રમુખ લિંકન પણ પોતાના દેશને આંધીમાંથી ઉગારવા ઝેરને અમૃત ગણી પી જતા.

લિંકન પોતાના આ ઉચ્ચ ધ્યેયને કાજે પોતાની જાતને સદંતર ભૂંસી નાખતા. પોતાના હુંપદનું સર્વથા વિસર્જન કરવા તત્પર રહેતા.

દેશની કટોકટીભરી પરિસ્થિતિ જોઈને લિંકને કેમેરોનને સ્થાને સ્ટેન્ટનને યુદ્ધમંત્રી તરીકે પોતાના પ્રધાનમંડળમાં લીધો.

પરંતુ આ સ્ટેન્ટન કોણ હતો ?

લિંકનનો અંગત ખૂબ કઠોર વિરોધી !

લિંકનને જો એવું લાગે કે, પોતાનો અંગત વિરોધી જોખમમાં મુકાયેલા રાષ્ટ્રને ઉપયોગી થઈ પડે એમ છે, તો પોતાના ઘોર અપમાનનો કડવો જ નહિ, ઝેરી ઘૂંટડો પણ સ્વસ્થતાથી અને જરાયે ક્ષોભ અનુભવ્યા વિના પ્રેમથી તે ગટગટાવી જતા.

લિંકન સ્ટેન્ટન સાથે ફક્ત બે જ વાર પરિચયમાં આવ્યા હતા.

સાત વરસ પહેલાં જ્યારે લિંકન વકીલાત કરતા હતા ત્યારે તે સ્ટેન્ટનને મળ્યા હતા. સ્ટેન્ટન યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રથમ પંક્તિનો વકીલ હતો.

એક મહત્ત્વના કેસમાં સ્ટેન્ટનને રોકવામાં આવ્યો હતો. લિંકનને

તેની મદદમાં આપવામાં આવ્યા હતા.

પરંતુ લિંકનના દીદાર અને તેમનો દેખાવ જોઈને સ્ટેન્ટને અદાલતમાં લિંકનની સાથે હાજર રહેવાની સાફ ના પાડી દીધી ! તેણે તોછડાઈથી કહ્યું :

"લાંબા લાંબા હાથવાળા આવા અણઘડ અને વાંદરા જેવા દેખાતા માણસ સાથે હું જોડાવા માગતો નથી !

ગૃહસ્થ જેવો દેખાતો મદદનીશ મને આ કેસમાં ન મળે તો હું છોડી દઈશ."

ભારે જહેમત ઉઠાવીને લિંકને એ કેસ તૈયાર કર્યો હતો, છતાં સ્ટેન્ટને તેમને પોતાના મદદનીશ તરીકે ન જ લીધા ! સ્વાભાવિક રીતે જ, તેની આવી અપમાનજનક વર્તણૂકથી લિંકનને ઘણું જ માઠું લાગ્યું. તેમણે ભારે નામોશી અનુભવી પણ થાય શું ? તેમણે આ કડવા પ્રસંગ વિશે કહ્યું હતું:

"સ્ટેન્ટને મારા પ્રત્યે દાખવ્યો એવો પાશવી વર્તાવ અગાઉ મેં કદી અનુભવ્યો નથી !"

બીજો પ્રસંગ લિંકન જ્યારે પ્રમુખ બન્યા ત્યારનો છે; તે વખતે સ્ટેન્ટને લિંકન વિશે કહ્યું હતું:

"એ અતિશય મૂઢ માણસ રાજવહીવટ ચલાવવાને બિલકુલ નાલાયક છે !"

લિંકન પ્રત્યેનો પોતાનો ભારે અણગમો વ્યક્ત કરતાં સ્ટેન્ટન કહેતો :

"અસલ ગોરીલાને જોવાને આફ્રિકા સુધી જવાની કશી જરૂર

નથી. લાંબા પગ કરીને તે વ્હાઈટ હાઉસમાં જ બેઠો છે.''

અધૂરામાં પૂરું સ્ટેન્ટન ખૂબ ઉગ્ર અને નિરંકુશ પ્રકૃતિનો તથા લડકણો પુરુષ હતો. કોઈનું પણ ક્યારેય ઘોર અપમાન કરતાં તે જરા પણ વિચાર કરતો નહિ. તેની તુમાખી, ઉદ્ધતાઈ અને જોહુકમી બહુ જ ભારે !

સ્ટેન્ટનની આવી બધી આડોડાઈ અને આપખુદી લિંકન બરોબર જાણતા હતા; પરંતુ તે પોતાનું કામ એટલું બધું અસરકારક રીતે અને નિષ્ઠાપૂર્વક કરતો હતો કે,

દૂઝણી ગાયની લાતની જેમ એ બધું સાંખી લેવા લિંકન તૈયાર હતા.

એટલે જ તેમણે પોતાના મિત્રને કહ્યું હતુંઃ ''મારો સઘળો ગર્વ દાબી દઈને, મારું બધું સ્વમાન બાજુએ મૂકીને સ્ટેન્ટનને યુદ્ધમંત્રી બનાવવા મેં નિશ્ચય કર્યો છે.''

અને સાચે જ, લિંકનની એ પસંદગી સૌથી વધારે યોગ્ય ડહાપણ ભરેલી અને સાર્થક નીવડી. જ્યારે દેશમાં આંતરવિગ્રહ વખતે લશ્કરમાં અને રાજકારભારમાં શિથિલતા પેસી ગઈ હતી, ત્યારે આવા જ માણસની ખાસ જરૂર હતી.

એ સ્થાન માટે સ્ટેન્ટને થોડા જ વખતમાં પોતાની યોગ્યતા પુરવાર કરી બતાવી. કામ કરવાની તેનામાં રાક્ષસના જેવી અથાક શક્તિ હતી.

યુદ્ધમંત્રી બન્યા પછી દિવસ-રાત યુદ્ધ કચેરીમાં જ તે પડ્યો પાથર્યો રહેતો, ભાગ્યે જ પોતાને ઘેર જતો. ખાવાપીવાનું અને સૂવાનું પણ તે કચેરીમાં જ રાખતો. તે પ્રવૃત્તિમય બની ગયો હતો.

શિથિલ, ચુસ્ત અને મોજીલા લશ્કરી અમલદારોને ચાબખા લગાવીને તેણે કામ કરતા કર્યા. પોતાની વિરલ કાર્યશક્તિ તેમજ દક્ષતાથી યુદ્ધસંચાલનમાં પ્રાણ પૂર્યા.

તેનો તાપ જીરવવાનું લશ્કરી અમલદારો માટે દુષ્કર બની ગયું. અને તેઓ બધા સફાળા કામ કરવા મંડી પડ્યા.

કામચોરો પણ સીધાદોર થઈ ગયા હતા. આમ તેણે બધું રાગે પાડી દીધું.

એકવાર અમુક લશ્કરી ટુકડીઓની હેરફેર કરવાનો હુકમ સ્ટેન્ટનને આપવા લિંકનને કહેવામાં આવ્યું. પ્રમુખનો લેખિત હુકમ લઈને તે માણસ સ્ટેન્ટનને મળવા યુદ્ધકચેરીએ ગયો.

તેણે પ્રથમ તો એ વાત સ્ટેન્ટનને મૌખિક કહી. તેણે પેલા માણસને તોછડાઈથી જણાવી દીધું: ‘‘હું કદી પણ એમ કરનાર નથી.’’

‘‘એટલે ?’’

‘‘પણ મારી પાસે પ્રમુખનો હુકમ છે એ તમે ભૂલી ન જતા.’’

એ સાંભળતાં સ્ટેન્ટન ગરજી ઊઠ્યો: ‘‘પ્રમુખે જો તમને એવો હુકમ આપ્યો હોય તો તે મૂર્ખનો સરદાર છે !’’

પેલો માણસ તો સ્તબ્ધ જ બની ગયો ! તે તરત જ લિંકન પાસે દોડી ગયો. તેણે બધી વાત્ત તેમને કહી. તેને પાકી ખાતરી હતી કે, પોતાને વિશે આવાં અપમાનજનક વેણ કાઢનાર ઉદ્ધત યુદ્ધમંત્રીને લિંકન ક્રોધે ભરાઈને એકદમ બરતરફ કરશે.

પણ એની ધારણા ખોટી ઠરી. તે માણસે જ્યારે લિંકનનું વલણ જોયું ત્યારે તે આભો જ બની ગયો.

પેલા માણસની બધી વાત શાંતિથી સાંભળીને લિંકન સ્વસ્થ અવાજે બોલ્યાઃ

"હું મૂરખનો સરદાર છું. એવું સ્ટેન્ટને કહ્યું હોય તો હું ખરેખર તેવો જ હોઈશ, કારણ કે સ્ટેન્ટન મોટે ભાગે સાચો જ હોય છે. હું હમણાં જઈને તેને મળું છું."

પછી તરત જ લિંકન યુદ્ધ-કચેરીએ ગયા. સ્ટેન્ટને તેમને સમજાવ્યું કે, તેમનો હુકમ ખોટો છે. અને લિંકને તરત જ એ હુકમ પાછો ખેંચી લીધો.

સમય સમયનું કામ કરે છે. તે મુજબ લિંકન સાથેનો પરિચય વધતાં સ્ટેન્ટન પણ લિંકન પ્રત્યે આદર અને માનની દૃષ્ટિએ જોતો થઈ ગયો.

આરંભમાં એકવાર લિંકનને 'અત્યંત મૂઢ' કહેનાર સ્ટેન્ટન જ્યારે હત્યારાની ગોળીથી વીંધાઈને પ્રમુખ લિંકન મરણશરણ થયા. ત્યારે યુદ્ધમંત્રી સ્ટેન્ટનના મુખમાંથી આપોઆપ આ પ્રમાણે ભાવોદ્‌ગારો નીકળ્યા હતા :

"દુનિયાએ ક્યારે પણ જોયો ન હોય એવો માનવીઓનો સૌથી પરિપૂર્ણ શાસક અહીંયાં પડ્યો છે. લિંકન તો હવે અમર થઈ ગયો."

● ● ●

જિંદગી છે એટલે જ ખુશી છે અને પરિશ્રમ છે તો જિંદગી છે.

## ૨૨ ગુલામોનો મુક્તિદાતા

આંતરવિગ્રહના પ્રચંડ અગ્નિમાં આહુતિઓ હોમાતી જતી હતી. પરંતુ તેમાં સંઘ રાજ્યનો વિજય નિશ્ચિત જણાતાં લિંકનના વિચારો ગુલામોની મુક્તિ તરફ વળ્યા. જીવનનું જે ધ્યેય હતું, જે બજારમાં તેમણે ગુલામોનો વેપાર થતો જોયો હતો તેમની મુક્તિ માટે લિંકને કદમ બઢાવ્યા.

એ અરસામાં લિંકને પોતાના એક મિત્રને પત્ર લખ્યો તેમાં લખ્યું હતું કે :

"ગુલામીની પ્રથા જો ખરાબ ન હોય; તો આ દુનિયામાં બીજું કશું જ ખરાબ નથી."

લિંકન દૃઢપણે માનતા હતા કે, ગુલામી નૈતિક અનિષ્ટ હોવા ઉપરાંત સાચા પ્રજાતંત્રની પણ વિઘાતક છે.

એટલે જ તેમણે કહ્યું છે: "હું ગુલામ ન થાઉં તે જ રીતે હું માલિક પણ ન બનું - એ સૂત્ર મારી પ્રજાતંત્રની કલ્પના વ્યક્ત કરે છે. જે એનાથી ભિન્ન છે તે તેની ભિન્નતાના પ્રમાણમાં પ્રજાતંત્ર નથી."

આથી વિજય મળ્યા પછી સંઘ રાજ્યની પુનર્ઘટના કરવા પહેલાં, જેને લીધે યુનાઈટેડ સ્ટેટ્સની એકતા જોખમાઈ અને પરિણામે દેશમાં લોહીની નદી વહી, એવી ગોઝારી ગુલામીની અનિષ્ટ અને પ્રજાતંત્રની વિઘાતક પ્રથાને નાબૂદ કરવાનો તેમણે દૃઢ સંકલ્પ કર્યો.

આ મુજબ યુદ્ધનો અંત આવે તે પહેલાં જ એક જાહેરનામું બહાર પાડી લિંકને ગુલામોને સદાને માટે મુક્ત કર્યા.

એ પુનિત દિવસ હતો ૧લી જાન્યુઆરી ૧૮૬૩નો.

નવા વરસના દિવસે સવારે પ્રમુખના વાર્ષિક સ્વાગતસમારંભમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ, પાટનગરના સંભાવિત ગૃહસ્થો અને બીજા ઘણા લોકો હાજરી આપવા આવ્યા હતા. 'વ્હાઈટ હાઉસ'નું આખુંયે વિશાળ કમ્પાઉન્ડ માનવ મેદનીથી ખીચોખીચ ભરાઈ ગયું હતું.

એ બધા મહેમાનોની સાથે હસ્તધૂનન કરતાં પ્રમુખ એબ્રહામ લિંકનને પૂરા ત્રણ કલાક લાગ્યા હતા ! એ સતત શ્રમથી તેમના હાથની આંગળીઓ પણ થાકી ગઈ અને જડ તથા અક્કડ બની ગઈ હતી.

ત્યાર બાદ લિંકન એકલા પોતાની કચેરીમાં બેસી ગયા.

ઢંઢેરાના દસ્તાવેજને ટેબલ પર તેમની આગળ ખુલ્લો કરવામાં આવ્યો.

કલમ શાહીમાં બોળી પ્રમુખે તેને હવામાં ઊંચી કરી. પછી આસપાસ નજર ફેરવીને લિંકને ધીર-ગંભીર અવાજે કહ્યું :

"હું સાચું કરી રહ્યો છું, એવું આ દસ્તાવેજ પર સહી કરતી વખતે મને લાગે છે એટલું નિશ્ચિતપણે મારા જીવનમાં મને કદી પણ લાગ્યું નથી.

"પરંતુ આજે સવારે મને એટલા બધા માણસોને મળવાનું તથા તેમની સાથે હસ્તધૂનન કરવાનું થયું છે કે મારો હાથ અક્કડ થઈ ગયો છે. એ જૂઠો પડી ગયો છે.

"હવે આ એવી સહી છે, જેની ઝીણવટપૂર્વક ચકાસણી કરવામાં આવશે અને તેમને મારો હાથ થથરી ગયેલો દેખાશે તો તેઓ કહેશે તેના દિલમાં કંઈ ખટકો હતો. પણ તેમ છતાં સહી તો કરવી જ રહી."

અને પછી ગુલામોની મુક્તિના ઢંઢેરાની નીચે ધીમેથી અને

કાળજીપૂર્વક તેમણે 'એબ્રહામ લિંકન' એવું મોટા અક્ષરે પોતાનું નામ લખ્યું.

અવકાશમાં એ ઢંઢેરાના અમર શબ્દો ગૂંજી રહ્યા.

"ગુલામો તરીકે રાખવામાં આવેલા સઘળા માણસો મુક્ત છે અને હવે પછી મુક્ત રહેશે."

હવે માનવી કોઈનો નથી ગુલામ !

● ● ●

મૂર્ખતા ભરેલી નિંદા અવશ્ય ખરાબ છે, પરંતુ અતિશયોક્તિ ભરેલી પ્રશંસા પણ એટલી જ તિરસ્કારને પાત્ર છે.

## ૨૩ આડંબર વિનાનું સ્વાગત

દક્ષિણની રાજધાની રિચમંડ થોડા વખતમાં પડ્યું અને સૈન્યનો સેનાપતિ જનરલ પી બચ્યાખુચ્યા સૈનિકોને લઈને ભાગી છૂટ્યો.

લિંકન રિચમંડની મુલાકાતે ગયા. લોકોએ લિંકનને જોયા એટલે હરખઘેલા બની તેમના સ્વાગતની તૈયારીમાં લાગી ગયા.

પરંતુ લિંકને સૂચના આપી દીધી કે વિજયનો સમારંભ જરા પણ આડંબર વિના ઊજવવો જોઈએ. સ્વાગત વખતે સલામીમાં તોપોનો અવાજ નહિ. પણ દેશભક્તિના નારા ગજાવવા જોઈએ. આડંબર વિનાનું સ્વાગત એ જ સાચું સ્વાગત છે.

આશ્ચર્યની વાત તો એ હતી કે પ્રમુખ લિંકને પહેલેથી કોઈને પણ જાણ કરી ન હતી. અને પોતે પદયાત્રા કરીને રિચમંડમાં દોડી ગયા હતા.

પાટનગરની પાસે એક દ્રાક્ષની વાડી હતી અને તેમાં હબસી ગુલામો કામ કરતા હતા. જ્યારે તેમને પોતાના મુક્તિદાતા આવ્યાની જાણ થઈ ત્યારે તેઓના આનંદનો પાર ન રહ્યો !

તરત જ બધા કામ પડતું મૂકીને દોડી ગયા.

તેમાં એક વયોવૃદ્ધ હબસી હતો. તેણે લિંકનને જોયા એટલે તે બોલી ઊઠ્યોઃ

“પ્રભુનો ઉપકાર માનો ! અને મહાન પેગંબરને જુઓ. એ જ આપણો મુક્તિદાતા છે - ભગવાન છે ! મેં એ મહાત્માને જોયા એટલે તરત જ તેમને ઓળખી લીધા છે. ઘણાં વરસથી મારા હૈયામાં તેઓ બિરાજમાન છે. છેવટે તે આવ્યા ને તેમનાં સંતાનોને બંધનોમાંથી મુક્ત કર્યાં છે !”

આટલું બોલીને વૃદ્ધ લિંકનને પગે પડ્યો અને તેમના ચરણ ચૂમી લીધા. બીજા હબસીઓએ પણ એ પ્રમાણે કર્યું.

આ જોઈને લિંકન ખૂબ ક્ષોભ પામ્યા ને બોલ્યાઃ "મહેરબાની કરીને તમે મારા ચરણસ્પર્શ ન કરો. એ ઠીક નથી. ઘૂંટણિયે પડવું એ તો માત્ર ઈશ્વરની આગળ જ હોય. હું તો પામર મનુષ્ય છું. મેં તો મારી ફરજ અદા કરી છે. હવે પછી જે સ્વતંત્રતા તમે ભોગવશો તે માટે મારો નહિ પણ પ્રભુનો ઉપકાર માનો.

"હું તો ઈશ્વરનું મામૂલી સાધનમાત્ર છું. પરંતુ હું તમોને ખાતરી આપું છું કે હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી તમારા અંગ ઉપર ગુલામીની જંજીર કોઈ પણ નાખી નહિ શકે અને આ પ્રજાતંત્રના બીજા પ્રત્યેક સ્વતંત્ર નાગરિકને જે હક્કો બક્ષ્યા છે તે બધા તમને પણ મળશે."

જોતજોતામાં ત્યાં તો હબસીઓનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં. પોતાના તારણહાર પિતા લિંકનની આસપાસ વીંટળાઈ વળીને તેઓ નાચવા-કૂદવા લાગ્યા.

લિંકન પાસે સમય ઓછો હતો. પ્રચંડ ટોળું તેમને ઘેરી વળ્યું હતું. એટલે તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ હતું. એટલે તેમણે હાથ ઊંચો કર્યો. ક્ષણવારમાં તો બધા શાંત થઈ ગયા.

પછી લિંકને તેઓને સંબોધીને કહ્યું :

"મારા પ્યારા ગરીબ બંધુઓ, તમે સ્વતંત્ર છો. વાયુ જેટલા મુક્ત ને સ્વતંત્ર છો. હવે 'ગુલામ' શબ્દને સદાને માટે ભૂલી જજો. 'ગુલામ' શબ્દને તમારા પગ નીચે ચગદી નાખો. હવે ગુલામી તમને સ્પર્શી પણ નહિ શકે. હવે તમે સંપૂર્ણ આઝાદ છો."

સ્વતંત્રતા એ તમારો જન્મસિદ્ધ હક છે. જે બીજાઓની જેમ

તમને ઈશ્વરે બક્ષ્યો છે. આટલાં બધાં વરસો સુધી તમે આઝાદીથી વંચિત રહ્યા એ મહા પાપ હતું.

"હવે તમારે પણ એ અમોલા વરદાનને લાયક થવા પ્રયત્ન કરવા જોઈએ. દુનિયાને જાણવા દો કે, તમે એને લાયક હતા. તમે એવાં કામ કરજો કે તમારી આઝાદી સદાકાળ ટકી રહે.

"કાયદા જાણો અને તેનું ચુસ્તપણે પાલન કરો. પ્રભુની આજ્ઞાઓનું પણ પાલન કરો. જેણે તમને સ્વતંત્રતા બક્ષી છે તે પ્રભુનો પાડ માનો. હવે મને આગળ જવાની રજા આપો. મારી પાસે સમય બહુ ઓછો છે."

યુવાનીમાં તેમણે જે દૃઢ સંકલ્પ કર્યો હતો અને જેને માટે તેઓ જીવનભર ઝઝૂમતા રહ્યા તેને છેવટે પરિપૂર્ણ થયેલો જોઈને તેઓ સંતોષ અનુભવવા લાગ્યા. ઍબ્રહામ લિંકન એ સિદ્ધિ માટે ઈશ્વરને યશ આપતા. નમ્રભાવે હબસીઓના પ્રેમના પ્રવાહમાંથી માર્ગ કાઢતા આગળ વધ્યા.

● ● ●

જેના હૃદયમાં હંમેશા પરોપકારની ભાવના રહે છે એની મુશ્કેલીઓ દૂર થઈ જાય છે અને પગલે પગલે ધનની પ્રાપ્તિ થાય છે.

૧૮૬૦નું વર્ષ શરૂ થયું. એ પ્રમુખની ચૂંટણીનું વર્ષ હતું. પરંતુ આ વખતની ચૂંટણી ભારે રસાકસીભરેલી હતી. કોણ પ્રમુખ બનશે ? આ બાબતમાં ભિન્ન ભિન્ન ચર્ચાઓ થતી હતી. આ વખતે આંતરવિગ્રહ છેલ્લા તબક્કામાં હતો.

ઍબ્રહામ લિંકનને તેમના પક્ષે ફરી ઉમેદવારી નોંધાવવાનો આગ્રહ કર્યો. જોકે લિંકન અંતરથી માનતા હતા ખરા કે દેશને હેમખેમ પાર ઉતારવા માટે, બધે સુલેહશાંતિ સ્થાપવા માટે, ભાઈચારો ફેલાવવા જો પોતે પ્રમુખના હોદ્દા પર ચાલુ રહે તો સારું.

રાજકારણીઓ લિંકન પ્રમુખ ન બને એમ ઇચ્છતા હતા, કારણ કે તેમનું મનસ્વી વર્તન લિંકન જરા પણ ચલાવી લે તેમ ન હતા.

લિંકનને જબ્બર હાર અપાવવા તનતોડ પ્રયત્નો કરી રહ્યા હતા. એમના વિરોધીઓ તો તેમની હત્યા કરી રસ્તામાંથી કાંટો દૂર કરવાની તક શોધતા હતા. ક્યારે તક મળે ને લિંકનને ઉડાવી દેવાય એવી વેતરણમાં તેઓ હતા.

પરંતુ દુશ્મનોનાં હથિયાર હેઠાં પડી જતાં. કારણ કે લિંકન પ્રજાજનોમાં ઘણા લોકપ્રિય બની ગયા હતા. લોકો તેમને પિતાતુલ્ય પુણ્યપુરુષ માનતા હતા. સૈનિકો પણ તેમને પિતા જ ગણતા હતા.

તેઓની લોકપ્રિયતા ઘણી જ વધી ગઈ હતી.

એકવાર આયોવાના એક ખેડૂત પાસે ‘ચીકાગો ટ્રિબ્યૂન’ના તંત્રીનો ભેટો થઈ ગયો. તંત્રીને લિંકનની લોકપ્રિયતા વિષે જાણવું હતું. લિંકનની કેવી સ્થિતિ છે ને તેમને કેવો સહકાર મળશે એ જાણી લેવું હતું. એટલે તેમણે ખેડૂતને પૂછ્યું.

"તમારા આયોવામાં લિંકન ક્યાં ઊભા છે તે બતાવી શકશો ?'

ખેડૂતે કહ્યું :

"અરે, સાહેબ ! તમે વૃદ્ધ ઍબ વિષે જાણશો એટલું ઓછું છે. તેઓ યુનાઈટેડ સ્ટેટ્સના બીજા કોઈ પણ પુરુષ કરતાં સત્તર ફૂટ ઊંચા છે ! એમને જરાયે આંચ આવે તેમ નથી. એ મહાન છે."

તંત્રીએ સૈન્યના નવજવાનોને પૂછ્યું ત્યારે નવજવાનો એક અવાજે તેમના પિતા ઍબ્રહામના સર્વથા પક્ષકાર જ હતા. સૈનિકો તેમનાં સગાંસંબંધીઓને પત્ર લખતા તો પણ તેમાં એક જ વાત લખતા કે ઍબ્રહામની અપાર માયામમતા, સહાનુભૂતિ અને સમભાવની તારીફ કરીએ તેટલી ઓછી છે.

આ રીતે લિંકનની લોકપ્રિયતા દેશને ખૂણે ખૂણે ને ઘેર ઘેર પહોંચી ગઈ હતી. આમ લિંકને લોકહૈયામાં અવિચળ સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

એકવાર રજા ઉપર ઊતરેલા એક સૈનિકને સવાલ પૂછવામાં આવ્યો: "લિંકન ફરીથી પ્રમુખ તરીકે ચૂંટાય એમ તમે સૈનિકો ઇચ્છો છો ખરા ?"

એ જવાને બેધડક જવાબ આપ્યો: "કેમ વળી ! બધા સૈનિકો એમ ઇચ્છે છે કે આ લડાઈનું કામ પાર પાડવાને અમે ફરીથી ભરતી થયા હતા અને વૃદ્ધ ઍબે પણ એ અધૂરું રહેલું કામ પૂરું કરવા ફરીથી ભરતી થવું જોઈએ.

"તેમણે અમને ભરતી કર્યા હતા અને તેઓ અમને પાછા વિખેરી નાખે ત્યાં સુધી. હાલ તેઓ છે ત્યાં ન રહે તો અમારું આવી જ બન્યું સમજો."

આખરે ભારે રસાકસી અને તાણ વચ્ચે ચૂંટણી પતી ગઈ. લોકશાહીનો વિજય થયો ને લિંકન વિજયી ઘોષિત થયા. તેઓ પ્રમુખ તરીકે બીજીવાર ચૂંટાઈ આવ્યા. જનતાએ પોતાના લોકલાડીલા નેતાને હર્ષોલ્લાસથી વધાવી લીધા.

ખંત, નિષ્ઠા ને પ્રામાણિકતાપૂર્વક જનતાની સાચા દિલથી સેવા કરનાર સમાજસેવકની પ્રજા કદર કર્યા વિના રહેતી નથી.

એ રીતે લિંકને જે સેવાઓ કરી તેનો બદલો જનતાએ વાળી આપ્યો ને પ્રચંડ બહુમતીથી પોતાના નેતાના શિરે તાજ ચઢાવી દીધો.

● ● ●

ઇન્દ્રિયોથી વધુ સૂક્ષ્મ મન છે, મનથી વિશેષ સૂક્ષ્મ બુદ્ધિ છે. બુદ્ધિથી વધુ સૂક્ષ્મ આત્મા છે. આ આત્મા જ સર્વસ્વ છે.

## ૨૫ હત્યારો કોણ ?

રાજકારણમાં વધુ લોકપ્રિયતાનો અંત હત્યામાં જ ફેરવાઈ જાય છે એ તો પરંપરાગત રીતે ચાલતું આવ્યું છે ને તેનાં અનેક ઉદાહરણો ઇતિહાસના પાને અંકિત થયેલાં છે.

૯મી એપ્રિલ ૧૮૬૫ના રોજ વરસોથી ચાલતા આંતરવિગ્રહનો અંત આવ્યો. સેનાપતિ જનરલ લીએ શરણાગતિ સ્વીકારી લીધી.

આખા દેશમાં ઠેર ઠેર આનંદ આનંદ પ્રવર્તી રહ્યો. લિંકને રાહતની લાગણી અનુભવી. તેઓ કહેતા :

''કોઈના ઉપર પણ વિજય મેળવવામાં મને જરા પણ આનંદ આવતો નથી.''

આવા મહામાનવને સામાન્ય વિજેતાની પેઠે હારેલા પક્ષ સામે વેરની વસૂલાત કરવાની પાશવી તરસ ક્યાંથી હોય ?

લિંકન કહેતા કે,

''વેર વેરથી શમતું નથી. પણ પ્રેમથી શમે છે.'' લિંકનના હૃદયમાં દક્ષિણના લોકો માટે અતૂટ પ્રેમ, સહાનુભૂતિ અને સમભાવ એવાં જ હતાં. લિંકન સુલેહ કરવા આતુર હતા. પ્રજાના શરીર પર પડેલા કારમા ઘા રૂઝવવાના વિચારો લિંકનને આવવા લાગ્યા. બીજીવાર પ્રમુખ થયા તે વખતે તેમણે કરેલા સંબોધનમાં પ્રજા જોગ જણાવ્યું હતું કે :

''કોઈના પ્રત્યે પણ કશા દ્વેષભાવ વિના અને સૌના પ્રત્યે ક્ષમાભાવ ને ઉદારતાથી તથા ઈશ્વરે આપણને આપેલી દૃષ્ટિથી જે સત્ય લાગે તેને આપણે પૂરું કરીએ.

"આપણે પ્રજાના ઘા રૂઝવીએ, સૈનિકોની વિધવાઓ અને તેમનાં અનાથ બાળકોની સંભાળ લઈએ, જેથી આપણી વચ્ચે અને બીજી બધી પ્રજાઓમાં પણ કાયમી તથા ન્યાયી શાંતિ પ્રવર્તે. તે બધું આપણે કરીએ !"

પરિણામ એ આવ્યું કે ખુનામરકી અટકી અને ભાઈ ભાઈ વચ્ચે સુલેહસંપ પેદા થયેલો જોઈને લિંકનના હૃદયનો ભાર હળવો થઈ ગયો. એમનાં સેવેલાં સ્વપ્ન સાકાર બની ગયાં.

૧૪મી એપ્રિલની સાંજે લિંકન અને મૅરી ફરવા નીકળ્યાં હતાં. અને ભાવિ યોજનાઓની વાતો કરતાં હતાં.

લિંકને મૅરીને કહ્યું: "વૉશિંગ્ટન આવ્યા ત્યારથી આપણે કપરા દિવસો વિતાવ્યા છે, પણ હવે તો યુદ્ધનો અંત આવી ગયો છે. અને પ્રભુકૃપાથી શાંતિ અને સુખનાં ચાર વરસોની આપણે આશા સેવી શકીએ.

"પછી આપણે આપણા વતનમાં પાછાં ફરીશું અને શેષ જીવન શાંતિમાં વિતાવીશું.

"હું મારો જૂનો વકીલાતનો ધંધો શરૂ કરી દઈશ. અને આપણા સંસારનું ગાડું ગબડતું રહેશે."

એ જ રાતે નાટક જોવા માટેનો એક કાર્યક્રમ યોજાયો હતો, ને લિંકનને ખાસ આમંત્રણ અપાયું હતું.

જો કે નાટક જોવા જવાની લિંકનને જરાય ઇચ્છા ન હતી. પરંતુ કિસ્મત તેમને ખેંચી ગયું, કારણ કે એ ભૂમિ તેમને પોકારતી હતી.

લિંકન બુથ ફોર્ડ થિયેટરમાં ગયા. પ્રેક્ષકોએ તેમને હર્ષભેર વધાવી લીધા. લિંકને સૌનાં અભિવાદન ઝીલ્યાં ને બધાને વંદન કર્યાં.

નાટકની શરૂઆત થઈ ગઈ. બધા લોકો નાટક જોવામાં મશગૂલ બની ગયા હતા.

એવામાં એકાએક પ્રચંડ ધડાકો થયો.

થિયેટરમાં આવો ભયંકર ધડાકો થતાં સૌના જીવ તાળવે ચોંટી ગયા.શું બન્યું એની કોઈને ખબર ન પડી.

ત્યાં તો મૅરીએ કારમી ચીસ પાડીઃ

"પ્રમુખ પર કોઈએ ગોળી છોડી છે !"

એ સાંભળીને પ્રેક્ષકોમાં અરેરાટી ફેલાઈ ગઈ !

મૅરી તો હૈયાફાટ આક્રંદ કરવા લાગી.

સર્વત્ર હાહાકાર મચી ગયો. નાટક નાટકને ઠેકાણે રહી ગયું. તરત જ સૈનિકો આવી પહોંચ્યા. પ્રમુખ લિંકન બેભાન બનીને ખુરશી પર ઢળી પડ્યા હતા.

ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. હત્યારાએ લિંકનના માથાના પાછલા ભાગ પર બરાબર તાકીને ગોળી મારી હતી. સીસાની ગોળી લિંકનના માથાના પાછલા ભાગની ડાબી બાજુએ તેમના ડાબા કાનથી ત્રણ ઇંચને અંતરે તેમના મગજમાં પેસી ગઈ હતી.

માનવપ્રેમી લિંકનના જીવનનો અંત આવી ગયો. પણ તેમનો હત્યારો કોણ હતો ?

જહોન વિલ્ફેસ સ્મિથ તેના જમાનાનો બેસુમાર લોકપ્રિય રંગમંચ અભિનેતા હતો. જેના પર તેના હજારો પ્રશંસકો જાન લડાવી દેતા હતા. રોજેરોજ તેને પોતાના પ્રશંસકોના ઢગલાબંધ પત્રો મળતા હતા. વાસ્તવમાં બૂથ ફોર્ડ થિયેટરના દરેક ખૂણેખૂણાથી તે પરિચિત

હતો. સંરક્ષણ કર્મચારીઓ સાથે એના મૈત્રીભર્યા સંબંધો હતા જેના કારણે એને સુરક્ષા વ્યવસ્થાઓને પાર કરીને લિંકનને ગોળી મારવાનો મોકો મળી ગયો હતો.

બેભાન પડેલા લિંકનને નજીકના એક મકાનમાં ખસેડવામાં આવ્યા. આખી રાત ડૉક્ટરોએ બેસીને સારવાર કરી પુણ્યપુરુષના પ્રાણ બચાવવાના તનતોડ પ્રયત્નો થયા. પરંતુ તૂટી તેની બૂટી નહિ તે મુજબ વહેલી સવારે સાત વાગ્યે તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું ! એ ગોઝારો દિવસ હતો ૧૫મી એપ્રિલ, શનિવાર ૧૮૬૫નો. એ વખતે ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. જાણે કુદરતે પણ પનોતા પુત્રની ચિરવિદાયમાં આંસુરૂપી અમીછાંટણાં કર્યાં હતાં. એક વખતનો દુશ્મન બનેલો યુદ્ધમંત્રી સ્ટેન્ટન બોલી ઊઠ્યો :

"લિંકન હવે તો અમર બની ગયા."

તેમના અંગત મંત્રીએ કહ્યું: "લિંકન મૃત્યુ પામ્યા છે છતાં પણ તેમના ચહેરા પર અનેરું તેજ છવાયેલું છે."

લિંકનના મૃત્યુના સમાચારે આખા દેશને અશ્રુ સારતો કરી દીધો.

આ દુઃખદ સમાચાર આખા દેશમાં ને દુનિયામાં ફેલાઈ ગયા. બધા જ શોકમગ્ન બની ગયા.

સંત સમા મહાત્મા ટૉલ્સટૉયે લિંકનને શ્રદ્ધાંજલિ અર્પતાં કહ્યું છે કે :

"લિંકન લઘુ સ્વરૂપે ઈશુ ખ્રિસ્ત હતો, માનવજાતનો સંત હતો અને એનું નામ ભાવિ પેઢીઓની લોકકથાઓ તેમજ પુરાણકથાઓમાં ચિરંજીવી બની રહેશે.

"આપણે હજી તેની મહત્તાની એટલા બધા નજીક છીએ કે, તેની દૈવી શક્તિઓ આપણે ભાગ્યે જ સમજી શકીએ એમ છીએ. પણ થોડી સદીઓ બાદ આપણી ભાવિ પેઢીઓને, આપણને તે લાગે છે તેના કરતાં ઘણો જ મહાન લાગશે.

"આ મહામાનવ લિંકનને આપણાં ભાવભર્યાં વન્દન હજો !"

આજના યુગમાં મહામાનવ એબ્રહામ લિંકનનું જીવન દીવા-દાંડી રૂપ બની રહ્યું છે. એના જીવનના આદર્શોનું પાલન કરાય તો બેડો પાર થઈ જાય !

● ● ●

જીવનનું રહસ્ય છે નિઃસ્વાર્થ સેવા. જીવવું એટલે મોજ નહિ, ખાવું, પીવું, નાચવું નહિ; પણ ઈશ્વરની સ્તુતિ કરવી અર્થાત્ માનવજાતિની સાચી સેવા કરવી એ છે.

# LETTER TO HEADMASTER BY ABRAHAM LINCOLN

Abraham Lincoln, the 16th President of the United States of America (1861-1865), is one of the world's great statesmen for all time. His remarkable literary artistry, his profound sense of the importance of Government by, for and of the people and the manner of his life and death have carved for him a niche in history. Here is a letter written by Abraham Lincoln to the Headmaster of a school in which his son was studying, a letter so typical of the man who bore malice towards none and had charity for all.

This letter will be read with interest by teachers and students.

"He will have to learn, I know, that all men are not just, all men are not true. But teach him also that for every scoundrel there is a hero; that for every selfish politician, there is a dedicated leader ... Teach him that for every enemy, there is a friend. It will take time, I know; but teach him, if you can, that a dollar earned is of far more value than five found.... Teach him to learn to lose... and also to enjoy winning. Steer him away from envy, if you can. Teach him the secret of quiet laughter. Let him learn early that the bullies are the easiest to lick .... Teach him, if you can, the wonder of books ... but also give him quiet time to ponder over the eternal mystery of birds in the sky, bees in the sun, and flowers on green hillside.

"In school teach him it is far more honourable to fail than to cheat... Teach him to have faith in his own ideas, even if everyone tells him they are wrong.. Teach him to be gentle with gentle people and tough with the tough. Try to give my

with gentle people and tough with the tough. Try to give my son the strength not to follow the crowd when everyone is getting on the band wagon. Teach him to listen to all men... but teach him also to filter all he hears on a screen of truth and take only the good that comes through.

"Teach him, if you can, how to laugh when he is sad... Teach him there is no shame in tears. Teach him to scoff at cynics and to beware of too much sweetness.. Teach him to sell his brawn and brain to the highest bidders; but never to put a price tag on his heart and soul. Teach him to close his ears to a howling mob... and to stand and fight if he thinks he's right.

"Treat him gently; but do not cuddle him because only the test of fire makes fine steel. Let him have the courage to be impatient... let him have the patience to be brave. Teach him always to have sublime faith in himself because then he will always have sublime faith in mankind.

"This is a big order; but see what you can do.. He is such a fine little fellow, my son."

વાતો કરવી સહેલી છે, વર્તનમાં ઉતારવું અઘરું છે.
દુનિયાને પ્રેમ કરવાનું સહેલું છે, પાડોશીને ચાહવાનું અઘરું છે
વિશ્વશાંતિ માટે સરઘસો કાઢવાનું, ભાષણો કરવાનું સહેલું છે
ઘરનાં સભ્યો સાથે સુમેળથી રહેવાનું અઘરું છે.

સમાનતા અને ભ્રાતૃભાવનો ઝંડો ફરકાવવાનું સહેલું છે
ઘરના નોકરોને ભાઈમાની સન્માનપૂર્વક પડખે બેસાડવાનું અઘરું છે
તકલીફમાં કટુ થઈ જવાનું સહેલું છે, સૌંદર્ય જોઈ શકવાનું અઘરું છે

બીજાઓએ શું કરવું જોઈએ, તે કહેવાનું સહેલું છે
અમારે જે કરવું જોઈએ, તે કરવાનું અઘરું છે
ઇચ્છાઓ પૂરી થાય ને ધારણા કરતાં ઘણું વધારે મળે
ત્યારે તારો આભાર માનવાનું સહેલું છે
ઇચ્છા–આશા તૂટી પડે ને ધારેલું બધું ધૂળમાં મળે
ત્યારે એમાં તારો પ્રેમ જોવાનું અઘરું છે.

પરમાત્મા,

અમને એ દૃષ્ટિ આપો કે અમે સહેલા ને અઘરા
વચ્ચેનો ભેદ પારખી શકીએ.

અમને એ શક્તિ આપો કે અમે અઘરી વાટે
ચાલી શકીએ

( 'પરમ સમીપે' માંથી )